અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૨ જાન્યુઆરી ૨૦૨૫, ગુરુવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, પોષ સુદ ૩ | અંક : ૧૮૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### નવા વર્ષના પ્રથમ દિવસે LPG ગ્રાહકોને રાહત

# ૧૯ કિલો કોમર્શિયલ ગેસ સિલિન્ડરમાં ૧૪.૫૦ રૂપિયાનો ઘટાડો

## છેલ્લી વખત ઘરેલું એલપીજી સિલિન્ડરની કિંમતમાં ઘટાડો માર્ચ ૨૦૨૪માં હોળી પહેલા જોવા મળ્યો હતો, ઓઈલ કંપનીઓ મહિનાની પહેલી તારીખે ગેસ સિલિન્ડરના ભાવ અપડેટ કરે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

નવા વર્ષના પહેલા દિવસે મોટી રાહતના સમાચાર આવ્યા છે. જુલાઈ પછી પહેલીવાર દેશમાં ગેસ સિલિન્ડરની કિંમતમાં ઘટાડો થયો છે. વાસ્તવમાં આ ઘટાડો કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં જોવા મળ્યો છે. જેમાં નજીવો ઘટાડો જોવા મળ્યો છે. બીજી તરફ ઘરેલું ગેસ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ૧૯ કિલો કોમર્શિયલ ગેસ સિલિન્ડરમાં ૧૪.૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે.



છેલ્લી વખત ઘરેલું એલપીજી સિલિન્ડરની કિંમતમાં ઘટાડો માર્ચ ૨૦૨૪માં હોળી પહેલા જોવા મળ્યો હતો. દેશની ઓઈલ કંપનીઓ મહિનાની પહેલી તારીખે ગેસ સિલિન્ડરના ભાવ અપડેટ કરે છે. IOCLના ડેટા અનુસાર, ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. દેશના ચાર મહાનગરોમાં રહેતા લોકોએ એ જ કિંમત ચૂકવવી પડશે જે છેલ્લે ૯ માર્ચ, ૨૦૨૪ના રોજ અપડેટ કરવામાં આવી હતી. ત્યારબાદ તેલ કંપનીઓ દ્વારા ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમતમાં ૧૦૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. જે બાદ એલપીજી ગેસ સિલિન્ડરની કિંમત દિલ્હીમાં ૮૦૩ રૂપિયા, કોલકાતામાં ૮૨૯ રૂપિયા, મુંબઈમાં ૮૦૨.૫૦ રૂપિયા અને ચેન્નાઈમાં ૮૧૮.૫૦ રૂપિયા થઈ ગઈ છે.બીજી તરફ કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં લગભગ ૬ મહિના બાદ ઘટાડો જોવા મળ્યો છે. દેશની રાજધાની દિલ્હીમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં ૧૪.૫ રૂપિયાનો ઘટાડો થયો છે અને તે ૧,૮૦૪ રૂપિયા થઈ ગયો છે. કોલકાતામાં ૧૬ રૂપિયાનો ઘટાડો થયો છે અને કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત ૧,૯૧૧ રૂપિયા થઈ ગઈ છે. મુંબઈમાં ૧૫ રૂપિયાના ઘટાડા બાદ કિંમત ૧,૭૫૬ રૂપિયા થઈ ગઈ છે. જ્યારે ચેન્નાઈમાં ૧૪.૫ રૂપિયાનો ઘટાડો જોવા મળ્યો છે અને કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત ૧,૯૬૬ રૂપિયા જોવા મળી રહી છે.

આ પહેલા કોમર્શિયલ ગેસ સિલિન્ડર ૫ મહિના એટલે કે જુલાઈથી લઈને ડિસેમ્બર સુધી સતત મોંઘું થઈ રહ્યું હતું. દિલ્હીમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં ૧૭૨.૫ રૂપિયાનો વધારો જોવા મળ્યો હતો. જ્યારે કોલકાતા અને ચેન્નાઈમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં ૧૭૧ રૂપિયાનો વધારો થયો હતો. જ્યારે મુંબઈમાં ભાવમાં સૌથી વધુ ૧૭૩ રૂપિયાનો વધારો થયો હતો. નિષ્ણાતોનું માનીએ તો આગામી દિવસોમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડર અને ઘરેલું ગેસ સિલિન્ડરની કિંમતોમાં ઘટાડો થઈ શકે છે.

### જમીનની ફાળવણી બાદ CPWD સાથે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવશે

## પૂર્વ પીએમ મનમોહન સિંહના સ્મારક બનાવવા માટે પરિવારને કેટલાક વિકલ્પો આપ્યા

**આ ટ્રસ્ટ સ્મારક નિર્માણનું આયોજન અને ત્યારપછીની તમામ પ્રવૃત્તિઓની દેખરેખ કરશે પરિવારે હજુ સુધી કોઈ ચોક્કસ સ્થળ અંગે કોઈ નિર્ણય નથી લીધો**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

ભારત સરકારે પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના સ્મારક બનાવવા માટે પરિવારને કેટલાક વિકલ્પો આપ્યા છે. આ વિકલ્પોમાં નેશનલ મેમોરિયલ સાઈટ સહિત અન્ય કેટલાક સ્થળોના નામનો સામેલ છે, જ્યાં તેમનું સ્મારક બનાવવામાં આવે તેવી શક્યતા છે. સરકારી સૂત્રોના જણાવ્યા પ્રમાણે પરિવાર દ્વારા સ્મારકની જગ્યા પસંદ કર્યા બાદ ટ્રસ્ટની રચનાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. આ ટ્રસ્ટ સ્મારક નિર્માણનું આયોજન



અને ત્યારપછીની તમામ પ્રવૃત્તિઓની દેખરેખ કરશે. પરિવારે હજુ સુધી કોઈ ચોક્કસ સ્થળ અંગે કોઈ નિર્ણય નથી લીધો. સ્મારકની જમીન માટે ટ્રસ્ટ અરજી કરશે. જમીનની ફાળવણી બાદ CPWD સાથે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવશે. ત્યારબાદ જ સ્મારક બનાવવાનું કામ શરૂ થઈ શકશે. પૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહે ૨૬ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ દુનિયાને અલવિદા કહી દીધું હતું. તેમણે દિલ્હીની AIIMS હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. ત્યારબાદ કોંગ્રેસે તેમના સ્મારકને લઈને કેન્દ્ર સરકાર પાસે માગણી કરી હતી. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે મનમોહન સિંહના સ્મારક માટે રાજઘાટ, રાષ્ટ્રીય સ્મૃતિ સ્થળ અથવા કિસાન ઘાટ પાસે એકથી દોઢ એકર જમીન આપવામાં આવી શકે છે.

### ન્યૂઝ બ્રિફ

#### મહારાષ્ટ્રના જલગાંવમાં બે જૂથો વચ્ચે પથ્થરમારો

। (એજન્સી) મુંબઈ, તા.૧ ।

મહારાષ્ટ્રના જલગાંવમાં બે જૂથો વચ્ચે પથ્થરમારો થયો હતો. શિવસેનાના મંત્રી ગુલાબરાવ પાટિલના પરિવારને લઈ જઈ રહેલા વાહન દ્વારા હોર્ન વગાડવાને કારણે બે જૂથો વચ્ચે તણાવ વધ્યો હતો. અહેવાલો અનુસાર મંગળવારે રાત્રે જલગાંવ જિલ્લાના પલાધી ગામમાં પથ્થરમારો અને આગજનીની ઘટના બની હતી. મંત્રી ગુલાબરાવ પાટિલના પરિવારને લઈ જતા વાહનના ડ્રાઈવરે હોર્ન વગાડ્યા બાદ વિવાદ શરૂ થયો હતો.

#### ૨૬/૧૧ મુંબઈ હુમલાના માસ્ટરમાઇન્ડ તહવ્વુર રાણાને ભારત લાવવામાં આવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

પાકિસ્તાની મૂળના કેનેડિયન બિઝનેસમેન તહવ્વુર રાણાને ટૂંક સમયમાં ભારત લાવવામાં આવી શકે છે. તેને રાજદ્વારી પ્રક્રિયા દ્વારા ભારતને સોંપવાની તૈયારી ચાલી રહી છે. તે ૨૬/૧૧ના મુંબઈ હુમલાનો માસ્ટરમાઈન્ડ હતો. ઓગસ્ટ ૨૦૨૪માં અમેરિકન કોર્ટે આ મામલે પોતાનો ચુકાદો આપ્યો હતો. કોર્ટે તેને ભારત-અમેરિકા પ્રત્યાર્પણ સંધિ હેઠળ ભારત મોકલવાની મંજૂરી આપી હતી. હવે રાણાને ટૂંક સમયમાં ભારત લાવવાની તૈયારી તેજ થઈ ગઈ છે.

### ૨૩૨ કિલોગ્રામ હેરોઈન પકડવાનો કેસ

## મુંબઈની વિશેષ અદાલતે આઠ પાકિસ્તાની નાગરિકોને ૨૦ વર્ષની સજા ફટકારી

**વર્ષ ૨૦૧૫માં ભારતીય કોસ્ટ ગાર્ડ ટીમે ગુજરાતના દરિયા કાંઠેથી ૨૩૨ કિલોગ્રામ હેરોઈન જપ્ત કર્યું હતું, જેની કિંમત આશરે ૬.૯૬ કરોડ રૂપિયા હતી**

। (એજન્સી) મુંબઈ, તા.૧ ।

વર્ષ ૨૦૧૫માં ગુજરાતના દરિયાકાંઠેથી લગભગ સાત કરોડ રૂપિયાનું ૨૩૨ કિલોગ્રામ હેરોઈ જપ્ત કરવામાં આવ્યું હતું, હવે આ કેસમાં મુંબઈની વિશેષ અદાલતે ઝડપાયેલા આઠ પાકિસ્તાની નાગરિકોને ૨૦ વર્ષની સજા ફટકારી છે.

આ ઉપરાંત કોર્ટે તમામ દોષિતોને ૨-૨ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. કેસની સુનાવણી દરમિયાન NDPS એક્ટ કેસના વિશેષ ન્યાયાધીશ શશિકાંત બાંગરે માદક ૫ દાર્થો મામલે આ આઠેય પાકિસ્તાનીઓને દોષિત જાહેર કર્યા છે અને તેઓને વધુમાં વધુ ૨૦ વર્ષની સજા સંભળાવી છે. આ સાથે કોર્ટે પ્રત્યેક દોષિતને બે લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૫માં ભારતીય કોસ્ટ ગાર્ડ ટીમે ગુજરાતના દરિયા કાંઠેથી ૨૩૨ કિલોગ્રામ હેરોઈન જપ્ત કર્યું હતું, જેની કિંમત આશરે ૬.૯૬ કરોડ રૂપિયા હતી.

આઠેય પાકિસ્તાની નાગરિકો આ હેરોઈનનો જથ્થો એક બોટમાં લાવી રહ્યા હતા. બોટમાં ૧૧ ડ્રમ હતા, જેમાં ઘઉંના રંગના પાવડરવાળા ૨૦ પ્લાસ્ટિકના પાઉચમાં હતા, જેની તપાસ કરવામાં આવતા તે હેરોઈન હોવાનો ખુલાસો થયો હતો. મળતી માહિતી મુજબ, આઠેય આરોપીઓ પાસે ત્રણ સેટેલાઈટ ફોન, જીપીએસ નેવિગેશન ચાર્ટ અને અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણો જપ્ત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમને દક્ષિમ મુંબઈના યેલો ગેટ પોલીસને સોંપી દેવાયા હતા. વિશેષ સરકારી વકીલ સુમેશ પુંજવાનીએ માદક પદાર્થોની તસ્કરી કરનારાઓને કડક સંદેશ મળે તે હેતુથી, આરોપીઓને વધુમાં વધુ સજા ફટકારવાની માંગ કરી હતી. બીજીતરફ બચાવ પક્ષના વકીલ નરમ સજાએ નરમ વલણ અપનાવ્યું હતું. કોર્ટે બંને પક્ષોની દલીલ સાંભળ્યા બાદ કડક કાર્યવાહી કરી આઠેય આરોપીને વધુમાં વધુ સજા સંભળાવી છે.

### UNSCમાં બે વર્ષ માટે થઈ એન્ટ્રી

## આતંકને પોષતું પાકિસ્તાન હવે વિશ્વભરને આપશે શાંતિનો સંદેશ

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧ ।

આંતરરાષ્ટ્રીય સ્તરે શાંતિ સ્થાપિત અને જાળવી રાખવાની મુખ્ય જવાબદારી નિભાવતાં યુનાઈટેડ નેશન સિક્યોરિટી કાઉન્સિલમાં અસ્થાયી સભ્ય તરીકે પાકિસ્તાનનો કાર્યકાળ શરૂ થઈ ચૂક્યો છે. પાકિસ્તાન આગામી બે વર્ષ સુધી આ પદ પર કાર્યરત રહેશે. આતંકનો ઉદ્દભવ તથા આતંકને પોષતું પાકિસ્તાન આ સભ્ય પદ સાથે વિશ્વને શાંતિના પાઠ ભણાવશે.

પાકિસ્તાનના રાજદૂત મુનીર અકરમે જણાવ્યું કે, તેમની ટીમ વિશ્વ સમક્ષ ઉપસ્થિત મુખ્ય પડકારોના સક્રિય અને રચનાત્મક તરીકે ઉકેલ લાવવા ભૂમિકા ભજવશે. સુરક્ષા પરિષદમાં અમારી ઉપસ્થિતિનો અનુભવ વિશ્વને થશે.

UNSCની ૧૫ સભ્યોની રાઉન્ડ ટેબલ મીટિંગમાં પાકિસ્તાનની ૨૦૨૫-૨૬ના કાર્યકાળ માટે પસંદગી કરવામાં આવી છે. આઠમી વખત પાકિસ્તાને આ મહત્ત્વનું સ્થાન મેળવ્યું છે. અગાઉ ૨૦૧૨-૧૩, ૨૦૦૩-૦૪, ૧૯૯૩-૯૪, ૧૯૮૩-૮૪, ૧૯૭૬-૭૭, ૧૯૬૮-૬૯ અને ૧૯૫૨-૫૩માં પાકિસ્તાને યુએનએસસીમાં અસ્થાયી સભ્ય પદે સ્થાન લીધુ હતું. જૂન-૨૦૨૪માં પાકિસ્તાનને ભારે મત સાથે આ પદ માટે નિમણૂક થઈ હતી. યુએન મહાસભાના ૧૯૩ સભ્યોમાંથી ૧૮૩ મત પાકિસ્તાનને મળ્યા હતા. પાકિસ્તાનના રાજદૂતે આ મહત્ત્વની તક મુદ્દે જણાવ્યું હતું કે, અમને એવા સમયે સ્થાન મળ્યું છે, જ્યારે વિશ્વ જિઓ-પોલિટિકલ ક્રાઈસિસ, અશાંતિ, મોટા અર્થતંત્રો વચ્ચે હરીફાઈ, યુરોપ, મધ્યપૂર્વ અને આફ્રિકા જેવા ક્ષેત્રોમાં યુદ્ધની સ્થિતિ સહિતના પડકારોનો સામનો કરી રહ્યું છે. વસ્તીની દ્રષ્ટિએ પાંચમા સ્થાને પાકિસ્તાન આ વિવાદો, પડકારો ઉકેલવા પ્રયાસો કરશે. તેમજ આતંકવાદ જેવી સમસ્યાઓના સમાધાન માટે સક્રિય અને રચનાત્મક ભૂમિકા ભજવશે.

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મૂ અને પીએમ મોદીએ નવા વર્ષની શુભેચ્છા પાઠવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

નવું વર્ષ ૨૦૨૫ શરૂ થતાં જ આખો દેશ ઉજવણીમાં ડૂબી ગયો છે. દેશના ખૂણે ખૂણે નવા વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે. મોડી રાતથી જ લોકોએ એકબીજાને શુભકામનાઓ આપવાનું શરૂ કરી દીધું છે.

આ સાથે જ દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મૂ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દેશવાસીઓને નવા વર્ષની શુભેચ્છા પાઠવી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મૂએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી છે. તેમણે લખ્યું છે કે, 'દરેકને નવા વર્ષની શુભકામનાઓ! વર્ષ ૨૦૨૫ બધા માટે સુખ, સંવાદિતા અને સમૃદ્ધિ લઈને આવે! આ અવસર પર, ચાલો આપણે ભારત અને વિશ્વ માટે ઉજ્જવળ, વધુ સમાવેશી અને ટકાઉ ભવિષ્યના નિર્માણ માટે સાથે મળીને કામ કરવાની આપણી પ્રતિબદ્ધતાનો એક નવો સંકલ્પ લઈએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દેશવાસીઓને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી અને નવું વર્ષ દરેકના જીવનમાં સુખ-સમૃદ્ધિ લઈને આવે તેવી શુભકામના આપી હતી. વડાપ્રધાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટમાં કહ્યું કે, ‘‘૨૦૨૫ માટે ઘણી શુભેચ્છાઓ. આ વર્ષ દરેક માટે નવી તકો, સફળતા અને અનંત ખુશીઓ લઈને આવે. બધાને સારા સ્વાસ્થ્ય અને સમૃદ્ધિના આશીર્વાદ મળે.’’ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે પણ દેશવાસીઓને નવા વર્ષની શુભેચ્છા પાઠવી છે. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું કે, તમામ નાગરિકોને હાર્દિક શુભેચ્છા – આપણા ગણતંત્રની યાત્રામાં આ એક મહત્ત્વપૂર્ણ વળાંક છે. નવું વર્ષ આપણા બંધારણની સદીના છેલ્લા ક્વાર્ટરમાં પ્રવેશનું પ્રતીક છે. ૨૦૪૭માં વિકસિત ભારત તરફ આગળ વધવું, આપણા બંધારણ નિર્માતાઓના સ્વપ્નને સાકાર કરવા માટે પોતાને ફરીથી સમર્પિત કરવાનો સમય છે.

## હોટલમાં ખેલાયો ખૂની ખેલ, ૨૪ વર્ષના પુત્રએ માતા અને ૪ બહેનોની કરી હત્યા

। (એજન્સી) લખનઉ, તા.૧ ।

ઉત્તર પ્રદેશના લખનઉમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. એક જ પરિવારના પાંચ સભ્યો માર્યા ગયા હતા.

નાકા વિસ્તાર પોલીસ સ્ટેશનમાં હોટલ શરણજીતમાં આ ઘટના પ્રકાશમાં આવી છે, જેમાં આરોપી અરશદ (૨૪ વર્ષ) એ પરિવારના પાંચ સભ્યોની હત્યા કરી હતી. આ ઘટના બાદ પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. મૃતકોની ઓળખ આલિયા (૯ વર્ષ), અલશિયા (૧૯ વર્ષ), અક્સા (૧૬ વર્ષ), રહમીન (૧૮ વર્ષ) અને અસ્મા (માતા) તરીકે થઈ હતી. આરોપીઓની ઓળખ આગ્રાના રહેવાસી અરશદ તરીકે થઈ છે. આ ઘટનાની જાણ થતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## રાહુલ ગાંધીનું રાજકારણમાં સક્રિય રહેવું ખૂબ જરૂરીઃ પૂર્વ ભાજપ સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહ

। (એજન્સી) ઉત્તર પ્રદેશ, તા.૧ ।

ઉત્તર પ્રદેશના ગોંડાથી ભારતીય જનતા પાર્ટીના પૂર્વ સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પર મહત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. સિંહે કહ્યું છે કે તેમણે રાજકારણમાં સક્રિય રહેવું જોઈએ. આ ઉપરાંત સિંહે પૂર્વ પીએમ મનમોહન સિંહની સમાધિ પર થઈ રહેલી રાજનીતિ પર પણ પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, 'વિપક્ષ અને રાહુલ ગાંધીનું રાજકારણમાં સક્રિય રહેવું ખૂબ જ જરૂરી છે, તેઓએ એવા મુદ્દા ઉઠાવવા જોઈએ જેનાથી જનતાને ફાયદો થાય.' પૂર્વ વડાપ્રધાન દિવંગત ડૉ. મનમોહન સિંહના સ્મારક વિવાદ પર ભાજપના નેતાએ કહ્યું કે, 'તે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે અને જ્યારે સરકાર તેની મંજૂરી આપી છે અથવા વડા પ્રધાનનું વજન પોતે જ એક મંજૂરી છે અને ગૃહમંત્રીએ પણ મંજૂરી આપી દીધી છે તો પછી આ લોકોએ રાજનીતિ ન કરવી જોઈએ. અને હું સતત જોઈ રહ્યો છું કે રાહુલ ગાંધી કે કોંગ્રેસ એવા મુદ્દા ઉઠાવી રહ્યા છે જેની જનતાને કોઈ ચિંતા નથી. તેમણે જનતાને લગતા મુદ્દા ઉઠાવવા જોઈએ. ભાજપના નેતાએ પૂછ્યું કે, 'શું તમને યાદ નથી કે તમે નરસિમ્હરાવનું કેટલું અપમાન કર્યું હતું? તમે ઈચ્છતા હતા કે તમારા પરિવાર સિવાય દિલ્હીમાં કોઈની સમાધિ ન બને. આવી હરકતો બંધ કરી દો. તેમણે આગળ કહ્યું કે, ભગવાન કરે કે કોંગ્રેસ અને રાહુલ ગાંધી ૨૦૨૫માં થોડા ગંભીર બની જાય કારણ કે દેશને તેમની જરૂર છે.'

## અરવિંદ કેજરીવાલ જે કહે છે તે ક્યારેય કરતા નથી ભાજપ પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીનો પ્રહાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

ભારતીય જનતા પાર્ટીએ અરવિંદ કેજરીવાલ પર વળતો પ્રહાર કર્યો છે. ભાજપ પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ આજે બુધવારે પત્રકાર પરિષદનું આયોજન કર્યું હતું. જેમાં સુધાંશુ ત્રિવેદીએ કહ્યું કે, ‘‘આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલ જે કહે છે તે ક્યારેય કરતા નથી. આજે સૌથી મોટો પડકાર વિશ્વસનિયતાનું સંકટ છે. સામાન્ય લોકોમાં એવી લાગણી છે કે કેજરીવાલ જે કહે છે તે પૂરું કરતા નથી.’’ બીજેપી નેતા શાઝિયા ઈલ્મીએ આરોપ લગાવ્યો કે, કેજરીવાલ કાચીંડાની જેમ રંગ બદલે છે. ભાજપ પ્રવક્તાએ કહ્યું કે, દેશે ૨૦૨૪માં એક વિચિત્ર બંધારણીય ઉદાહરણ પણ જોયું. જ્યારે એક મુખ્યમંત્રી જેલમાં રહીને સરકાર ચલાવે છે. કેજરીવાલ પહેલા પણ ઘણા સીએમ જેલમાં ગયા હતા પરંતુ ઓછામાં ઓછા લાલુ પ્રસાદ યાદવે એટલી ગરિમા જાળવી હતી કે તેમણે પદ છોડી દીધું. ૨૦૨૪માં આવું આશ્ચર્યજનક અને વિચિત્ર ઉદાહરણ જોવા મળ્યું કે, જેલમાં ગયા પછી પણ કેજરીવાલે સીએમ પદ છોડ્યું નહીં. સુધાંશુ ત્રિવેદીએ વધુમાં કહ્યું કે, ‘‘કેજરીવાલની વિચિત્રતા એટલી આશ્ચર્યજનક છે કે કોઈના માટે સમજવું મુશ્કેલ છે. અમે યાદ અપાવવા માંગીએ છીએ કે આમ આદમી પાર્ટી નવી રાજનીતિનો વિચાર લઈને આવી છે. આજે સૌથી મોટો પડકાર વિશ્વસનીયતાનું સંકટ છે. સામાન્ય લોકોમાં એવી લાગણી છે કે કેજરીવાલ જે કહે છે તે પૂરું કરતા નથી. તેમણે કહ્યું હતું કે, તેઓ (કેજરીવાલ) લટકતા તારની સમસ્યામાંથી મુક્ત કરી દેશે.

## ન્યૂઝ બ્રિફ

### બોટાદ નગરપાલિકાએ છેલ્લા 3 માસમાં વ્યવસાય વેરાની ૪.૫૦ લાખ પેનલ્ટી વસુલી

। (એજન્સી) બોટાદ, તા.૧ ।

બોટાદ શહેરનાં વેપારી પાસે વ્યવસાય વેરો વસુલવા કવાયત હાથ ધરાય છે જ્યારે ચાલુ માસમાં ૧૫૦ દુકાનદારોને પ્રોફેસનલ ટેક્સ ભરપાઈ કરવા નોટીસ ઈસ્યુ કરવામાં આવી છે. જ્યારે ૩૦ સપ્ટે. માર રેગ્યુલર ટેક્સની અંતીમ તારીખ પછી ૧૮ ટકા પેનલ્ટી લાગુ કરાઈ છે અને આ છેલ્લા ત્રણ માસમાં ૪.૫૦ લાખની પેનલ્ટીની આવક વધવા પામી છે. જ્યારે આગામી ૩૧ માર્ચ સુધીમાં વધુ ૨૦ લાખના વ્યવસાય વેરો ભરાય તેવી શક્યતા શોપ ઈન્સપેકટરે વ્યક્ત કરી છે. મળતી વિગતો મુજબ બોટાદ શહેરની નગર પ્રાથમિક દ્વારા ગુમાસ્તા ધારા અંગેનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું જે અંતર્ગત વેપારીઓએ શોપ્રજીસ્ટ્રેશન કરાવ્યા વગરના અને વ્યવસાય વેરો બાકી બોલતો હોવાનું ધ્યાને આવતા શોપ ઈન્સપેકટર દ્વારા ચાલુ માસમાં ૧૫૦ દુકાનદારોને નોટીસ આપવામાં આવી છે.

### રાજકોટ શાપર આરોગ્ય કેન્દ્રમાં કર્મચારીઓને તાપણું કરવું ભારેપડ્યું

। (એજન્સી) રાજકોટ, તા.૧ ।

સમગ્ર મામલે જિલ્લા આરોગ્ય અધિકારીનું નિવેદન લેવામાં આવ્યું છે. રાજકોટના શાપરમાં આરોગ્ય કેન્દ્રમાં કર્મચારીઓની બેદરકારીભર્યો વીડિયો સામે આવ્યો હતો. જેમાં કર્મચારીઓ તાપણું કરતા જોવા મળ્યા હતા. વીડિયો વાયરલ થતાં તપાસ અધિકારીએ ૨ કરાર આધારિત કર્મચારીને ટર્મિનેટ કર્યા છે. ૨ કાયમી કર્મચારીને શો કોઝ નોટિસ આપવામાં આવી છે. રાજકોટ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં કર્મચારીઓની બેદરકારી સામે આવી હતી. શાપર આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓ કેમિકલ ભરેલા કેરબા પાસે તાપણું કરતો વીડિયો વાયરલ થયો હતો. જેથી લેબોરેટરી કે જેમાં જ્વલનશીલ કેમિકલ હોય ત્યાં તાપણું કરવાથી વિવાદ થયો છે. આરોગ્ય કેન્દ્રમાં ૧૫થી વધુ લોકો ઉપસ્થિત હતા. ઠંડીથી બચવા અન્યના જીવ જોખમમાં મુક્યા હતા.

### વય મર્યાદા વધારવાની માંગ સાથે વિદ્યા સહાયકો ગાંધીનગર પહોંચ્યા

। (એજન્સી) ગાંધીનગર, તા.૧ ।

ગુજરાતમાં વિદ્યા સહાયકોના ઉમેદવારોએ ફરી ગાંધીનગરમાં મોરચો માંડ્યો હતો. મંગળવારે વિદ્યાસહાયકોની ભરતીમાં વય મર્યાદા વધારવાની માંગ સાથે ઉમેદવારો ગાંધીનગર પહોંચ્યા હતાં. ઉમેદવારોએ પોતાની માંગણી સાથે શિક્ષણમંત્રી પ્રફૂલ પાનસેરિયાની સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને શિક્ષણ સચિવને આ મામલે રજૂઆત કરી હતી. અને માગ પૂરી ન થતાં આમરણાંત ઉપવાસની પણ ચીમકી ઉચ્ચારી છે.નોંધનીય છે કે, છેલ્લાં ઘણાં સમયથી વિદ્યા સહાયકના ઉમેદવારો આવેદન પત્ર આપીને વયમર્યાદા વધારવાની રજૂઆત કરી રહ્યા છે. પરંતુ, વિદ્યા સહાયકોની માંગ પર હજુ સુધી કોઈ નિર્ણય લેવાયો નથી. જો આ વિશે સરકાર દ્વારા કોઈ નિર્ણય લેવામાં નહીં આવે તો ઉમેદવારો બેરોજગાર બનશે. હજુ સુધી ઉમેદવારોની માંગ પર કોઈ નિર્ણય ન લેવાતા ઉમેદવારોએ અન્ન-જળ ત્યાગ કરવા અને આમરણાંત ઉપવાસ કરવાની ચીમકી ઉચ્ચારી છે. ઉમેદવારોની માગ છે કે, ટેટ-૧ અને ટેટ-૨ પોર્ટલ ઓન કરી ઉમેદવારોને તક આપવી જોઈએ. આ સાથે જ વિદ્યા સહાયકોના ઉમેદવારોએ મેનેજમેન્ટમાં સરકારી ક્ષતિઓ બાબતે પણ આક્ષેપ કર્યા છે.





ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ ગૂજરાત વિદ્યાપીઠ મંડળની બેઠક દરમિયાન વિદ્યાપીઠના વર્ષ-૨૦૨૫ ના કેલેન્ડર અને ડાયરીનું વિમોચન કર્યું.

### અમદાવાદમાં નશાકારક ઇન્જેક્શનનો જથ્થો ઝડપાયો, બેની ધરપકડ કરાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

નવા વર્ષના ઉત્સાહ પહેલાં, અમદાવાદમાં ઈસનપુર પોલીસ એ એક મોટી નશાકારક ઈન્જેક્શન જથ્થો પકડ્યો છે. પોલીસે ૫૬ ઈન્જેક્શન્સ અને ૪૪ સિરીઝો સહિતના મુદ્દામાલની જપ્તી કરી અને ૨ આરોપીઓને ધરપકડ કરી છે. પોલીસને મળેલી બાતમીના આધારે કરવામાં આવેલી કાર્યવાહીમાં ૫૬ ઈન્જેક્શન અને ૪૪ સિરીંજ કબજે કરવામાં આવ્યા છે. આરોપીઓ સોહેલ સલીમ શેખ અને કલીમ ઉર્ફે ભૈયા પઠાણની પત્ની આ ઈન્જેક્શનનું વેચાણ કરતા હોવાનું સામે આવ્યું છે. પોલીસે સોહેલ સલીમ શેખની પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે આ ઈન્જેક્શનનો જથ્થો કર્ણાવતી ફાર્માના માલિક હાર્દિક પટેલ પાસેથી મેળવ્યો હતો.મળતી માહિતી મુજબ, આરોપી નશાકારક ઈન્જેક્શન્સ અને બીજી મેડિકલ સામગ્રીનું વિક્રય કરવામાં સામેલ હતા. પોલીસે વધુ તપાસમાં સોહેલ સલીમ શેખની પૂછપરછ કરી, જે આ વિક્રયને ચલાવતા હતા. ઉપરાંત, પોલીસને જાણવા મળ્યું કે આ કાયદેસર વિક્રયના પાઢળ કલીમ ઉર્ફે ભૈયા પઠાણની પત્ની હતી.

### રાજ્યમાં ડેન્ગ્યુના કેસમાં થયો ઘટાડો

# ૨૦૨૩ માં ૪.૭% પોઝિટિવિટી રેટની સામે ૨૦૨૪ માં ૩.૫%

### સરકારે ડેન્ગ્યુની સારવાર માટે અદ્યતન કીટ અને સારી દવાઓનો ઉપયોગ કરીને નિદાનમાં સુધારો કર્યો છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧ ।

રાજ્યમાં જનજાગૃતિ અને સઘન સારવારના પરિણામે આ વર્ષે ડેન્ગ્યુના કેસમાં સકારાત્મક પરિણામ જોવા મળ્યાં. ૨૦૨૩ માં ૧,૪૯,૮૪૪ સીરમ સેમ્પલ ડેન્ગ્યુના નિદાન માટે લેવામાં આવેલ હતા તે પૈકી ૭, ૦૮૮ ડેન્ગ્યુના પોઝિટિવ કેસો માલુમ પડ્યા હતા. એટલે કે સીરો પોઝિટીવિટી દર ૪.૭% રહ્યો હતો. જ્યારે ૨૦૨૪ દરમિયાન ૨,૨૧,૩૫૮ સેમ્પલ ડેન્ગ્યુના નિદાન માટે લેવામાં આવ્યા. તે પૈકી ૭,૮૨૦ ડેન્ગ્યુના કેસો પોઝિટિવ માલૂમ પડ્યા. જે દર્શાવે છે કે વર્ષ ૨૦૨૪ માં ડેન્ગ્યુનો પોઝિટીવિટી દર ૩.૫% રહ્યો. આ વર્ષે ડેન્ગ્યુના ત્વરિત નિદાન માટે ડેન્ગ્યુ NS1 પ્રકારની ૧૭૦૦ કીટ એટલે કે ૧,૬૩,૨૦૦ ટેસ્ટ રાજ્ય સરકાર દ્વારા ખરીદ કરી નિદાન કેન્દ્રોને પુરી પાડવામાં આવી. તદ ઉપરાંત ભારત સરકાર તરફથી પ્રાપ્ત ૬૧૧ ડેન્ગ્યુ IGM કીટ (૫૮૬૫૬ ટેસ્ટ) નિદાન કેન્દ્રોને ફાળવવામાં આવી હતી.રાજ્યના તમામ જિલ્લાઓ અને મહાનગરપાલિકા વિસ્તારમાં અઠવાડીક પોરાનાશક કામગીરી હાથ ધરવામાં આવે છે. હાઉસ ટુ હાઉસ ફીવર સર્વે, એન્ટીલાર્વલ એક્ટીવીટીઝ તથા પ્રચાર પ્રસારની કામગીરીના ૩ રાઉન્ડ એપ્રિલ, મે અને સપ્ટેમ્બર માસ દરમ્યાન ઝુંબેશ રૂપે હાથ ધરી રાજ્યની અનુક્રમે ૮૬%, ૮૯% અને ૯૨% વસ્તીને આ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે. ચોમાસાની ઋતુ દરમ્યાન સંવેદનશીલ વિસ્તારોમાં ૨૪૬૦ માણસોની ૪૯૨ વેક્ટર કંટ્રોલ ટીમે રોગ સર્વેક્ષણ અને પોરાનાશક સઘન કામગીરી હાથ ધરાઈ હતી. રાજ્યમાં ૪૭ થી ૫૧માં અઠવાડીયા દરમ્યાન ડેન્ગ્યુ કેસમાં સતત ઘટાડો નોંધાયેલ છે તથા ૫૦ અને ૫૧ મા અઠવાડીયા દરમ્યાન વર્ષ ૨૦૨૩ની સરખામણીએ વર્ષ ૨૦૨૪ માં ડેન્ગ્યુ કેસોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

### પાટણમાં SOGની મોટી કાર્યવાહી ગેરકાયદેસર ગેસ રીફિલિંગનો પર્દાફાશ

। (એજન્સી) પાટણ, તા.૧ ।

પાટણ તાલુકાના ચારૂપ ગામમાં SOG દ્વારા ગેરકાયદેસર ગેસ રીફિલિંગના એક વેપારનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ કાર્યવાહીમાં ભારત ગેસ એજન્સી સાથે જોડાયેલા ૨ શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ, SOGને બાતમી મળી હતી કે ચારૂપ ગામમાં કેટલાક શખ્સો ગેરકાયદેસર રીતે ગેસ સિલિન્ડરો રિફિલ કરીને તેનું વેચાણ કરી રહ્યા છે. આ બાતમીના આધારે SOGની ટીમે દરોડા પાડી આ ગેરકાયદેસર વેપારનો પર્દાફાશ કર્યો હતો. દરોડા દરમિયાન પોલીસે મોટા પ્રમાણમાં ગેસ સિલિન્ડરો, રિફિલિંગ માટેના સાધનો અને રોકડ રકમ મળી કુલ ૩ લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે. ઝડપાયેલા આરોપીઓ પાસેથી પૂછપરછ કરતાં તેઓએ કબૂલાત કરી હતી કે તેઓ છેલ્લા કેટલાક સમયથી આ ગેરકાયદેસર ધંધો કરી રહ્યા હતા. ગેરકાયદેસર રીતે રિફિલ કરવામાં આવતા ગેસ સિલિન્ડરોમાં વિસ્ફોટ થવાની શક્યતા રહે છે.

### અંબાલાલ પટેલની ચેતવણી : ગુજરાતમાં કડકડતી ઠંડીનો પારો



। (એજન્સી) ગાંધીનગર, તા.૧ ।

ગુજરાતના હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે રાજ્યમાં ઉત્તરાયણ દરમિયાન વરસાદની આગાહી અને ઠંડીમાં પણ વધારો થશે. રાજ્યના હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે રાજ્યમાં આગામી દિવસોમાં હવામાનમાં ભારે પલટો આવવાની આગાહી કરી છે. જાન્યુઆરી માસના પ્રથમ સપ્તાહમાં ગુજરાતમાં કડકડતી ઠંડીનો અનુભવ થશે. ઉત્તર-મધ્ય ગુજરાત અને પંચમહાલના કેટલાક ભાગોમાં તાપમાન ૮ ડિગ્રી સુધી ઘટી શકે છે. વલસાડ અને જામનગરમાં પણ ઠંડીનો ચમકારો અનુભવાશે. જાન્યુઆરી માસમાં હવામાનમાં ભારે પલટો આવશે. ૪થી ૮ જાન્યુઆરીમાં ગુજરાતમાં કડકડતી ઠંડી પડી શકે છે. ઉત્તર-મધ્ય ગુજરાત, પંચમહાલના ભાગોમાં ન્યૂનતમ તાપમાન ૮ ડીગ્રી જેટલું રહેવાની શક્યતા. વલસાડ અને જામનગરના ભાગોમાં ઠંડી પડવાની શકયતા વધુ છે. કચ્છ, નલિયાના ભાગોમાં ન્યૂનતમ તાપમાન ઘણું ઘટી શકવાની સંભાવના છે. ઉત્તરાયણના દિવસે રાજયના અનેક ભાગોમાં કમોસમી વરસાદ પડવાની શક્યતા છે. ઉત્તર – મધ્ય અને પૂર્વ ગુજરાત, કચ્છ, પંચમહાલના કેટલાક ભાગોમાં માવઠાની શક્યતા છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે, ઉત્તરાયણના દિવસે રાજ્યના અનેક ભાગોમાં કમોસમી વરસાદ પડવાની શક્યતા છે. ઉત્તર-મધ્ય અને પૂર્વ ગુજરાત, કચ્છ અને પંચમહાલના કેટલાક ભાગોમાં માવઠાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. કચ્છ અને નલિયા જેવા વિસ્તારોમાં ન્યૂનતમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થવાની સંભાવના છે. અંબાલાલ પટેલે ખેડૂતોને સાવચેત રહેવાની અપીલ કરી છે. તેમણે કહ્યું કે, માવઠાને કારણે પાકને નુકસાન થઈ શકે છે. આથી, ખેડૂતોએ જરૂરી સાવચેતી રાખવી જોઈએ. હવામાન વિભાગે પણ અંબાલાલ પટેલની આગાહીને ટેકો આપ્યો છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, આગામી દિવસોમાં હવામાનમાં પલટો આવવાની સંભાવના છે.

### ઈલેક્ટ્રીકલ, મિકેનિકલમાં ૮૦% બેઠકો ભરાયેલી છે

# રાજ્યમાં ૨૦૨૨ની સાપેક્ષે ૨૦૨૪ માં સરકારી ઇજનેરી કોલેજ પ્રવેશમાં ૫૭% જેટલો થયો વધારો

### ગુજરાતની સરકારી ઇજનેરી કોલેજોની સિવિલ, ઈલેક્ટ્રીકલ, મિકેનિકલમાં ૮૦%, ઈમર્જીંગ ઇજનેરીની વિદ્યાશાખામાં ૧૦૦% બેઠકો ભરાયેલી છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં અને ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલના સમર્થ નેતૃત્વમાં રાજ્યના તમામ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાનો રાજ્ય સરકારનો ધ્યેય છે. જે અંતર્ગત ગુજરાતે સમયસર ઇજનેરી ક્ષેત્રે વિદ્યાશાખાઓનો રી-સ્ટ્રકચરીંગ કરી પરિણામલક્ષી કામગીરી કરી.

જેના પરિણામે વર્ષ ૨૦૨૨ની સાપેક્ષે સરકારી ઈજનેરી કોલેજ પ્રવેશમાં ૫૭% જેટલો વધારો નોંધાયો છે. રાજ્યમાં સરકારી ઈજનેરી કોલેજોમાં કોર બ્રાંચ જેવી કે સિવિલ, ઈલેકટ્રીકલ, મિકેનિકલમાં ૮૦% બેઠકો ભરાયેલી છે. જ્યારે ઈમર્જીંગ ઈજનેરીની વિદ્યાશાખામાં ૧૦૦% બેઠકો ભરાયેલ છે. વર્ષ ૨૦૨૪માં સરકારી અને અનુદાનિત ઈજનેરી સંસ્થાઓની ૮૪.૩% તેમજ સ્વનિર્ભર સંસ્થાઓની ૪૮% એમ કુલ મળી ઈજનેરીની ૫૪% બેઠકો પર વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.

પ્રવર્તમાન સમયમાં ઘણા વિદ્યાર્થીઓ ડિપ્લોમાં ડિગ્રી પણ કરતા હોય છે. જેમાં પ્રવેશ વર્ષ ૨૦૨૨ની સાપેક્ષે સરકારી પોલીટેકનીક કોલેજના પ્રવેશમાં ૨૨% જેટલો વધારો જોવા મળ્યો છે. જે અંતર્ગત સરકારી પોલીટેકનીક કોલેજોમાં આઈ.ટી., સિવિલ, ઈલેક્ટ્રીકલ, મિકેનિકલ વિગેરે વિદ્યાશાખામાં ૮૦% અને ઈમર્જીંગ ઈજનેરીની વિદ્યાશાખામાં વર્ષ ૨૦૨૨ની સાપેક્ષે પ્રવેશમાં ૬૪% નો વધારો થયો છે. આગામી વર્ષોની જરૂરીયાત ધ્યાને લઈ સરકારી ઈજનેરી કોલેજો અને ડિપ્લોમાં ડિગ્રીમાં વર્ષ ૨૦૨૨થી વિવિધ નવા ઈમર્જીંગ ટેકનોલોજીનાં અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યા છે. સાથોસાથ રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્રે જરૂરીયાત મુજબ રી-સ્ટ્રકચરીંગ કરી વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય કરવામાં આવે છે.

### ગુજરાત પોલીસમાં ફરજરત વધુ ૨૪૦ એએસઆઈને પીએસઆઇ તરીકે બઢતી

। (એજન્સી) ગાંધીનગર, તા.૧ ।

ગુજરાત પોલીસ વિભાગના પોલીસ કર્મચારી-અધિકારીઓને સંવર્ગવાર સમયસર બઢતી મળી રહે તે માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. સમયસર બઢતી મળતા પોલીસ કર્મચારીઓના મનોબળમાં પણ વધારો થયો છે. ગઈ કાલે તા.૩૦ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ વધુ ૨૪૦ એએસઆઈ ખાતાકીય બઢતી પરીક્ષા ઉતીર્ણ થતાં તેમને બઢતી આપવામાં આવી છે.

ચાલુ વર્ષે પી.એસ.આઈ થી લઈને કલેરિકલ સ્ટાફ મળીને કુલ ૬૭૭૦ કર્મચારીઓને બઢતી અપાતા પોલીસ કર્મચારીગણમાં આનંદ ફેલાયો છે.કર્મચારીની બઢતી તેનામાં નવી ઉર્જાનો સંચાર કરીને કાર્યક્ષમતા વધારવામાં તો મહત્વનો ભાગ ભજવે જ છે, ઉપરાંત કર્મચારીની બઢતી સમગ્ર પરિવારને પણ સ્પર્ષતો મુદ્દો છે. તેથી રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાય દ્વારા આ બાબતને ખુબ જ સંવેદનાથી લઈ પોલીસ કર્મચારીઓની બઢતી માટે તમામ જરૂરી સંલગ્ન પ્રક્રિયાઓ સમયસર કરવા આદેશો આપવામાં આવ્યા છે.

જેના પરિણામસ્વરૂપે ગુજરાત પોલીસ વિભાગમાં ચાલુ વર્ષે કુલ ૬૭૭૦ પોલીસ કર્મચારી-અધિકારીઓને બઢતી મળતા તેમના પરિવારમાં ખુશીનો માહોલ સર્જાયો છે. આ નિર્ણયથી પોલીસ કર્મચારીઓમાં નવી ઉર્જાનો સંચાર થયો છે અને તેઓ વધુ સમર્પણભાવે ફરજ બજાવવા માટે પ્રેરાયા છે.

### અરજદારને જ ભગવાન સમજવાના મૂળ મંત્ર સાથે કલેકટરશ્રી ગાંધીનગર દ્વારા કલોલ તાલુકાના પલસાણા ગામની મુલાકાત લેવામાં આવી

# ભૂલકાઓ જે જોવે તે જ શીખે છે, માટે કલેક્ટરશ્રીએ શાળાના બાળકોને શિસ્ત શીખવવા જાતે વર્ગખંડની બહાર વિખરાયેલા પગરખાં લાઈન બદ્ધ ગોઠવી સારી ટેવ માટે અનુરોધ કર્યો

। ગાંધીનગર ।

મોબાઈલનાં વધતા જતા ઉપયોગને કારણે પ્રવેશેલા દૂષણો દૂર થાય અને સંસ્કૃતિ જીવંત રહે તે હેતુથી વડીલો, માતાઓને હાલરડાં જેવી પરંપરા જીવંત કરવા નમ્ર અપીલ કરતાં કલેકટરશ્રીઅરજદારોને જરા પણ હાલાકીનો સામનો કરવો ન પડે તે માટે અરજદારને જ ભગવાન સમજવાના મૂળ મંત્ર સાથે અધિકારીઓ અને કર્મચારીઓને હંમેશા અરજદારો માટે બનતું કરવાનો આગ્રહ કલેકટર શ્રી ગાંધીનગર મેહુલ કે. દવે રાખે છે.અને તેના માટે હંમેશા જુદા જુદા ગામડાઓની ઓચિંતી મુલાકાત કરી કાર્ય નિરીક્ષણ કરતા રહે છે. આ જ રીતે કલેક્ટરશ્રી ગાંધીનગર મેહુલ કે. દવે શિક્ષણ પ્રત્યે પણ ખૂબ જ નોંધનીય કામગીરી કરી રહ્યા છે, જેના પગલે તેઓ આસપાસના ગામડાઓની સરકારી શાળાઓ તથા આંગણવાડીઓની મુલાકાત પણ કરતા રહે છે. આ મુલાકાતો દરમિયાન તેઓ પોતે વર્ગખંડમાં જઈ બાળકોની જ્ઞાન કસોટી કરવા સાથે સાથે શૈક્ષણિક કાર્ય કેવું ચાલી રહ્યું છે, તે અને શિક્ષણ સાથે સંસ્કાર સિંચનની પ્રવૃત્તિઓને વેગ આપવા માટે આગ્રહ કરતાં પણ જોવા મળે છે.ત્યારે કલેકટરશ્રી ગાંધીનગર દ્વારા તા.૩૧ ડિસેમ્બર ના રોજ કલોલ તાલુકાના પલસાણા ગામની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન સૌ પ્રથમ કલેકટરશ્રીએ ગ્રામ પંચાયત કચેરીએ તલાટી કમ મંત્રીના રેકર્ડની સામાન્ય દફતર તપાસણી કરી હતી.જેમાં જન્મ મરણ રજિસ્ટર, નમૂના ૨, વસુલાતની પહોંચો વિગેરે ચકાસી રેકર્ડ અદ્યતન કરવા તેમજ વસુલાત માટે સઘન પ્રયાસો હાથ ધરવા સૂચના આપી હતી. આ મુલાકાત અંતર્ગત ગ્રામ પંચાયત કચેરીએ ગ્રામજનો સાથે સંવાદ કરી તેમની સાથે આત્મીયતાપૂર્વક વાર્તાલાપ પણ કર્યો હતો.આ ઉપરાંત રોડ અને પેટા આરોગ્ય કેન્દ્ર નિર્માણ અંગે જે તે વિભાગના અધિકારીઓને સૂચના આપી ગ્રામજનોની સુખાકારી માટે કટિબદ્ધતાથી કાર્ય કરવા જણાવ્યું હતું. તદુપરાંત મોબાઈલનાં વધતા જતા ઉપયોગને કારણે પ્રવેશેલા દૂષણો દૂર થાય અને નવી પેઢી આપણી પરંપરા અને સંસ્કૃતિને જાણે તે માટે તથા ગ્રામ સંસ્કૃતિના ઉત્થાન હેતુ વડીલો, માતાઓને મોબાઈલનો લઘુતમ ઉપયોગ કરી હાલરડાં ગાવા જેવી પરંપરાઓ જીવંત કરવા નમ્ર અપીલ કરી હતી.પલસાણા ગામના આયુષ્માન આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈ દૈનિક ઓપીડી, દવાઓની ઉપલબ્ધતા, જરુરી આરોગ્ય સુવિધાઓ વિગેરેની સમીક્ષા કરી અને આરોગ્ય ચકાસણી માટે આવેલ શિશુ બાળાની કલેકટર શ્રી એ રૂબરૂ ચકાસણી કરાવી બાળકની માતાઓના પ્રતિભાવ પણ મેળવ્યા હતા.ઉલ્લેખનીય છે કે,કલેકટર શ્રી ગાંધીનગર શિક્ષણ ક્ષેત્રે પણ સુધારણા માટે ખૂબ જ સમર્પિત છે ત્યારે, પ્રાથમિક શાળા પલસાણાની મુલાકાત દરમિયાન વર્ગખંડ પ્રવેશ દ્વારે વિદ્યાર્થીઓના પગરખાં અસ્તવ્યસ્ત જોઈ, કલેકટરશ્રી એ જાતે યોગ્ય લાઈનબંધ મુકી વિદ્યાર્થીઓમાં ભણતર સાથે સારી ટેવો પણ આ ઉંમરથી સ્થાપિત થાય તે બાબતોની કાળજી રાખી શિક્ષણ સાથે સંસ્કાર સિંચન કરવા શાળાના શિક્ષકોને તથા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. કારણ કે વિદ્યાર્થીઓ દેશનું ભવિષ્ય છે અને ભવિષ્ય ઉજ્જવળ બનાવવા માટે 'શિસ્ત' એ મહત્વનો પાયો છે? વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સાથે ઘડીયા, બાળગીતો વગેરે ગાઈ,સાંભળી બાળકો સાથે અભ્યાસ અંગે વાતચીત કરી શિક્ષકોને એકતરફી નહિ પરંતુ દ્વિપક્ષી સંવાદ થકી શિક્ષણ આપવા સૂચન કર્યું હતું. કારણ કે કલેક્ટરશ્રીનું સ્પષ્ટ માનવું છે કે, જ્યારે પ્રશ્ન હશે ત્યારે જ તમે બાળકોના મનમાં ચાલતી દ્વિધાનું નિરાકરણ કરી શકો છો.આ સિવાય કલેકટર શ્રીએ આંગણવાડી કેન્દ્ર ખાતે ભૂલકાઓ સાથે પ્રાર્થના કરી, હાજર વાલીઓ સાથે સ્વચ્છતા અને આંગણવાડીના બાળકોને મળતા ગરમ નાસ્તાની સુવિધા બાબતે પ્રતિભાવ મેળવ્યા હતા. અંતે હાજર કર્મચારી અધિકારીઓને સતત લોક સંપર્ક જાળવી ઉમદા કામગીરી કરવા પ્રોત્સાહિત પણ કર્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# નવા વર્ષના પહેલા દિવસે જ ઝડપી બોલર જસપ્રીત બુમરાહે ઈતિહાસ રચ્યો

## બુમરાહ આટલા રેટિંગ પોઈન્ટ મેળવનાર પહેલો ભારતીય બોલર બની ગયો છે અશ્વિનને પાછળ છોડી બુમરાહ આગળ નીકળ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

આજે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલએ નવું રેક્રિંગ જાહેર કર્યું છે. જેમાં ભારતીય ઝડપી બોલર જસપ્રીત બુમરાહે નવા વર્ષના પહેલા દિવસે જ ઈતિહાસ રચી દીધો છે. બુમરાહ હવ ICC ટેસ્ટ બોલિંગ રેક્રિંગમાં ટોચના સ્થાન પર પહોંચી ગયો છે. આ સિવાય તેના રેટિંગ પોઈન્ટ પણ વધીને ૯૦૭ થઈ ગયા છે. આ પોતાનામાં એક ઐતિહાસિક રેકોર્ડ છે. બુમરાહ આટલા રેટિંગ પોઈન્ટ મેળવનાર પહેલો ભારતીય બોલર બની ગયો છે. અશ્વિનને પાછળ છોડી બુમરાહ આગળ નીકળ્યો. તેણે પૂર્વ સ્પીનર રવિચંદ્રન અશ્વિનનો રેકોર્ડ તોડી નાખ્યો છે. આ પહેલા અશ્વિને ડિસેમ્બર ૨૦૧૬માં સૌથી વધુ ૯૦૪ રેટિંગ પોઈન્ટ હાંસલ કર્યા હતા. બુમરાહે ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ સીરિઝમાં શાનદાર પ્રદર્શન કરતા તેને હવે ICC રેક્રિંગમાં ફાયદો થયો છે. આ સિવાય ૯૦૭ રેટિંગ પોઈન્ટ સાથે બુમરાહ ઓલ ટાઈમ લિસ્ટમાં ઈંગ્લેન્ડના સ્પીનર ડેરેક



અંડરવુડ સાથે સંયુક્ત ૧૭માં સ્થાને પહોંચી ગયો છે. આ યાદીમાં ઈંગ્લેન્ડના ઝડપી બોલર સિડની બાર્ન્સ (૯૩૨) અને જ્યોર્જ લોહમેન (૯૩૧) ટોચ પર છે. જ્યારે ઈમરાન ખાન (૯૨૨) અને મુથૈયા મુરલીધરન (૯૨૦) ત્રીજા અને ચોથા સ્થાને છે. બુમરાહ અત્યાર સુધી સીરિઝમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર છે. તેણે ૪ ટેસ્ટ મેચની ૮ ઈનિંગ્સમાં સૌથી વધુ ૩૦ વિકેટ ઝડપી હતી. જેમાં તેની સરેરાશ ૧૨.૮૩ રહી હતી. તેના પછી પેટ કમિન્સ બીજા સ્થાને છે જેણે ૨૦ વિકેટ લીધી હતી. બુમરાહને આ પ્રદર્શનનો મજબૂત ફાયદો મળ્યો છે. બુમરાહે સીરિઝની ત્રીજી ગાબા ટેસ્ટમાં પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે પહેલી ઈનિંગમાં ૭૬ રન આપીને ૬ વિકેટ અને બીજી ઈનિંગમાં ૧૮ રનમાં ૩ વિકેટ લીધી હતી. બુમરાહે સીરિઝની પહેલી ટેસ્ટમાં ૮ અને બીજી ટેસ્ટમાં ૪ વિકેટ ઝડપી હતી. અહીં તમને જણાવી દઈએ કે હાલ ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયાના પ્રવાસ પર છે. જ્યાં બોર્ડર-ગાવસ્કર ટ્રોફી હેઠળ બંને ટીમો વચ્ચે ૫ મેચની ટેસ્ટ સીરિઝ રમાઈ રહી છે. જેમાંથી ચોથી મેચ મેલબર્નમાં રમાઈ હતી. આ ચોથી મેચમાં ઓસ્ટ્રેલિયાનો ૧૮૪ રને વિજય થયો હતો. હાલ ઓસ્ટ્રેલિયન ટીમ સીરિઝમાં ૨-૧થી આગળ છે. હવે છેલ્લી ટેસ્ટ ૩ જાન્યુઆરીથી સિડનીમાં રમાશે.




## ન્યૂઝ બ્રિફ

### સંપૂર્ણ રાજકીય સન્માન સાથે જીમી કાર્ટરની ૯મી જાન્યુ.એ વોશિંગ્ટનમાં અંતિમ ક્રિયા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧ ।

અમેરિકાના પૂર્વ પ્રમુખ જીમી કાર્ટરની અંતિમ ક્રિયા તા.૯ જાન્યુઆરીએ પાટનગર વોશિંગ્ટનમાં યોજાશે. તે દિવસ રાષ્ટ્રીય શોક દિવસ જાહેર કરાયો છે. તે દિવસે અમેરિકાની અદાલતો બંધ રહેશે. સર્વોચ્ચ અદાલત પણ દિવંગત પ્રમુખનાં માનમાં બંધ રહેશે. સોમવારે સુપ્રીમ કોર્ટે જ આ જાહેરાત કરી હતી. આ પૂર્વે તા. ૪ જાન્યુઆરીએ કાર્ટરના નશ્વર દેહને તેઓનાં બાળપણનાં વતન જ્યોર્જીયાનાં પ્લેન્સ શહેર પાસેનાં ફેમિલી ફાર્મમાં રાખવામાં આવશે ત્યાં સૌ કોઈ અંતિમ દર્શન કરીને પછી તે નશ્વર દેહ જ્યોર્જીયા રાજ્યમાં વિધાનગૃહે લઈ જવાશે ત્યાંથી જાન્યુઆરી ૭મી સુધી એટલાન્ટા સ્થિત કાર્ટર પ્રેસિડેન્શ્યલ સેન્ટરમાં રાખવામાં આવશે તે પછી તે રાષ્ટ્રીય સંસદગૃહ ધી કેપિટોન લઈ જવાશે જ્યાં જનસામાન્ય તેઓનાં અંતિમ દર્શન કરી શકશે.

### ૨૪ વર્ષનો દીકરો હેવાન બન્યો, માતા-૪ બહેનની કરી હત્યા

। (એજન્સી) લખનઉ, તા.૧ ।

ઉત્તર પ્રદેશના લખનઉમાં એક હોટલની અંદર ૫ લોકોની હત્યાનો બનાવ સામે આવતા સનસનાટી મચી ગઈ. અહીં એક દીકરાએ જ તેની માતા અને ચાર બહેનોની હિચકારી હત્યા કરી દીધી. આ ઘટના લખનઉના નાકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી.માહિતી મુજબ આગ્રાનો વતની પરિવાર લખનઉમાં આવેલી હોટલ શરણજીતમાં રોકાયો હતો. ઘટના બાદ પોલીસે પુત્રને કસ્ટડીમાં લઈ પૂછપરછ શરૂ કરી હતી. પ્રાથમિક તપાસમાં પારિવારિક વિવાદને કારણે હત્યા કરાઈ હોવાનો ખુલાસો થયો છે. મૃતદેહોનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો છે. આ ઘટનાને અંજામ આપનાર આરોપીનું નામ અરશદ (૨૪) છે. પોલીસ પૂછપરછ દરમિયાન તેણે હત્યાની કબૂલાત કરી હતી. તેણે પોલીસને જણાવ્યું કે તેનો પરિવાર સાથે કોઈ મુદ્દે વિવાદ ચાલી રહ્યો હતો.

### બિહારમાં પાર્ટી કરીને ઘરે જતાં 3 યુવકો બાઈક સાથે નહેરમાં ખાબક્યાં

। (એજન્સી) બિહાર, તા.૧ ।

આજે સાસારામમાં વહેલી સવારે બિહારના રોહતાસ જિલ્લામાં આવેલા સાસારામ પાસે એક ભયાનક રોડ અકસ્માત સર્જાયો હતો. જ્યાં સૂર્યપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બાઈક અચાનક બેકાબુ થઈને લખુઈ લાખા કેનાલમાં પડ્યું હતું. જેના કારણે બાઈક પર સવાર ત્રણ યુવાનોના કરૂણ મોત નિપજ્યા હતા. મળતી માહિતી પ્રમાણે આ ત્રણેય મૃતક યુવકની બહેનના ઘરે જન્મદિવસની પાર્ટી મનાવીને પરત ફરી રહ્યા હતા, ત્યારે આ અકસ્માત થયો હતો. સવારે કેટલાક સ્થાનિક યુવકો મોર્નિંગ વોકમાં નીકળ્યા ત્યારે આ ઘટનાની માહિતી મળી હતી. માહિતી મળતા જ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. અને ત્રણેય મૃતદેહોનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા.

# ચીન અને તાઈવાન એક દેશ, કોઈ તાકાત નહીં રોકી શકે : જિનપિંગની ધમકી

## ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે નવા વર્ષે આપેલા પોતાના મેસેજમાં તાઈવાનને લઈને મોટું નિવેદન

। (એજન્સી) ચીન, તા.૧ ।

વિશ્વભરમાં નવા વર્ષની ઉજવણીમાં તમામ લોકો એ પ્રાર્થના કરી રહ્યાં છે કે ચારેબાજુ શાંતિ રહે તેનાથી અલગ ચીન વર્ષ ૨૦૨૪ની જેમ ૨૦૨૫ માં પણ ધમકી આપવાથી રોકાઈ રહ્યું નથી. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે નવા વર્ષે આપેલા પોતાના મેસેજમાં તાઈવાનને લઈને મોટું નિવેદન આપ્યું. તેમણે કહ્યું ‘તાઈવાન જળસંધિઓના બંને કિનારા પર રહેતાં અમે ચીની એક જ પરિવારના છીએ. કોઈ પણ અમારી વચ્ચેના સંબંધના બંધનને ક્યારેય પણ ખતમ કરી શકશે નહીં.’ ચીન તાઈવાનને પોતાની મુખ્ય જમીનનું અભિન્ન અંગ માને છે અને ‘એક ચીન’



નીતિને આગળ વધારતાં તેને પોતાની રાજદ્વારી પ્રાથમિકતાઓમાં સામેલ કરે છે. શી જિનપિંગે પોતાના ત્રીજા કાર્યકાળ દરમિયાન તાઈવાનને ચીનની સાથે બીજી વખત સામેલ કરવાને પ્રાથમિકતા આપી છે. તેને તે પોતાની મુખ્ય સૈન્ય અને રાજદ્વારી રણનીતિનો ભાગ માને છે. પોતાના સંબોધનમાં શી એ કહ્યું કે ‘ચીન વૈશ્વિક શાસન સુધારાને સક્રિય રીતે પ્રોત્સાહન આપી રહ્યું છે અને વિશ્વ શાંતિ અને સ્થિરતા જાળવી રાખવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે ‘ગ્લોબલ સાઉથ’ ના દેશોની સાથે સહયોગ અને એકતાને મજબૂત કરવાની વાત કહી. પરિવર્તન અને અશાંતિથી ભરેલી દુનિયામાં ચીન એક જવાબદાર દેશ તરીકે વૈશ્વિક મુદ્દાનું સમાધાન શોધવામાં યોગદાન આપી રહ્યું છે.’

નવા વર્ષના મેસેજમાં પણ એક અન્ય મુખ્ય હેતુ જનતાને અર્થવ્યવસ્થાને લઈને વિશ્વાસ અપાવવાનો હતો. કોવિડ-૧૯ મહામારી બાદ ચીનની અર્થવ્યવસ્થામાં ઘટાડો જોવા મળ્યો, જેમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રે ધરાશાયી થવું અને વ્યાપક બેરોજગારી મુખ્ય કારણ રહ્યાં. શી એ કહ્યું કે ‘૨૦૨૪માં ચીનનું કુલ સ્થાનિક ઉત્પાદન ૧૩૦ ટ્રિલિયન યુઆન (લગભગ ૧૮.૦૮ ટ્રિલિયન અમેરિકન ડોલર) સુધી પહોંચવાની આશા છે. સાથે જ અનાજ ઉત્પાદન ૭૦ કરોડ ટનથી વધુ થઈ ચૂક્યું છે. તેમણે ઈલેક્ટ્રિક વાહનોની નિકાસ વધારવાની પણ વાત કહી, જોકે અમેરિકા અને યુરોપીય સંઘ દ્વારા લગાવવામાં આવેલો આયાત શુલ્ક આમાં અવરોધ બની રહ્યો છે.’ રાષ્ટ્રપતિ શી ની સામે ડોનાલ્ડ ટ્રમ્પ ની વાપસી સૌથી મોટો પડકાર બનીને ઉભરી છે. ટ્રમ્પે પહેલા કાર્યકાળમાં ચીન પર ૩૮૦ અબજ અમેરિકન ડોલરથી વધુનો આયાત શુલ્ક લગાવ્યો હતો અને ચીન પર અમેરિકાને દગો આપવાનો આરોપ લગાવ્યો હતો.

# વારાણસીમાં ચાઇનીઝ દોરીથી બાઈક સવાર યુવાનનું મોત

। (એજન્સી) વારાણસી, તા.૧ ।

ચાઈનીઝ દોરીએ વધુ એકનો ભોગ લીધો છે. વારાણસીના ચોકાઘાટ-લહરતારા ફ્લાયઓવર પર પ્રતિબંધિત ચાઈનીઝ દોરીની લપેટમાં આવી જવાથી બાઈક સવાર યુવકનું મોત થઈ ગયું છે. બે અન્ય ઘટનાઓમાં વાહન સવાર ગંભીર રીતે ઘાયલ થયા છે. તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આદમપુર પોલીસ સ્ટેશન વિસ્તારના કજ્જાકપુરામાં રહેતા રાજેશ શર્માનો દીકરો વિવેક શર્માનું મામાનું ઘર લહરતારા છે. મંગળવારે નાનાની પુણ્યતિથિ હતી. તેમાં સામેલ થવા માટે માતા શ્યામા દેવી અને બહેન સોનમ સાથે જવા નીકળ્યો હતો બપોરે ૨:૩૦ વાગ્યે માતા અને બહેનને બાઈક પર લઈને મારા મામાના ઘરે જવા નીકળ્યો હતો.તે ચોકઘાટ ફ્લાયઓવર પર ચઢીને થોડા અંતરે પહોંચ્યો ત્યારે તેના પર ચાઈનીઝ દોરી પડી. દોરી તેના ગળામાં ફસાઈ ગઈ કારણ કે તેણે હેલ્મેટ નહોતું પહેર્યું. વિવેક કંઈ સમજે તે પહેલા તો દોરીએ તેનું ગળું કાપી નાખ્યું હતું. થોડે દૂર ગયા બાદ તે બાઈક સાથે ફ્લાયઓવર પર પડી ગયો. તેને લોહીથી લથપથ જોઈને માતા અને બહેનના હોશ ઉડી ગયા.

### જ્યોર્જિયાથી આ ખરાબ સમાચાર સામે આવ્યા

# નવા વર્ષ નિમિત્તે કોર્ટમાં જ ન્યાયાધીશની આત્મહત્યાથી ખળભળાટ મચી ગયો

## યેકેલે રાજ્યપાલને પત્ર લખીને પોતાના પદ પરથી રાજીનામું આપવાનો પ્રયાસ કર્યો હતો યેકેલે પત્રમાં જણાવ્યું હતું કે તેઓ ૩૦ ડિસેમ્બરથી રાજીનામું આપશે

। (એજન્સી) જ્યોર્જિયા, તા.૧ ।

નવા વર્ષ નિમિત્તે કોર્ટમાં જ ન્યાયાધીશની આત્મહત્યાથી ખળભળાટ મચી ગયો છે. જ્યોર્જિયાથી આ ખરાબ સમાચાર સામે આવ્યા છે.જજ સ્ટીફન યેકલ, ૭૪, મંગળવારે તેમના સ્ટાફ દ્વારા મૃત મળી આવ્યા હતા. સવારે ૧૦ વાગ્યાની આસપાસ એફિંગહામ કાઉન્ટી સ્ટેટ કોર્ટહાઉસની અંદર મળી તપાસમાં જાણવા મળ્યું છે કે યેકેલે રાજ્યપાલને પત્ર લખીને પોતાના પદ પરથી રાજીનામું આપવાનો પ્રયાસ કર્યો હતો. યેકેલે પત્રમાં જણાવ્યું હતું



કે તેઓ ૩૦ ડિસેમ્બરથી રાજીનામુ આપશે. યેકેલ, મૃત મળી આવેલા ન્યાયાધીશની ૨૦૨૨માં રાજ્યની અદાલતમાં નિમણૂક કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, તેમણે તાજેતરમાં જ તેમના પદ પરથી રાજીનામું આપવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ જ્યોર્જિયાના ગવર્નર બ્રાયન કેમ્પે ના પાડી દીધી હતી. મંગળવારે સવારે ૧૦ વાગ્યાની આસપાસ એફિંઘમ કાઉન્ટી સ્ટેટ કોર્ટહાઉસમાં તે મૃત હાલતમાં મળી આવ્યો હતો. તપાસકર્તાઓનું માનવું છે કે તેનું મૃત્યુ સોમવારે મોડી રાત્રે અથવા મંગળવારે સવારે થયું હશે.એવું નોંધવામાં આવ્યું હતું કે જે દિવસે સ્ટીફન યેકલ મૃત હાલતમાં મળી આવ્યો હતો તે દિવસે કોર્ટમાં તેનો છેલ્લો દિવસ હતો. ફરી ચૂંટણીમાં તેમનો પરાજય થયો હતો. શેરિફ જીમી મેકડફીએ યેકલના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને કહ્યું કે આ કોઈના માટે સારું નથી.

### હમાસ દ્વારા ઇઝરાયલ પર મોટો આતંકવાદી હુમલો કરવામાં આવ્યો હતો

# ઇઝરાયલે હમાસના વધુ એક ટોપ કમાન્ડરને ઠાર માર્યો

## ૨૦૨૩ના રોજ ઇઝરાયલ પર થયેલા આતંકવાદી હુમલામાં સામેલ હતો અને તેણે યહૂદી વસાહત પર હુમલો કર્યો હતો

। (એજન્સી) ઇઝરાયલ, તા.૧ ।

ઈઝરાયલી સેના અને શિન બેટના જણાવ્યા અનુસાર અલ-હાદી યુનિસમાં હમાસના નુખ્બા ફોર્સનો કમાન્ડરોએ ડ્રોન હુમલામાં મારી નાખ્યો છે. IDFએ કહ્યું કે, ‘અલ-હાદીએ ઈઝરાયલના કિબુટ્ઝ નીર ઓઝ પર આતંકવાદી હુમલાનું નેતૃત્વ કર્યું હતું. અહીંથી ડઝનબંધ લોકોનું અપ હરણ કરીને હત્યા કરવામાં આવી હતી.’ અબ્દ અલ-હાદી સબા ખાન હમાસના નેતાઓમાંનો એક હતો જેણે ઈઝરાયલમાં ૭ ઑક્ટોબરના



હત્યાકાંડ દરમિયાન કિબુત્ઝ નીર ઓઝમાં ઘૂસણખોરી કરી હતી. આ અંગે IDF એ ટ્વીટ કર્યું છે કે, ‘હાદીએ યુદ્ધ દરમિયાન IDF સૈનિકો પર ઘણા આતંકવાદી હુમલાઓ કર્યા હતા. અબ્દ અલ-હાદી દક્ષિણ ગાઝાના ખાન યુનિસ વિસ્તારમાં માર્યો ગયો હતો.’ ઈઝરાયલની સુરક્ષા એજન્સીઓ અને IDFનું કહેવું છે કે, ‘તેણે આ ઓપરેશન ઈન્ટેલિજન્સ એજન્સીના આધારે કર્યું હતું. તે હમાસના ઘણા આતંકવાદી હુમલાનો માસ્ટરમાઈન્ડ હોવાનું કહેવાય છે.’ ૭ ઑક્ટોબર, ૨૦૨૩ ના રોજ, હમાસ દ્વારા ઈઝરાયલ પર મોટો આતંકવાદી હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ૧૨૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા. ૨૫૦થી વધુ લોકોને બંધક બનાવવામાં આવ્યા હતા. કહેવાય છે કે આમાંથી ૧૦૦થી વધુ લોકો હજુ પણ હમાસની કસ્ટડીમાં છે.

### ખેડૂતોને નવા વર્ષની ભેટ

# ખાતર પર સબસિડીની જાહેરાત, DAP બેગના દરમાં નહીં થાય વધારો

## આ નિર્ણય આંતરરાષ્ટ્રીય બજારમાં વધતા જતા ભાવને કારણે લેવામાં આવ્યો છે, જેથી વધતા ભાવની ખેડૂતો પર અસર ન થાય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

વર્ષના પહેલા દિવસે કેન્દ્ર સરકારે કેબિનેટની બેઠકમાં ઘણા મહત્ત્વના નિર્ણયો લીધા છે. PM નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં પ્રધાનમંત્રી પાક વીમા યોજના અને પુનઃરચિત હવામાન આધારિત પાક વીમા યોજનાને ૨૦૨૫-૨૬ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી હતી, જેના માટે કુલ ૬૯૫૧૫.૭૧ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી. કેબિનેટની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે ખેડૂતોને ૫૦ કિલો DAPની થેલી ૧૩૫૦ રૂપિયામાં મળતી રહેશે. સરકારે DAP પર ૩૮૫૦ કરોડ રૂપિયાની વધારાની સબસિડી આપવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય આંતરરાષ્ટ્રીય બજારમાં વધતા જતા ભાવને કારણે લેવામાં આવ્યો છે, જેથી વધતા ભાવની ખેડૂતો પર અસર ન થાય. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે એક બ્રીફિંગમાં જણાવ્યું હતું કે કેબિનેટે ૦૧ જાન્યુઆરી ૨૦૨૫ થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધીના સમયગાળા માટે DAP પરના એક વખતના વિશેષ પેકેજને ખેડૂતોને પોષણક્ષમ ભાવે ઉપલબ્ધ કરાવવાની ખાતરી આપી છે , કેબિનેટના નિર્ણયથી એ સુનિશ્ચિત થશે કે ખેડૂતોને ૫૦ કિલોની થેલી દીઠ રૂ. ૧,૩૫૦ના દરે DAP ખાતર મળતું રહેશે.

વૈષ્ણવે કહ્યું કે ૨૦૨૫ ની પ્રથમ કેબિનેટ બેઠક પ્રધાનમંત્રી દ્વારા ખેડૂતોને સમર્પિત કરવામાં આવી છે, આ પ્રથમ બેઠકમાં ખેડૂતો સાથે સંબંધિત વ્યાપક ચર્ચા કરવામાં આવી હતી,

જેમાં વિવિધ પાસાઓને આવરી લેવામાં આવ્યા હતા અને આજે લેવાયેલા નિર્ણયો સંપૂર્ણપણે ખેડૂતોના કલ્યાણ પર કેન્દ્રિત છે. ખેડૂતો.

### અસરકારક રીતે કાયદો લાગુ કરવાની માગ

# મંદિર-મસ્જિદ વિવાદ પર સુપ્રીમ કોર્ટ પહોંચ્યા ઓવૈસી, કરી મોટી માંગ

## અરજીમાં ઓવૈસીએ દેશમાં પૂજા સ્થળ કાયદો લાગુ કરવાની માગ કરી છે ઓવૈસીએ વકીલ ફુઝૈલ અહમદ અય્યૂબીના માધ્યમથી ૧૭ ડિસેમ્બરે અરજી દાખલ કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

ઓવૈસીએ પોતાની અરજીમાં કેન્દ્ર સરકારને કાયદાને અસરકારક અમલીકરણ નક્કી કરવાના આદેશની માગ કરી છે. ઓવૈસીના વકીલે હવાલો આપ્યો કે ઘણી કોર્ટોએ હિન્દુવાદીઓની અરજીઓ પર મસ્જિદોનું સર્વેક્ષણ કરવાનો આદેશ આપ્યો હતો. મુસ્લિમ પક્ષની દલીલોમાં સાંપ્રદાયિક સૌહાર્દ અને મસ્જિદોની વર્તમાન સ્થિતિને જાળવી રાખવા માટે ૧૯૯૧ ના પૂજા સ્થળ કાયદાને લાગુ કરવાની માગ કરી છે. હિંદુ પક્ષના દાવો છે કે આક્રમણકારીઓના હુમલાથી પહેલા આ સ્થળો પર મંદિર હતા. ઘણી અરજીઓમાં પૂજા સ્થળ કાયદાની બંધારણીય માન્યતાને પડકાર આપવામાં આવ્યો. તેના વિરુદ્ધ જ્ઞાનવાપી મસ્જિદ સંચાલન સમિતિએ



સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. સમિતિએ મથુરામાં શાહી ઈદગાહ મસ્જિદ, દિલ્હીના કુતુબ મિનારની પાસે કુવ્વત-ઉલ-ઈસ્લામ મસ્જિદ, મધ્ય પ્રદેશમાં કમાલ મૌલા મસ્જિદ સહિત અન્ય દરગાહોથી જોડાયેલા દાવાનો ઉલ્લેખ કર્યો છે.

સમિતિનું કહેવું છે કે કાયદાને પડકાર આપનારી અરજીઓ આ ધાર્મિક સ્થળો વિરુદ્ધ કેસને સુવિધાજનક બનાવવાના તોફાની ઈરાદાથી દાખલ કરવામાં આવી. ૧૨ ડિસેમ્બરે ચીફ જસ્ટિસ સંજીવ ખન્નાની અધ્યક્ષતાવાળી બેન્ચે ઘણી અરજીઓ પર સુનાવણી કરી અને તમામ કોર્ટને નવા કેસ પર વિચાર કરવા અને ધાર્મિક સ્થળો ખાસ કરીને મસ્જિદો અને દરગાહો પર પુનઃ અધિકાર માટે પેન્ડિંગ મામલામાં વચગાળાના કે અંતિમ આદેશ પાસ કરવા પર રોક લગાવી દીધી હતી. સુનાવણી દરમિયાન બેન્ચે કહ્યું હતું કે ‘મામલો આ કોર્ટમાં વિચારાધીન છે. તેથી અમે એ સમજીએ છીએ કે કોઈ નવો કેસ નોંધવામાં આવે નહીં.’ વિશેષ બેન્ચમાં જસ્ટિસ સંજય કુમાર અને જસ્ટિસ કેવી વિશ્વનાથન પણ સામેલ હતા. બેન્ચે છ અરજીઓ પર સુનાવણી કરી. જેમાં એક અરજી વકીલ અશ્વિની ઉપાધ્યાયે કરી છે. તેમણે પૂજા સ્થળ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૯૧ની વિભિન્ન જોગવાઈને પડકાર આપ્યો છે.

### H1B વિઝા અંગે કેન્દ્ર સરકાર ચિંતિત

# આઇટી મંત્રાલય અમેરિકન કંપનીઓ પાસે માગ્યો ફીડબેક

## સરકાર આઇટી-મેનેજમેન્ટ પ્રોફેશનલ્સની પ્રોફાઇલિંગ પર ચાંપતી નજર રાખી રહી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

છેલ્લા કેટલાક દિવસોથી અમેરિકામાં H-1B વિઝાને લઈને ચર્ચા ચાલી રહી છે. હવે કેન્દ્ર સરકાર પણ ભારતીય H-1B વિઝા ધારકોના વિરોધને લઈને સતર્ક થઈ ગઈ છે. સરકાર યુએસમાં ભારતીય H-1B વિઝા ધારકો સામે વિદેશ મંત્રાલય, IT મંત્રાલય અને વાણિજ્ય વિભાગ દ્વારા યુએસમાં કાયદેસર રીતે કામ કરી રહેલા ભારતીય વ્યાવસાયિકોની સ્થિતિ પર નજર રાખી રહી છે.સરકાર આઈટી અને મેનેજમેન્ટ પ્રોફેશનલ્સની પ્રોફાઈલિંગ પર ચાંપતી નજર રાખી રહી છે. આઈટી મંત્રાલય ઉપરાંત, વિદેશ મંત્રાલય અને વાણિજ્ય વિભાગ દ્વારા પણ વિકાસની નજીકથી દેખરેખ રાખવામાં આવી રહી છે. એક સરકારી સૂત્રના જણાવ્યા અનુસાર, સરકાર ચિંતિત છે કે




આવી સ્થિતિ ઊભી ન થાય જ્યાં અમારા ભારતીય વ્યાવસાયિકોને અમેરિકામાં રહેવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે. આઈટી મંત્રાલય સ્થિતિને સમજવા માટે મોટી સોફ્ટવેર કંપનીઓ પાસેથી ફીડબેક પણ લઈ રહ્યું છે. આઈટી મંત્રાલયે અમેરિકન કંપનીઓને પૂછ્યું છે કે જમીન પર આ વિઝાને લઈને શું સ્થિતિ છે. IT મંત્રાલય જમીની સ્તરે પરિસ્થિતિને સમજવા માટે મોટી સોફ્ટવેર કંપનીઓ તેમજ NASSCOM જેવા ઉદ્યોગ પાસેથી ફીડબેક લઈ રહ્યું છે. “અમે ખાતરી કરવા માંગીએ છીએ કે તે સંદર્ભમાં અમારી સ્પર્ધાત્મક સ્થિતિને અસર ન થાય,’’ સૂત્રએ જણાવ્યું હતું.

# તંત્રી લેખ...

## નવા વર્ષના પ્રથમ દિવસે જ એલપીજીના ભાવમાં ઘટાડો

૨૦૨૫ની શરૂઆત થઈ છે. નવા વર્ષના પ્રથમ દિવસે જ એલપીજીના ભાવમાં ઘટાડો થયો છે. ઑયલ એન્ડ ગેસ માર્કેટિંગ કંપનીઓ દ્વારા એલપીજી સિલિન્ડરના ભાવમાં ઘટાડાની જાહેરાત કરવામાં આવી છે. દિલ્હીથી મુંબઈ સુધી સિલિન્ડરના ભાવમાં ૧૪ થી ૧૬ રૂપિયા સુધી ઘટાડો થયો છે. આ ઘટાડો કંપનીના ૧૯ કિલોગ્રામ વાળા કોમર્શિયલ ગેસ સિલિન્ડર માં થયો છે. જ્યારે ઘરેલુ રસોઈ ગેસ સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી.આઈઓસીએલની વેબસાઈટ પર અપડેટ કરવામાં આવેલા નવા ભાવ મુજબ, રાજધાની દિલ્હીમાં ૧ જાન્યુઆરીથી ૧૯ કિલોવાળા એલપીજી સિલિન્ડરની કિંમત ઘટીને ૧૮૦૪ રૂપિયા થઈ છે. જે ૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ૧૮૧૮.૫૦ રૂપિયા હતા. એટલેકે કે સિલિન્ડરના ભાવમાં ૧૪.૫૦ રૂપિયાનો ઘટાડો થયો છે. દિલ્હી જ નહીં દેશના અન્ય મહાનગરોમાં પણ કિંમતમાં બદલાવ થયો છે. દિલ્હી ઉપરાંત કોલકાતામાં ૧૯ કિલોવાળા સિલિન્ડરની કિંમત રૂ.૧૯૨૭થી ઘટીને રૂ.૧૯૧૧ થઈ છે. આમ અહીં ૧૬ રૂપિયાનો ઘટાડો થયો છે. મુંબઈમાં રૂ.૧૭૭૧ની કિંમતે મળતા સિલિન્ડરની કિંમત હવે રૂ.૧૭૫૬ થઈ ગઈ છે, એટલે કે અહીં ૧૫ રૂપિયાનો ઘટાડો થયો છે. ચેન્નાઈની વાત કરીએ તો અહીં ૧૯૮૦.૫૦ રૂપિયામાં મળતા સિલિન્ડરની કિંમત હવે ૧૯૬૬ રૂપિયા થઈ ગઈ છે. ઘણા લાંબા સમય બાદ ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતોમાં ફેરફાર જોવા મળ્યો છે. જોકે ૧૪ કિલોગ્રામના એલપીજી સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી. આ સિલિન્ડર પહેલી ઓગસ્ટથી નિર્ધારીત કરાયેલી કિંમત પર જ મળી રહ્યો છે. નવા વર્ષે પણ તેની કિંમતમાં કોઈ ફેરફાર થયો નથી. રસોઈમાં વપરાતા LPG ગેસ સિલિન્ડરની કિંમતની વાત કરીએ તો દિલ્હીમાં તેની કિંમત ૮૦૩ રૂપિયા, કોલકાતામાં ૮૨૯ રૂપિયા, મુંબઈમાં ૮૦૨.૫૦ અને ચેન્નાઈમાં ૮૧૮.૫૦ રૂપિયા પર સ્થિર છે.

## વાસ્તવિક પડકારો સામે ક્ષુલ્લક બાબતો પર બૂમરાણ

વીતેલું વર્ષ ઈતિહાસનું સૌથી મોટું ચૂંટણી વર્ષ હોવાની સાથે સાથે પ્રમુખ લોકતંત્રોમાં ફેલાતી અસ્થિરતાના નામે પણ રહ્યું. જર્મની, ફ્રાન્સ, કેનેડા અને જાપાનમાં સરકારો સત્તાધારી પાર્ટીઓએ બહુમત ગુમાવી દેતાં અસ્થિર થઈ. દક્ષિણ કોરિયામાં માર્શલ લો લગાવવાને કારણે સરકાર સંકટમાં છે અને બ્રિટનમાં પ્રચંડ બહુમતીથી જીત્યા છતાં કારોબારી ટેક્સ વધારવા અને પેન્શનધારકોનું શિયાળુ ભથ્થું કાપવાને કારણે સરકારની લોકપ્રિયતા ખાસ્સી ઘટી ગઈ. સત્તાધારી પાર્ટીઓ અને તેના ગઠબંધનો પ્રત્યે વધતા જન અસંતોષનાં ત્રણ મુખ્ય કારણો છે. શિક્ષણ, સ્વાસ્થ્ય, બેરોજગારી ભથ્થું અને પેન્શન જેવી સુવિધાઓની વધતી માંગની સાથે સાથે ટેક્સ દરોમાં પણ કપાતની આશઆ, મોંઘવારી અને શરણાર્થીઓની વધતી સંખ્યા. અમેરિકામાં કમલા હેરિસની હારનાં મૂળ કારણો પણ આવાં જ હતાં. જાપાન, કેનેડા અને યુરોપના લોકતાંત્રિક દેશોમાં લોકોની સરેરાશ ઉંમર વધી રહી છે, જેનાથી પેન્શન અને સ્વાસ્થ્ય સેવાઓનો ખર્ચ વધી રહ્યો છે. જનન દર ઘટી રહ્યો છે, જેનાથી કમાનાર અને ટેક્સ આપનારાની સંખ્યા ઘટી રહી છે. આર્થિક વિકાસ દરો પણ ધીમા પડી રહ્યા છે, જેને કારણે રાજસ્વ વધી નથી રહ્યો. લોકો ના તો જનકલ્યાણની એ સુવિધાઓમાં કપાતને સહન કરવા તૈયાર છે, જેનાથી તેઓ ટેવાઈ ગયા છે અદ્ધે ના વધારે ટેક્સ આપવા તૈયારછે. સીરિયા, અફઘાનિસ્તાન, પેલેસ્ટાઈન, યમન અને સુડાન જેવા દેશોથી આવનાર શરણાર્થીઓના પૂરથી જનસેવાઓ પર બોજ ઓર વધી રહ્યો છે. સરકારો આ પડકારો વચ્ચે સંતુલન સાધવામાં અસમર્થ સાબિત થઈ રહી છે. જાપાન, જર્મની, ફ્રાન્સ, બ્રિટન અને કેનેડા સુધી લગભગ દરેક દેશમાં વધતા જન અસંતોષનું મુખ્ય કારણ આ જ છે. રોજગાર અને જનકલ્યાણ સુવિધાઓની વધતી માંગની સાથે સાથે મોંઘવારીનો માર ભારતમાં પણ જન અસંતોષનું એક મુખ્ય કારણ છે. તેને કારણે ભાજપ સામાન્ય ચૂંટણીમાં પોતાની બહુમતી વધારવાને બદલે બચાવવામાં પણ નિષ્ફળ રહી. જ્યાં સુધી શરણાર્થીઓની વાત છે, ભારતમાં અમેરિકા અને બ્રિટનની જેમ શરણાર્થીઓ કરતાં ક્યાંય મોટી સમસ્યા ઘૂસણખોરોની છે. જ્યાં અમેરિકા અને બ્રિટનમાં ઘૂસણખોરોને અટકાવવા અને કાઢી મૂકવા માટે એકમત છે, એવી જ રીતે ભારતમાં વોટબેંકની લાલચમાં તેમને આશ્રય અપાઈ રહ્યો છે. આ બધાથી અલગ ભારતમાં એક એવી રાજકીય સમસ્યા પેદા થઈ ગઈ છે, જે અત્યાર સુધી બીજા કોઈ મોટા લોકતંત્રમાં જોવા નથી મળતી અને તે છે જનાદેશ સ્વીકાર નહીં કરવાની સમસ્યા! ચૂંટણી પહેલાં સુધી અમેરિકામાં પણ એવો અંદેશો હતો કે જો ટ્રમ્પ હારી જતા તો તેમના સમર્થકો જનાદેશનો સ્વીકાર ન કરતા અને ત્યારે સૌથી જૂના લોકતંત્રનો તમાશો બની શકતો હતો, પરંતુ ટ્રમ્પની નાટકીય જીતે અમેરિકાની લાજ બચાવી લીધી. તેનાથી ઠીક વિપરીત ભારતમાં મોંઘવારી અને બેરોજગારીના માર અને બંધારણ તથા ચૂંટણી બોન્ડોને લઈને કરવામાં આવેલ ભ્રામક પ્રચાર છતાં સત્તાધારી ગઠબંધનને બહુમતી મળી ગઈ. અન્ય કોઈપણ સ્થિર લોકતંત્રમાં ભારત જેવું ચૂંટણી પરિણામ આવ્યું હોત તો હારનાર પક્ષ જનાદેશ સ્વીકાર કરીને પોતાની ભૂલો અને નવી સરકારની યોજનાઓની સમીક્ષામાં જોડાઈ જાત. જર્મનીમાં રાષ્ટ્રપતિ શુલ્ઝની સોશ્યલ ડેમોક્રેટિક પાર્ટી અને ફ્રાન્સમાં રાષ્ટ્રપતિ મેક્રોંની રેનેસાં પાર્ટી ખરાબ રીતે હારી અને અતિ જમણેરી પાર્ટીઓથી પણ પાછળ રહી ગઈ. તેમ છતાં બંને દેશોમાં પરાજિત પાર્ટીઓએ ચૂંટણી પ્રક્રિયા પર સવાલ ઉઠાવવા અને બંધારણ ખતરામાં છે, જેમ નારા લગાવીને સંસદ અને સડકો પર અરાજકતા ફેલાવવાને બદલે પોતાની ઊર્જા નવું ગઠબંધન બનાવવામાં લગાવી. તેમણે ડાબેરી, મધ્યમ માર્ગી અને ગ્રીન પાર્ટીઓના નવા ગઠબંધન બનાવીને સરકાર બનાવી. એ વાત અલગ છે કે આર્થિક નીતિઓમાં ઊંડા મતભેદોને કારણે આ સરકારો ચાલી ન શકી, પરંતુ કોઈએ લોકોને જનાદેશ વિરુદ્ધ ઉશ્કેરવા અને અરાજકતા ફેલાવવાનો પ્રયાસ ન કર્યો. જાપાનમાં પણ એવું જ થયું અને હવે ટ્રમ્પના સત્તા સંભાળ્યા બાદ અમેરિકામાં પણ એવું જ દેખાઈ રહ્યું છે. અહીં સાંસદો બૂમરાણ મચાવવાની જગ્યાએ પોતપોતાની વાતો તથ્યો સાથે રજૂ કરે છે. દુર્ભાગ્યે ભારતમાં તેનાથી બિલકુલ વિપરીત તમાશો ચાલુ રહ્યો. સંસદનું સમગ્ર શિયાળુ સત્ર અદાણી ગ્રુપ પર અમેરિકામાં લાગેલા આરોપો પર ચર્ચાની હઠ, બંધારણ અને મનુસ્મૃતિ પર પ્રલાપ અને આંબેડકરના કથિત અપમાન પર માફીની જીદમાં હોમાઈ ગયું.

**વેદ તો કહે જ છે કે તેની શ્રુતિ એટલી જ પરમાત્માની સ્મૃતિ જો બનાવી રાખીએ, તો આ જડ અને ચેતનનો ભેદ પણ નગણ્ય લાગે**

# જાગીને જોઉં તો જગત દીસે નહીં.. એમ મોહનિંદ્રા માંથી જાગ્યાં વગર બધું નકામું!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**પ્રકૃતિના રહસ્યનો તાગ મેળવવા કવિ લખે છે, કે પંચમહાભૂતની આ પ્રકૃતિમાં અને અણું અણુંમાં એ પરમતત્વનો વાસ છે, હવા સતત તેની હાજરીનો સંસર્ગ કરાવે છે, પાણી તેની નિર્મળતાનો સંદેશ આપે છે, પૃથ્વી દરેકે દરેક જીવોમાં ભેદભાવ કર્યા વગર એ જ સ્થિરતાથી તેને અંતરમાં ધારણ કરે છે, સૂર્ય ચંદ્ર રૂપે અગ્નિ ત્યા ધવલ પ્રકાશ આપે છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ગઈકાલે ૧/૧/૨૦૨૫ હતો, અને ઈસુની સાલ પ્રથમ દિવસે જ શરદીની દવાને કારણે નીંદર એવી આવી કે.. ચિંતનનો ક્રમ તૂટી ગયો! જોકે આજસુધી આવું થયું નથી! ગુરુવારે ચિંતનમાં નરસિંહ એટલે કે જાગૃતિની વાત કરીએ છીએ એટલે મોહ નિંદ્રામાંથી જાગવું પડશે, ત્યારે આપણે પ્રકૃતિ સાથેનું અનુસંધાન કેળવી શકીશું, અને તો જ જીવન હકારાત્મક બની શકે, લાખ દુઃખો પડવા છતાં પ્રકૃતિ પોતાનું નિત્ય કર્મ ક્યારે ચૂકતી નથી. પરંતુ જીવ છે તે સંજોગો અને પરિસ્થિતિને નામે સદાય નીતિઓનું ઉલંઘન કરી અને ગમે તેમ વર્તે છે. જેથી કરીને વધુ ને વધુ પતન તરફ જઈ રહ્યો છે, અને આ બધામાં પ્રતિબંધ આવે તો જ જીવન હકારાત્મકતા તરફ જાય, આપણે આજે નરસિંહનું એવા જ એક પદ પર ચિંતન કરીશું.

**★નરસિંહ મહેતા★**
**જાગીને જોઉં તો જગત દીસે નહીં,**
**ઊંઘમાં અટપટા ભોગ ભાસે;**
**ચિત્ત ચૈતન્ય-વિલાસ-તદ્રૂપ છે,**
**બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે.**

કવિ અહીં,તમસ રાત્રીમાં જીવ જે મોહ નિદ્રા કરી રહ્યો છે, તેમાંથી જાગવાની વાત કરે છે. એટલે કે મોહ અને મમતાને કારણે પોતાનું જીવન જે સ્વના વર્તુળમાં ફરે રાખે છે, તેમાંથી બહાર નીકળી અને અન્ય તરફ દૃષ્ટિ કરે તો કહેવાતું જગત એટલે કે હું અને મારો પરિવાર એ ક્યાંય દેખાતું નથી, અને કણ કણમાં ચૈતન્યના દર્શન થાય છે, એટલે કે પરમ કૃપાળુ પરમાત્માના વિલાસથી આ સૃષ્ટિનું સર્જન થયું છે, અને એક એક ક્ષણમાં તે બિરાજમાન છે. તેની પ્રતીતિ થાય છે. બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે, એટલે કે પ્રકૃતિના એક એક અંગ માં જો પરમાત્મા બિરાજમાન હોય, તો બંને સાપેક્ષ રીતે એકબીજા સામે પોતાનું કર્તવ્ય કર્મ કરીને આનંદ પ્રાપ્ત કરે છે. શક્ય છે કવિની કક્ષા એ સમયે કંઈક અલગ રહી હશે, અને તેમને આંબાની કેરીમાં પણ એ જ ઈશ્વર દેખાયો હશે, અને બાવળના કાંટામાં પણ એ જ કદાચિત. ગાયનું વાછરડું, અને કુતરા બિલાડાનું બચ્ચું બંનેમાં પણ તેને એ જ પરબ્રહ્મ દેખાયો હોઈ શકે, જ્યારે આપણી માનસિકતા આજે તેને તે સ્વરૂપે પણ જોવાની રહી નથી. એટલે કે ગાય કુતરાના બચ્ચા આપણા વાહનોની હડફેટે આવે, તોપણ ગાડી રોકવાનું સૌજન્ય પણ હવે બહું થતું નથી, કારણકે ત્યાં મારાપણાનો ભાવ નથી. પરંતુ નરસિંહ નરસિંહ છે, તેને તો સાક્ષાત ઈશ્વરની સતત હાજરી છે, એટલે દરેકે દરેકમાં તે એનાં મુરલી મનોહરના દર્શન કરી શકે છે.

**પંચ મહાભૂત પરિબ્રહ્મથી ઉપજ્યાં,**
**અણુ અણુ માંહી રહ્યા રે વળગી;**
**ફૂલ અને ફળ તે તો વૃક્ષનાં જાણવાં,**
**થડ થકી ડાળ નવ હોય અળગી.**

પ્રકૃતિના રહસ્યનો તાગ મેળવવા કવિ લખે છે, કે પંચમહાભૂતની આ પ્રકૃતિમાં અને અણું અણુંમાં એ પરમતત્વનો વાસ છે. હવા સતત તેની હાજરીનો સંસર્ગ કરાવે છે, પાણી તેની નિર્મળતાનો સંદેશ આપે છે, પૃથ્વી દરેકે દરેક જીવોમાં ભેદભાવ કર્યા વગર એ જ સ્થિરતાથી તેને અંતરમાં ધારણ કરે છે. સૂર્ય ચંદ્ર રૂપે અગ્નિ ત્યા ધવલ પ્રકાશ આપે છે, અને આકાશ પોતાની છત્રછાયામાં સદા સૌને હેમખેમ રાખે છે. આ પાંચે પાંચ પંચમહાભૂત પોતાનું અસ્તિત્વ પરબ્રહ્મથી જ છે, અને પોતાના અણુએ અણુમાં તેનો નિશ્ચિત રૂપે વાસ છે, તે સત્યને જાણે છે અને તેને જ વળગી રહે છે, માટે પ્રકૃતિ ક્યારેય સ્વનું વિચારતી નથી. જેમ ફળ અને ફૂલ જે તે વૃક્ષના જ હોય છે, એટલે કે આંબામાં કેરી હોય તો એ આંબાની જ હોય, અને ગુલાબના છોડમાં ફૂલ હોય તો, એ ગુલાબના છોડનું જ ફૂલ છે. તે રીતે આપણે સૌ પણ એ પરમ કૃપાળુ પરમાત્માના સંતાન છીએ, એ સત્ય આપણા જીવનનું સૌથી પ્રથમ અને અંતિમ સત્ય બની રહે, તો જીવનના સુખ-દુઃખને આપણા હિત માટે જ છે, એવું આપણે વિચારી શકીએ. કારણ કે મા-બાપ છે, તે પોતાના સંતાનની પ્રગતિ માટે ક્યારેક કઠીન તો ક્યારેક કોમલ કૃપા કરતા હોય છે,એનો મતલબ એ છે, કે વૃક્ષ એ પોતાની ડાળને અળગી રાખી શકતો નથી. એટલે કે ડાળનું અસ્તિત્વ સતત ઝાડ સાથે જોડાયેલું હોય છે, એમ આપણે પણ તેની સાથે જોડાયેલા છીએ, પછી જે કંઈ થાય તે મારા હિત માટે જ થાય છે એવું વિચારી શકાય.

**વેદ તો એમ વદે, શ્રુતિ-સ્મૃતિ સાખ દે :**
**કનકકુંડળ વિશે ભેદ ન્હોયે;**
**ઘાટ ઘડિયા પછી નામ-રૂપ જૂજવાં,**
**અંતે તો હેમનું હેમ હોયે.**

વેદ તો કહે જ છે કે તેની શ્રુતિ એટલી જ પરમાત્માની સ્મૃતિ જો બનાવી રાખીએ, તો આ જડ અને ચેતનનો ભેદ પણ નગણ્ય લાગે, એટલે કે આ સારું ને આ ખરાબ એવો ભેદ ન રહે. કારણ કે સોનુ સૌને પ્રિય હોય, અને એ જ રીતે લોઢું સૌ ત્યજી દે તો,પરમ કૃપાળુ પરમાત્માએ બનાવેલી આ પ્રકૃતિનો પૂર્ણ આનંદ લઈ શકતા નથી. એટલે કે કમળ અને ગુલાબ, મોગરો, જેવા આકર્ષક પુષ્પ પસંદ આવે. પરંતુ બારમાસીનું કોઈ મૂલ્ય નહીં એવું ન્હોય, અહીં દરેકે દરેક પ્રાકૃતિક તત્વો આપણને જ્યારે પૂર્ણતઃ પ્રસન્નતા આપે, ત્યારે જ આપણે એ સત્યને સમજી શકીએ. ઈશ્વર તત્વ તો સર્વમાં એ રીતે જ વ્યાપ્ત છે, પછી તે પ્રકૃતિનું ગમે તે અંગ હોય ખાલી તેના ઘાટ જુદા છે,અંતે તો હેમનું હેમ હોયે, એટલે કે મૂળ તત્વ તો એ જ પરબ્રહ્મ છે, એ સત્ય સમજીને જીવનમાં દરેકનો સ્વીકાર કરીએ, દરેકને પ્રેમ કરીએ, તો જ એ પરમ કૃપાળુ પરમાત્માએ બનાવેલી પ્રકૃતિનો પૂર્ણતઃ આનંદ લઈ શકીએ.

**જીવને શિવ તે આપ-ઈચ્છાએ થયો,**
**ચૌદ લોક રચી જેણે ભેદ કીધા;**
**ભણે નરસૈંયો 'એ તે જ તું', 'એ તે જ તું',**
**એને સમર્યાથી કંઈ સંત સીધ્યા.**

જીવનું અવતરણ પૃથ્વી પર માત્ર ને માત્ર શિવની ઈચ્છાથી જ થયું છે. એણેજ ચૌદ બ્રહ્માંડની રચના કરી, અને જીવ અને શિવ એમ બે અલગ રૂપ કરીને ભેદ કર્યા છે, કારણ કે શિવની ઈચ્છા હતી, કે મેં બનાવેલી આ સૃષ્ટિનો કોઈ ઉપભોગ કરે. એટલે કે પ્રકૃતિને કોઈ માણે. નરસૈંયો સંતના સાનિધ્યથી કે પછી પોતાના સદગુરુની કૃપાથી એક એક પ્રાકૃતિક તત્વમાં તેના દર્શન કરી, એ જ તું! એ જ તું! એમ પરમાત્માને પોકારે છે, અને એના સ્મરણથી જ નિત્ય આનંદ પ્રાપ્ત કરે છે. જીવનમાં કોઈ અજાણી દિશાએ જવાનું હોય, તો આપણે સામાન્ય રીતે તેની જાણકારી પ્રાપ્ત કરીએ છીએ, અને તે પણ, તે જગ્યાએ જઈ આવેલા હોય, તેની પાસેથી તે પ્રદેશ કે ક્ષેત્ર વિશે પૂરી જાણકારી પ્રાપ્ત કરીને આપણે જતા હોઈએ છીએ. દાખલા તરીકે ત્યાં ઠંડી, ગરમી, કેવી છે, ત્યાં આગળ ખોરાક કઈ રીતનો મળે છે, અને ત્યાં આગળ જવું એ સારી વાત છે, કે ખતરો છે. આ બધી જ તપાસ કરીને આપણે ત્યાં જતાં હોઈએ છીએ. તો પરબ્રહ્મ કે પરમાત્માને આપણે જોવા જાણવા માટે પણ, આ રીતે એ તત્વને નજીકથી જેમણે જોયા છે એવા કોઈ સદગુરુના કહ્યા મુજબ ડગ ભરીએ, તો તે દિશામાં ઝડપથી આગળ વધી શકાય છે, અને સત્ય, આનંદ ઝડપથી પ્રાપ્ત કરી શકાય છે. નરસૈંયા એ તો શ્રીકૃષ્ણ રૂપી પરમ કૃપાળુ પરમાત્માને નજીકથી ઓળખ્યો છે, અથવા તો શ્રીકૃષ્ણની તેની પર ખૂબ મહેર છે, અને તેના તમામ કાર્યો તેણે કર્યા છે, તો એવી જાગૃતિ ભરી દ્રષ્ટિથી આપણે પરમાત્માને જોવા જાણવા અને માણવા માટે નીકળીએ, તો પરબ્રહ્મ આપણને ઝડપથી મળી શકે. તો જાગીશું અને જાગતા રહીશું, તો ક્યારેક ને ક્યારેક પરબ્રહ્મને પામી શકીશું, અથવા તો માણી શકીશું, અને સૌ કોઈ આ પરબ્રહ્મને નરસૈયાની જેમ માણી શકે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**ભક્તિમાર્ગ કહે છે કે, સર્વનો ત્યાગ કરવો એ અઘરું છે, એના કરતાં સર્વમાં ઈશ્વર છે એમ માની સર્વ સાથે ભાગવત ભાવ રાખી સર્વ સમર્પણ કરવું**

# પાપ કરવાની કોઇને પ્રેરણા કરવી પડતી નથી, ત્યારે પુણ્ય કરવાની પ્રેરણા કરવી પડે છે, કારણ કે મન અધોગામી છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ભગવાન શરીર જોતા નથી, ઘર જોતા નથી, ભગવાન કાળજું જુએ છે, મન મોટું હોય તો ભગવાન આવે છે, મનમાં રહેલી અહંતા-મમતા, પારકો-મારો જ મનને દુઃખી કરે છે અને તે મનના ધર્મો આત્મસ્વરૂપમાં ભાસે છે, તેથી આત્મા પોતાને સુખી-દુઃખી માને છે, પરંતુ વાસ્તવિક આત્મા તો આનંદરૂપ છે.**

પોષ માસની કડકડતી ઠંડીમાં હુંફ મેળવવા દરેક જીવ પ્રયત્ન કરે છે ત્યારે આજે ભગવદ્ ગીતા જ્ઞાન માં જોઈએ તો ભગવદ્ ગીતામાં કહયું છે કે સંસારના વિષયોમાંથી સર્વ પ્રકારે હટી ગયેલું મન ઈશ્વરમાં લીન થાય છે.મન નિર્વિષ્ય બને છે ત્યારે આનંદરૂપ થાય છે. જીવ જેવો કોઈ લુચ્ચો નથી અને ઈશ્વર જેવો કોઈ ભોળો નથી. બીજાને માટે કરવું પડે છે તો ત્રાસ થાય છે, પણ પોતાનાં સગાં માટે કરવું પડે તો આનંદ થાય છે. રાત્રે અગિયાર વાગ્યે કોઈ મહારાજ બહારગામથી આવશે તો મન કહેશે કે,આ લપ ક્યાંથી આવી? પણ જો રાત્રે બાર વાગ્યે પિયરથી કોઈ ભાઈ આવે ને કહે કે,નાસ્તો કરીને આવ્યો છું. ભૂખ નથી.તો પણ તેને શીરો-પૂરી કરી જમાડશે. આ બધો મનનો ખેલ છે.મન બહુ લુચ્ચું છે.'મારું અને તારું'એ મન ના ઊભા કરેલા ખેલ છે. ખરેખર મન એ જ બંધન અને મોક્ષના કારણ રૂપ છે. મા, જીવનાં બધન અને મોક્ષનું કારણ મનને જ માનવામાં આવ્યું છે. મન જો વિષયોમાં આસક્ત થાય તો તે બંધનનું કારણ બને છે અને એજ મન જો પરમાત્મામાં આસક્ત થઈ જાય તો તે મોક્ષનું કારણ બની જાય છે. ભગવાન શરીર જોતા નથી,ઘર જોતા નથી,ભગવાન કાળજું જુએ છે. મન મોટું હોય તો ભગવાન આવે છે.મનમાં રહેલી અહંતા-મમતા, પારકો-મારો જ મનને દુઃખી કરે છે અને તે મનના ધર્મો આત્મસ્વરૂપમાં ભાસે છે, તેથી આત્મા પોતાને સુખીદુઃખી માને છે. પરંતુ વાસ્તવિક આત્મા તો આનંદરૂપ છે. પાપ કરવાની કોઈને પ્રેરણા કરવી પડતી નથી, ત્યારે પુણ્ય કરવાની પ્રેરણા કરવી પડે છે. કારણ કે મન અધોગામી છે. મનુષ્યનું મન પાણી જેમ ઢાળ તરફ વહે છે જળની જેમ મન પણ અધોગામી એટલે નીચે જવાવાળા સ્વભાવનું છે. મનનો સ્વભાવ એવો છે કે ઊંચે ચડતું નથી, નીચે જાય છે. પણ આ મનને ઉપર ચડાવવાનું છે. પરમાત્માના ચરણ સુધી લઈ જવાનું છે.પાણીને યંત્રનો સંગ થાય તો પાણી ઊંચે ચડે છે. તેમ મંત્રના સંગથી મન ઊંચે ચડે છે. મનને મંત્રનો સંગ આપો.મનને મંત્રનો સંગ થાય તો અધોગતિ મન ઊર્ધ્વગામી બનશે. જેણે પોતાનું મન સુધાર્યું તે બીજાને સુધારી શકે છે. મનને સુધારવા બીજું સાધન નથી. મનને ઊલટું કરવાથી થશે નમ, નમ એટલે નમન-નમ્રતા દીનતા નમ અને નામ મનને સુધારશે. માટે મનને સ્થિર કરવા નામ જપની આવશ્યકતા છે. જપથી મનની મલિનતા અને ચંચળતા દૂર થાય છે.માટે કોઈ મંત્રનો જાપ કરો સંસારના વિષયો ના સંગથી બગડેલું મન ઈશ્વરનું ધ્યાન કરવાથી સુધરે છે. સર્વના અંતરમાં પરમાત્મા રહેલા છે, તેમ છતાં તે સર્વનાં દુઃખ દૂર કરતા નથી તેમ અંદર બિરાજી રહેલા ચૈતન્યરૂપ પરમાત્મા મન બુદ્ધિને પ્રકાશ આપે છે.ભગવાનનું સ્વરૂપ એવું તેજોમય છે કે આપણા જેવા સાધારણ જીવો તે જોઈ શકે નહીં ભગવાનનું સગુણસ્વરૂપ તેજોમય હોવાથી જોઈ શકાતું નથી,તેથી આપણા જેવા માટે તો ભગવાનનું નામ સ્વરૂપ,મંત્ર સ્વરૂપ ઈષ્ટ છે. ભગવાન ભલે પોતાના સ્વરૂપને છુપાવી શકે પણ નામને છુપાવી શકતા નથી. સ્વરૂપ પ્રગટ લૌકિક વાસના અલૌકિક વાસનાથી જ નીકળે છે.અસદ્ વાસનાનો વિનાશ સદવાસનાથી થાય છે માટે કોઈ નામનો દૃઢ આશ્રય કરો. પરમાત્માના છે. મારે જન્મમરણ ફેરામાંથી મુક્ત થવુંછે મારે ગોલોક ધામમાં જવું છે. મારે આ જન્મમાં પરમાત્માનાં દર્શન કરવાં છે. આવી ભાવના રાખો તો લૌકિક વાસનામાં ફસાયેલું મન સુધરે છે. ફિલ્મ જોવાની વાસના કાઢવી હોય તો પરીક્ષામાં પહેલે નંબરે પાસ થવાની ઈચ્છા રાખવી. એ ઈચ્છાથી પુસ્તક સંગ લાગશે. પુસ્તક સંગથી ફિલ્મ જોવાની ઈચ્છા છૂટી જશે વેરથી વેર નથી શમતું પણ પ્રેમથી વેર શમે છે તે આ જ પ્રમાણે. એક રાજાને ત્યાં એક બકરો હતો રાજાએ જાહેર કર્યુંકે,આ બકરાને પેટ ભરીને જંગલમાંથી કોઈ ચરાવી લાવશે તેને હું મારું અડધું રાજ્ય આપીશ.જાહેરાત સાંભળી તરત એક મનુષ્ય રાજા પાસે આવ્યો. બકરાને પેટ ભરીને ચરાવવું એમાં શું મોટી વાત છે! એમ કહી રાજા પાસેથી તે બકરા ને ચરાવવા લઈ ગયો. તેણે આખો દિવસ સુંદર સુંદર ઘાસ બકરાને ખવડાવ્યું પછી સાંજના તે મનુષ્ય બકરાને રાજા પાસે લાવ્યો. રાજા એ થોડું લીલું લીલું ઘાસ બકરા પાસે મૂક્યું છે. બકરો ઘાસ ખાવા લાગ્યો.રાજાએ પેલા મનુષ્યને કહ્યું કે, તેં ક્યાં પેટ ભરીને ખવડાવ્યું છે?પેટ ભરીને ખવડાવ્યું હોત તો તે ઘાસ ખાત જ નહીં. ઘણા માણસો એ પ્રયત્ન કરી જોયા બકરાને ખૂબ ખવડાવીને લાવે પણ બકરાને ઘાસ નાખે કે બકરો તે ખાવા ખાશે જ.એક સત્સંગીને લાગ્યું કે, રાજાની આ જાહેરાત પાછળ જરૂર કંઈક રહસ્ય છે. હું યુક્તિથી કામ લઈશ તે બકરાને ચરાવવા લઈ ગયો. બકરો ઘાસ ખાવા જાય કે તરત તેના મોઢા ઉપરએ લાકડીનો ફટકો મારે. બકરાએ જેટલી વખત ઘાસ ખાવાનો પ્રયત્ન કર્યો તેટલી વખત લાકડીના ફટકા મોઢા ઉપર પડ્યા. અંતે બકરાને ઠસી ગયું કે, ઘાસમાં મુખ નાખીશ તો મને માર પડશે. સાંજના સત્સંગી બકરાને લઈ રાજા પાસે આવ્યો. રાજાએ બકરાને ઘાસ ખાવા નાખ્યું. પણ બકરાએ ઘાસ તરફ જોયું સુદ્ધાં નહીં. તેને બીક હતી કે ઘાસ ખાવા જઈશ તો માર પડશે.એ બકરો તે આપણું મન. બકરાને ઘાસ ચરાવવા લઈ જનારો જીવાત્મા રાજાએ પરમાત્મા.મનને મારો તેના ઉપર અંકુશ રાખો મનને વિવેકરૂપી લાકડી રોજ મારો મન અહંતા-મમતાથી ભરેલું છે. મન માગે ત્યારે મનને વિવેકરૂપી લાકડી મારશો, તો તે વશ થશે. રામદાસ સ્વામીએ મનને બોધ આપ્યો છે. દૃઢ વૈરાગ્ય, તીવ્ર ભક્તિ અને યમ નિયમાદિના અભ્યાસથી ચિત્તવશ થાય અને સ્થિર થાય છે,અને છેવટે પ્રકૃતિ ધીમે ધીમે અદશ્ય થાય છે. સંસાર ઉપર વૈરાગ્ય લાવવા માટે જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિના દુઃખનો વિચાર એ જ એક ઉપાય છે. આ જગતમાં સુખી થવાના બે જ માર્ગ છે એક જ્ઞાન માર્ગ અને બીજો ભક્તિ માર્ગ.જ્ઞાનમાર્ગ કહે છે કે, સર્વ છોડીને પરમાત્મા પાછળ પડો. વૈરાગ્ય વગર જ્ઞાન મળતું નથી. જ્ઞાનમાર્ગમાં વૈરાગ્ય મુખ્ય છે. જ્ઞાનમાર્ગમાં બધું છોડી દેવાનું છે. જ્ઞાની બધું છોડી દે છે અને એક ભગવાનને પકડી રાખે છે.જ્ઞાન માર્ગમાં ત્યાગ મુખ્ય છે. ભક્તિમાર્ગ કહે છે કે,સર્વનો ત્યાગ કરવો એ અઘરું છે. એના કરતાં સર્વમાં ઈશ્વર છે એમ માની સર્વ સાથે ભાગવત ભાવ રાખી સર્વ સમર્પણ કરવું. ભક્તિમાર્ગમાં સમર્પણ મુખ્ય છે. ભક્તિમાર્ગના આચાર્ય શ્રીકૃષ્ણ છે.ભગવાન શ્રીકૃષ્ણ સર્વ ઉપર પ્રેમ કરે છે. ભક્તિમાર્ગમાં સર્વ સાથે પ્રેમ કરવાનો હોય છે. ભગવાન જેવો પ્રેમ કરનાર કોઈ થયો નથી અને થવાનો નથી.એક વખત ભૃગુઋષિ વૈકુંઠમાં આવ્યા.ભગવાન સૂતેલા છે લક્ષ્મીજી ચરણની સેવા કરે છે આને મોટો દેવકોણ કહે? આવેલા પરીક્ષા કરવા એટલે એકદમ આવીને ભગવાનની છાતી ઉપર એમણે લાત મારી. ભૃગુઋષિ એ છાતીમાં લાત મારી તેમ છતાં છાતીમાં લાત મારનાર ઉપર પણ મારો કનૈયો પ્રેમ કરે છે તેવું માન્યું. ભગવાન કહેછે,મારી છાતી સખત અને તમારા ચરણ કોમળ.તમારાં ચરણને દુઃખ થયું હશે. જગતમાં આવો પ્રેમ કરનારો કોઈ છે? પણ માતાજીને જરા ખોટું લાગ્યું.આ કંઈ પરીક્ષા કરવાની રીત નથી. તેથી માતાજીએ બ્રાહ્મણોનો ત્યાગ કર્યો એટલે ઘણેભાગે બ્રાહ્મણો ગરીબ હોય છે.જ્ઞાનીઓ માને છે કે,આ શરીરનો સંબંધ થયો એટલે દુઃખ આવ્યું એટલે જ્ઞાનીઓ આ શરીર સાથે પણ પ્રેમ કરતા નથી. પ્રેમ કરવો હોય તો સર્વ સાથે પ્રેમ કરો અને કોઈ સાથે પ્રેમ ન કરવો હોય તો આ શરીર ઉપર પણ પ્રેમ ન કરવો અને એક પરમાત્મા ઉપર પ્રેમ કરવો.સર્વ સાથે પ્રેમ કરો અથવા સર્વનો ત્યાગ કરો.સર્વનો ત્યાગ તમારાથી ન થઈ શકે તો સર્વમાં ઈશ્વરનો ભાવ રાખી તેની સાથે પ્રેમ કરો. સર્વમાંથી મમતાનો ત્યાગ કરો અથવા સઘળું ઈશ્વરન અર્પણ કરી સર્વ કર્મફળનો ત્યાગ કરો. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત,ભગવદ્ ગીતા જ્ઞાનનું રસપાન આપણે કરી રહયા છીએ ત્યારે ક્યાંક પ્રેસ કે અન્ય ક્ષતિ જણાય તો એક જ્ઞાની વાચક ચાહક મિત્ર તરીકે તે સુધારીને ચિંતન મનન કરશો તો આનંદ માણી શકશો..સૌનું કલ્યાણ થાઓ.અસ્તુ.

### હનુમાનજીની ઝલક આપતા રોલમાં મહેશ બાબુ દેખાશે

# પ્રિયંકા ચોપરા રાજામૌલીની ફિલ્મમાં મહેશબાબુ સાથે લીડ રોલ કરશે...

પ્રિયંકા ચોપરાની હિન્દી ફિલ્મોની વાત કરવામાં આવે તો તે છેલ્લે ૨૦૧૯માં આવેલી 'ધ સ્કાય ઈઝ પિંક'માં જોવા મળી હતી. ૬ વર્ષે હવે તે ફરી એક વખત હિન્દી ફિલ્મોમાં પાછી આવી રહી છે. તે એસએસ રાજામૌલીની ફિલ્મમાં મહેશ બાબુ સાથે લીડ રોલ માટે તૈયારી કરી રહી છે. આ એક આિફ્રકન જંગલ એડવેન્ચર ફિલ્મ હશે, જેમાં મહેશ બાબુ એવું પાત્ર કરશે, જેમાં હનુમાનજીના લક્ષણો હશે. રાજામૌલી વધુ એક વખત 'બાહુબલી'ની બે ફિલ્મો અને 'આરઆરઆર' પછી એક વખત એક એક મહાકાવ્ય સમાન કથા સાથે આવી રહ્યા છે. સૂત્રો દ્વારા મળેલી માહિતી અનુસાર, ''આ ફિલ્મની સ્ક્રિપ્ટ છેલ્લા તબક્કામાં પહોંચી ગઈ છે. એપ્રિલ ૨૦૨૫થી એનું શૂટિંગ શરૂ થઈ જશે. એસએસ રાજામૌલીને તેના માટે કોઈ એવી એક્ટ્રેસ જોઈતી હતી, જે ગ્લોબલી જાણીતી હોય. છેલ્લા છ મહિનામાં રાજામૌલીએ પ્રિયંકા સાથે કેટલીક મીટિંગ કરી હતી અને અંતે બંનેએ આ ફિલ્મમાં સાથે કામ કરવાનું નક્કિ કર્યુ હતું.''સૂત્રએ વધુમાં જણાવ્યું, ''પ્રિયંકા પણ રાજામૌલી જેવા મેકર સાથે અને મહેશબાબુ જેવા કલાકાર સાથે કામ કરવા ઉત્સુક છે. આ ફિલ્મમાં તેના પાત્રમાં પણ અભિનય માટે ઘણી શક્યતાઓ રહેલી છે. તેના માટે પણ આ પ્રકારની ફિલ્મ અને આ મેકર્સ સાથે આ પહેલો પ્રયોગ છે. આ રોલ સારી રીતે લખાયો છે અને પ્રિયંકાએ તેના માટેની તૈયારીઓ પણ શરૂ કરી દિધી છે.''રાજામૌલી મહેશબાબુ સાથે ૨૦૨૬ના અંત સુધી આ ફિલ્મનું શૂટ કરશે. ૨૦૨૭માં આ ફિલ્મ મોટા પાયા પર ગ્લોબલી રિલીઝ કરવામાં આવશે. તેના માટે રાજામૌલી છેલ્લા એકાદ વર્ષથી સોની અને ડિઝની સાથે ચર્ચા કરી રહ્યા છે. આ ફિલ્મ ઈન્ડિયા અને યુએસના સ્ટુડિયોમાં તેમજ આિફ્રકાના જંગલમાં શૂટ થશે.



# રશ્મિકા મંદાન્ના સાથે આયુષ્માન ખુરાના આગામી ફિલ્મમાં દેખાશે

'પુષ્પા ૨'ની જોરદાર સફળતા બાદ સાઉથની જાણીતી અભિનેત્રી રશ્મિકા મંદાના ટૂંક સમયમાં તેની આગામી ફિલ્મ 'થામા'માં જોવા મળશે. ફરી બોક્સઓફિસ પર ધમાલ મચાવવા માટે તૈયાર છે. અભિનેત્રીએ આયુષ્માન ખુરાના સાથે તેની આગામી ફિલ્મ 'થામા'ના સેટ પરથી એક વીડિયો શેર કરીને ચાહકોનો ઉત્સાહ વધાર્યો છે.મળતી માહિતી મુજબ આ ફિલ્મ એક હોરર કમ કોમેડી છે. 'મુંજ્યા'ના દિગ્દર્શક આદિત્ય સરપોતદાર આ ફિલ્મના નિર્દેશનની જવાબદારી સંભાળવાના છે. દરમિયાન, દિનેશ વિજન અને અમર કૌશિક આ ફિલ્મનું નિર્માણ કરી રહ્યા છે. ફિલ્મની વાર્તા નિરેન ભટ્ટ, સુરેશ મેથ્યુ અને અરુણ ફુલારાએ લખી છે. અભિનેત્રીએ હાલમાં જ 'થામા'ના સેટ પરથી એક વીડિયો શેર કર્યો છે.સામે આવેલો વીડિયો શેર કરતા રશ્મિકા મંદાનાએ કહ્યું હતું કે અમે બંને પહેલીવાર ફિલ્મ 'થામા'માં સાથે કામ કરી રહ્યા છીએ. રશ્મિકાએ લખ્યું હતું કે 'આશા છે કે તમે થામા-કે-દાર હોલિ-ડે સેલિબ્રેટ કરી રહ્યાં હશો. ૨૦૨૫માં મળીશું. મેડૉક ફિલ્મ્સના બેનર હેઠળ બની રહેલી ફિલ્મ 'થામા' દિવાળી ૨૦૨૫ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. ફિલ્મમાં આયુષ્માન ખુરાના, રશ્મિકા મંદાના સાથે પરેશ રાવલ અને નવાઝુદ્દીન સિદ્દીકી મહત્વની ભૂમિકામાં છે.તાજેતરમાં જ એક પોસ્ટ શેર કરતી વખતે રશ્મિકાએ 'એનિમલ'ની પહેલી વર્ષગાંઠ પર ડિસેમ્બર મહિનાને ખાસ ગણાવ્યો હતો. પોતાના એક યૂઝરે રીલ શેર કરતી વખતે લખ્યું હતું કે 'ડિસેમ્બર મારા માટે ખરેખર ખૂબ જ ખાસ રહ્યો. 'એનિમલ' પણ ગયા વર્ષે ૧ ડિસેમ્બરે રિલીઝ થઈ હતી અને પુષ્પા ૨ પણ આ વર્ષે રિલીઝ થઈ હતી.તમને જણાવી દઈએ કે 'પુષ્પા ૨' બોક્સ ઓફિસ પર સુપર ડુપર કમાણી કરી રહી છે. તે જ સમયે, હવે રશ્મિકાની પાસે સાજિદ નડિયાદવાલાના બેનર હેઠળ બનેલી સલમાન ખાનની ફિલ્મ 'સિકંદર' પણ છે. આ ફિલ્મ વર્ષ ૨૦૨૫માં ઈદ પર રિલીઝ થશે. તે 'ધ ગર્લફ્રેન્ડ' અને લક્ષ્મણ ઉતેકરની ઐતિહાસિક ડ્રામા 'છાવા'માં પણ જોવા મળશે. આ ફિલ્મમાં રશ્મિકા સાથે વિકી કૌશલ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.



### સલમાન સર્જશે નવા રેકોર્ડ

# 'સિકંદર'ને 'પુષ્પા ૨' કરતાં વધુ સ્ક્રીન્સ

સલમાન ખાનની ફિલ્મ 'સિકંદર'નું ટીઝર રિલીઝ થઈ ગયું છે. જે સોશિયલ મીડિયા પર ખળભળાટ મચાવી રહ્યું છે. હવે ફિલ્મની રિલીઝને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે.સલમાન ખાનનો જાદુ ફરી એકવાર શરૂ થયો છે. ભાઈજાને મચવેટેડ ફિલ્મ 'સિકંદર'ના ફર્સ્ટ લૂક સાથે દર્શકોના દિલ જીતી લીધા હતા. હાલમાં જ ફિલ્મનું ધમાકેદાર ટીઝર રિલીઝ કરવામાં આવ્યું છે. આ એક્શનથી ભરપૂર ટીઝરમાં સલમાનની સિગ્નેચર સ્ટાઈલ અને ગુસ્સો જોવા મળ્યો હતો. ટીઝરમાં અભિનેતાના લુકે દેશભરમાં હલચલ મચાવી દીધી છે.'સિકંદર'ના ટીઝરને સોશિયલ મીડિયા પર જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે. ટીઝર રિલીઝ થતાની સાથે જ તેને દર્શકો તરફથી ભારે પ્રેમ અને પ્રશંસા મળી. સલમાન ખાનના મજબૂત અને અદમ્ય વ્યક્તિત્વને દર્શાવતા, આ ટીઝરમાં ભાઈજાનના કમબેકની જાહેરાત કરવામાં આવી છે.'સિકંદર' ૫ હજાર સ્ક્રીન્સ પર રિલીઝ થશે. ટીઝરને બ્લોકબસ્ટર પ્રતિસાદ અને શાનદાર રિવ્યુ મળ્યા છે. એટલું જ નહીં, આ ફિલ્મ માત્ર હિન્દી ભાષામાં જ ૫૦૦૦ સ્ક્રીન્સ પર રિલીઝ થવા જઈ રહી છે. જ્યારે અલ્લુ અર્જુનની 'પુષ્પા ૨' વિશ્વભરમાં ૧૨ હજાર સ્ક્રીન્સ પર રિલીઝ થઈ હતી. પરંતુ હિન્દીમાં આ ફિલ્મને ૪૫૦૦ સ્ક્રીન્સ મળી છે. આવી સ્થિતિમાં એવું માનવામાં આવે છે કે 'સિકંદર' તેની રિલીઝ સાથે મોટો રેકોર્ડ બનાવી શકે છે. રસપ્રદ વાત એ છે કે 'સિકંદર'ને દર્શકો તરફથી એટલો ઐતિહાસિક પ્રતિસાદ મળ્યો છે જે લાંબા સમયથી સલમાન ખાનની કોઈ ફિલ્મને મળ્યો નથી. 'ટાઈગર ઝિંદા હૈ' પછી 'સિકંદર'ને સલમાન ખાનની સૌથી મોટી અને સૌથી વખણાયેલી ફિલ્મ માનવામાં આવે છે. સલમાન ખાનની 'સિકંદર'એ ટીઝરથી જ લોકોના દિલમાં જગ્યા બનાવી લીધી છે અને હવે ફિલ્મની રિલીઝની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. તમને જણાવી દઈએ કે આ ફિલ્મ આવતા વર્ષે એટલે કે ઈદ ૨૦૨૫ પર રિલીઝ થશે.



# જાણીતા નિર્દેશક અનુરાગ કશ્યપે મુંબઈ છોડવાનો લીધો નિર્ણય



બોલીવુડના જાણીતા ફિલ્મ નિર્દેશક અનુરાગ કશ્યપે દર્શકોને 'ગેંગ્સ ઓફ વાસેપુર', 'ગુલાલ', 'દેવ ડી' જેવી ઘણી ક્લાસિક ફિલ્મો આપી છે, પરંતુ હવે તેમણે એક જાહેરાત કરીને તેમના ચાહકોને ચોંકાવી દીધા છે. અનુરાગ કશ્યપે મુંબઈ છોડવાનો નિર્ણય લીધો છે અને તેણે પોતે હાલમાં જ એક ઈન્ટરવ્યૂમાં આ વાતનો ખુલાસો કર્યો છે. આ સાથે તેણે પોતાના નિર્ણયનું કારણ પણ જાહેર કર્યુ અને કહ્યું હતું કે હવે ફિલ્મો બનાવવાની મજા રહી નથી, જે પહેલા હતી. અનુરાગે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી અંગે પણ નારાજગી વ્યક્ત કરી હતી.તેણે કહ્યું કે તે મુંબઈ છોડીને ૨૦૨૫ના અંત સુધીમાં દક્ષિણમાં શિફ્ટ થઈ જશે. આ સાથે તેણે બોલિવૂડ અંગે પોતાની નારાજગી વ્યક્ત કરી અને તેની પાછળનું કારણ ટેલેન્ટ એજન્સીઓ હોવાનું જણાવ્યું હતું.

# અમિતાભ બચ્ચનએ વર્ષો બાદ ખોલ્યું બચ્ચન પરિવારનું સિક્રેટ


બોલીવૂડના મહાનાયક અમિતાભ બચ્ચન અને તેમનો પરિવાર સતત કોઈને કોઈ કારણોસર ચર્ચામાં રહે છે. બચ્ચન પરિવારમાં છેલ્લાં કેટલાક સમયથી કંઈ ઠીક નથી ચાલી રહ્યું અને એનો પરિચય ફરી એક વખત દર્શકો અને ફેન્સને કૌન બનેગા કરોડપતિના સેટ પર થયો હતો. આ શો પર જ બિગ બીએ એક એવું સિક્રેટ રિવીલ કર્યું હતું કે જેના વિશે સાંભળીને તમે ચોંકી ઉઠશો. આવો જોઈએ શું છે આ સિક્રેટ- બિગ બીએ કેબીસીના સેટ પર પોતાના જીવનનો એવી પીડા શેર કરી હતી જેને તેઓ વર્ષોથી દિલમાં દબાવીને ફરી રહ્યા હતા. બિગ બીએ જણાવ્યું હતું કે જ્યારે હું સુપરસ્ટાર હતો ત્યારે દિવસ-રાત કામમાં વ્યસ્ત રહેતો હતો. હું મારા સંતાનોને સમય નહોતો આવી શકતો. એ સમયે જયા બચ્ચનએ અભિષેક અને શ્વેતાનું ધ્યાન રાખ્યું હતું અને તેમણે જ તેમને મોટા કર્યા હતા. મને હંમેશા એક વાતનું દુઃખ રહેશે કે હું મારા બાળકોમને ક્યારેય મોટો થતા નથી જોઈ શક્યો. બિગ બીએ આગળ એવું પણ જણાવ્યું હતું કે હવે હું મારા પરિવારને ભરપૂર સમય આપું છું અને મારો મોટા ભાગનો સમય હું એમને જ આપું છું.બિગ બીએ જુવાનીના દિવસોને યાદ કરતાં જણાવ્યું હતું કે હું એ સમયે ફિલ્મો અને કામમાં ખૂબ જ વ્યસ્ત હતો અને બાળકોનું ધ્યાન નહોતો રાખી શકતો. મારી પાસે ૭૦ અને ૮૦ના દાયકામાં ખૂબ જ કામ હતું કે હું ઘરે પણ રોકાઈ નહોતો શકતો. હું જયા બચ્ચનનો આભાર માનું છું કે તેમણે મારી જવાબદારીઓ પણ સારી રીતે પાર પાડી. તેમણે જ મારા બંને સંતાનોનું ખૂબ ધ્યાન રાખ્યું છે. મારા સંતાનો અભિષેક અને શ્વેતાને મોટા થતાં હું જોઈ જ શક્યો નહીં અને તેઓ મારા પ્રેમથી વંચિત રહી ગયા. મને આ વાતનો વસવસો હંમેશા જ રહેશે.અત્રે ઉલ્લેખનીય છે કે બિગ બી અવારનવાર કૌન બનેગા કરોડપતિના સેટ પરથી પોતાની પર્સનલ લાઈફને લઈને ચોંકાવનારા ખુલાસા કરતાં રહે છે.



### રશ્મિકાએ કહ્યું કે બંને પહેલીવાર ફિલ્મ 'થામા'માં સાથે કામ કરવા માટે તૈયાર છે

# રશ્મિકા મંદાન્ના સાથે શેર કર્યો ક્યુટ વીડિયો

'પુષ્પા ૨' પછી અભિનેત્રી રશ્મિકા મંદન્ના ફરી એકવાર ધમાલ મચાવવા માટે તૈયાર છે. અભિનેત્રીએ આયુષ્માન ખુરાના સાથેની આગામી ફિલ્મ 'થામા'ના સેટ પરથી એક વીડિયો શેર કરીને ચાહકોને આ વિશે જાણકારી આપી છે.વીડિયો શેર કરતા રશ્મિકા મંદન્નાએ કહ્યું કે બંને પહેલીવાર ફિલ્મ 'થામા'માં સાથે કામ કરવા માટે તૈયાર છે. આગામી ફિલ્મ 'થામા'ના સેટ પરથી એક વીડિયો શેર કરતા તેણે લખ્યું કે આશા છે કે તમે થામા-કે-દાર રજાની ઉજવણી કરી રહ્યાં છો. ૨૦૨૫માં મળીશું.મળતી માહિતી મુજબ આ ફિલ્મ હોરર-કોમેડી છે. 'મુંજ્યા'ના દિગ્દર્શક આદિત્ય સરપોતદાર આ ફિલ્મનું નિર્દેશન કરવાના છે. દિનેશ વિજન અને અમર કૌશિક આ ફિલ્મનું નિર્માણ કરી રહ્યા છે. ફિલ્મની વાર્તા નિરેન ભટ્ટ, સુરેશ મેથ્યુ અને અરુણ ફુલારાએ લખી છે.



મેડૉક ફિલ્મ્સના બેનર હેઠળ બની રહેલી ફિલ્મ 'થામા' દિવાળી ૨૦૨૫ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. ફિલ્મમાં આયુષ્માન ખુરાના, રશ્મિકા મંદન્ના સાથે પરેશ રાવલ અને નવાઝુદ્દીન સિદ્દીકી મહત્વની ભૂમિકામાં છે. રશ્મિકાએ હાલમાં જ એક પોસ્ટ શેર કરીને કહ્યું કે ડિસેમ્બર મહિનો ખાસ છે. 'એનિમલ'ની પ્રથમ વર્ષગાંઠ પર તેણે કહ્યું કે ડિસેમ્બર મહિનો તેના માટે કેમ ખાસ છે? રશ્મિકાએ તેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામના સ્ટોરી સેક્શનમાં તેના એક ફેનની રીલ શેર કરી અને લખ્યું કે મારા માટે ડિસેમ્બર ખરેખર ખૂબ જ ખાસ રહ્યો છે. ખૂબ આભાર. આભાર, આભાર, આભાર. 'એનિમલ' પણ ગયા વર્ષે ૧ ડિસેમ્બરે રિલીઝ થઈ હતી અને પુષ્પા ૨ પણ આ વર્ષે સ્ક્રીન પર આવી હતી.'પુષ્પા ૨' બોક્સ ઓફિસ પર સુપર ડુપર કમાણી કરી રહી છે. હવે અભિનેત્રી પાસે સાજિદ નડિયાદવાલાના બેનર હેઠળ બનેલી સલમાન ખાનની ફિલ્મ 'સિકંદર' પણ છે. આ ફિલ્મ વર્ષ ૨૦૨૫માં ઈદ પર રિલીઝ થશે. તે 'ધ ગર્લફ્રેન્ડ' અને લક્ષ્મણ ઉતેકરની ઐતિહાસિક ડ્રામા 'છાવા'માં પણ જોવા મળશે. આ ફિલ્મમાં રશ્મિકા સાથે વિકી કૌશલ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.

# વિક્રાંતની 'ધ સાબરમતી રિપોર્ટ' ઓટીટી પર આવવા તૈયાર

### પીએમ મોદી સહિત ઘણા નેતાઓએ તેની પ્રશંસા કરી છે

હવે વિક્રાંત મેસીની 'ધ સાબરમતી રિપોર્ટ' જો કે બોક્સ ઓફીસ પર ખાસ કશું ઉકાળી શકી નથી પરંતુ હવે તેઓટીટી પર આવવા તૈયાર છે.પીએમ મોદી સહિત ઘણા નેતાઓએ તેની પ્રશંસા કરી છે. 'ધ સાબરમતી રિપોર્ટ' એક પોલિટિકલ ડ્રામા ફિલ્મ છે. વિક્રાંત મેસીએ આ ફિલ્મમાં સમર કુમારની ભૂમિકા ભજવી છે. ફિલ્મમાં રાશિ ખન્નાએ અમૃતા ગિલનો રોલ કર્યો છે અને રિદ્ધિ ડોગરાએ મણિકા રાજપુરોહિતની ભૂમિકા ભજવી છે, આ ફિલ્મ દેશની સૌથી મોટી ઘટના, ગોધરા ઘટના પર આધારિત છે. પીએમ મોદીએ પણ આ ફિલ્મ જોઈ હતી અને તેની ખૂબ પ્રશંસા કરી હતી. જોકે, 'ધ સાબરમતી રિપોર્ટ'નું બોક્સ ઓફિસ પરફોર્મન્સ નિરાશાજનક રહ્યું હતું. ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ' ૧૫ નવેમ્બર, ૨૦૨૪ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. આ ફિલ્મને દર્શકો અને વિવેચકો બંને તરફથી મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. હવે આ ફિલ્મ ઓટીટી પર રિલીઝ થવા જઈ રહી છે. વિક્રાંત મેસી અભિનીત ધ સાબરમતી રિપોર્ટ ૧૦ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ ઝી પર પ્રીમિયર થશે, 'ધ સાબરમતી રિપોર્ટ' એક પોલિટિકલ ડ્રામા ફિલ્મ છે, વિક્રાંત મેસીએ આ ફિલ્મમાં સમર કુમારની ભૂમિકા ભજવી છે, લાઈવ મિન્ટના અહેવાલ અનુસાર, ધીરજ સરના દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મ ૨૦૦૨માં સાબરમતી એક્સપ્રેસ સાથે સંકળાયેલી ગોધરા ટ્રેન સળગતી દુર્ઘટના પર આધારિત છે. જો કે, મેકર્સે આ ફિલ્મની ઓટીટી રીલીઝ અંગે હજુ સુધી સત્તાવાર રીતે કંઈપણ જાહેર કર્યુ નથી'ધ સાબરમતી રિપોર્ટ' ગુજરાતમાં ૨૦૦૨ની ગોધરા ટ્રેન આગની તપાસ કરનાર પત્રકાર પર આધારિત છે. ફિલ્મની વાર્તા એક મોટો વળાંક લે છે જ્યારે અન્ય પત્રકારને ઘણા વર્ષો પછી ઘટના સાથે સંબંધિત એક છુપાયેલ અહેવાલ મળે છે. શક્તિશાળી લોકો સાથે જોડાયેલા ષડયંત્ર અને છુપાયેલા સત્યને ઉજાગર કરવા માટે નિર્ધારિત, તે ન્યાયની શોધમાં નીકળે છે. આ ફિલ્મ સમાજમાં પત્રકારોની મહત્વની ભૂમિકા અને સત્યને ઉજાગર કરવાનો પ્રયાસ કરતી વખતે તેઓ જે જોખમોનો સામનો કરે છે તેના પર પણ પ્રકાશ પાડે છે.વિક્રાંત મેસી, રાશી ખન્ના, રિદ્ધિ ડોગરા, સુદીપ વેદ, હેલા સ્ટીચલમેયર, દિગ્વિજય પુરોહિત, અભિશાંત રાણા, ઉર્વશી ગોલ્ટર સહિત ઘણા કલાકારોએ ફિલ્મમાં મહત્વની ભૂમિકા ભજવી છે. આ ફિલ્મ અર્જુન ભંડેગાંવકર, ધીરજ સરના, વિપિન અગ્નિહોત્રી અને અવિનાશ સિંહ તોમર દ્વારા લખવામાં આવી છે અને બાલાજી મોશન પિક્ચર્સ, વિપિન અગ્નિહોત્રી ફિલ્મ્સ અને વિકીર ફિલ્મ્સ પ્રોડક્શનના બેનર હેઠળ એકતા કપૂર, શોભા કપૂર, અંશુલ મોહન અને અમૂલ વી મોહન દ્વારા બનાવવામાં આવી છે . ફિલ્મની સિનેમેટોગ્રાફી અમલેન્દુ ચૌધરીએ કરી છે.






# રશ્મિકા મંદાન્નાને દીપિકા, કેટરિના, આલિયાએ ફોલો કરવા પડે તેવી હાલત સર્જાય તો નવાઈ નહી




'પુષ્પા ૨' પછી અભિનેત્રી રશ્મિકા મંદન્ના ફરી એકવાર ધમાલ મચાવવા માટે તૈયાર છે. અભિનેત્રીએ આયુષ્માન ખુરાના સાથેની આગામી ફિલ્મ 'થામા'ના સેટ પરથી એક વીડિયો શેર કરીને ચાહકોને આ વિશે જાણકારી આપી છે.વીડિયો શેર કરતા રશ્મિકા મંદન્નાએ કહ્યું કે બંને પહેલીવાર ફિલ્મ 'થામા'માં સાથે કામ કરવા માટે તૈયાર છે. આગામી ફિલ્મ 'થામા'ના સેટ પરથી એક વીડિયો શેર કરતા તેણે લખ્યું કે આશા છે કે તમે થામા-કે-દાર રજાની ઉજવણી કરી રહ્યાં છો. ૨૦૨૫માં મળીશું. મળતી માહિતી મુજબ આ ફિલ્મ હોરર-કોમેડી છે. 'મુંજ્યા'ના દિગ્દર્શક આદિત્ય સરપોતદાર આ ફિલ્મનું નિર્દેશન કરવાના છે. દિનેશ વિજન અને અમર કૌશિક આ ફિલ્મનું નિર્માણ કરી રહ્યા છે. ફિલ્મની વાર્તા નિરેન ભટ્ટ, સુરેશ મેથ્યુ અને અરુણ ફુલારાએ લખી છે.મેડૉક ફિલ્મ્સના બેનર હેઠળ બની રહેલી ફિલ્મ 'થામા' દિવાળી ૨૦૨૫ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. ફિલ્મમાં આયુષ્માન ખુરાના, રશ્મિકા મંદન્ના સાથે પરેશ રાવલ અને નવાઝુદ્દીન સિદ્દીકી મહત્વની ભૂમિકામાં છે.રશ્મિકાએ હાલમાં જ એક પોસ્ટ શેર કરીને કહ્યું કે ડિસેમ્બર મહિનો ખાસ છે. 'એનિમલ'ની પ્રથમ વર્ષગાંઠ પર તેણે કહ્યું કે ડિસેમ્બર મહિનો તેના માટે કેમ ખાસ છે? રશ્મિકાએ તેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામના સ્ટોરી સેક્શનમાં તેના એક ફેનની રીલ શેર કરી અને લખ્યું કે મારા માટે ડિસેમ્બર ખરેખર ખૂબ જ ખાસ રહ્યો છે. ખૂબ આભાર. આભાર, આભાર, આભાર. 'એનિમલ' પણ ગયા વર્ષે ૧ ડિસેમ્બરે રિલીઝ થઈ હતી અને પુષ્પા ૨ પણ આ વર્ષે સ્ક્રીન પર આવી હતી.'પુષ્પા ૨' બોક્સ ઓફિસ પર સુપર ડુપર કમાણી કરી રહી છે. હવે અભિનેત્રી પાસે સાજિદ નડિયાદવાલાના બેનર હેઠળ બનેલી સલમાન ખાનની ફિલ્મ 'સિકંદર' પણ છે. આ ફિલ્મ વર્ષ ૨૦૨૫માં ઈદ પર રિલીઝ થશે.



# ઝાલોદ નગરમાં સનાતન હિન્દુ ધર્મ સમિતિ દ્વારા ભવ્ય ભજન સંધ્યા યોજી ૨૦૨૫ના આગમનને વધાવ્યુ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧ ।

૩૧ ડિસેમ્બર ૨૦૨૪ ના વિદાય તેમજ નવા બદલાતા કેલેંડર વર્ષ ૨૦૨૫ ને આવકારવા માટે ઝાલોદ નગરની હિન્દુ ધર્મ સમિતિ દ્વારા ભરત ટાવર પર ભવ્ય ભજન સંધ્યા યોજી હતી. બદલાતા કેલેંડર વર્ષને આવકારવા માટે સનાતન સંસ્કૃતિ તેમજ ભારતીય પરંપરા મુજબ ભજન કીર્તન કરી નગરનું વાતાવરણ ભક્તિમય કર્યું હતું જેથી દરેક ભારતીય પોતાનો મૂળ ભારતીય અને સનાતન સંસ્કૃતિને ઉજાગર કરતા જ ઉત્સવ ઉજવે. સમગ્ર વિશ્વમાં બદલાતા કેલેંડર વર્ષની ઉજવણી કરતા હોય છે પરંતુ ભારતીય સંસ્કૃતિ પ્રમાણે હિન્દુ પંચાગ મુજબ ચૈત્ર મહિનામા શરૂ થાય છે. હિન્દુ નવ વર્ષને ચૈત્ર નવરાત્રિના પહેલા દિવસ, ગુડી પડવો, ચેટીચંદ જેવા ઉત્સવ થકી હિન્દુ નવ વર્ષ ઉજવવામાં આવે છે.

હિન્દુ ધર્મ સમિતિ દ્વારા રાત્રીના ૯ કલાકે ભગવાન શ્રી રામની પૂજા અર્ચના કરીને કેલેંડર વર્ષ ૨૦૨૪ ને વિદાય આપતા ભજન કીર્તન કર્યું હતું આજની ભજન સંધ્યામા મહિલાઓની ભજન મંડળીઓએ ૨૦૨૫ ના આગમનને વધાવવા ભજન કીર્તનમા ભાગ લીધેલ હતું. આજની રાત્રી યોજાયેલ ભજન સંધ્યા રાત્રીના ૨ વાગ્યા સુધી ચાલી હતી. કેલેંડર વર્ષ મુજબ રાત્રીના ૧૨ વાગ્યા પછી ૨૦૨૫ લાગતા તેના આગમનને વધાવતા દેશ ભક્તિના ભજનોની રમઝટ જામી હતી તેમજ રાત્રીના બે વાગે ૨૦૨૫ ના આગમનને વધાવવા મહાઆરતી પણ કરવામાં આવી હતી.

### ત્રણેય લડાયક જહાજની એક જ દિવસે નિયુક્તિ કરવામાં આવશે

# ભારતીય નૌકાદળમાં ત્રણ ફોરવર્ડ ફ્લીટ એસેટ્સ નીલગીરી, સુરત અને વાગશીરને સામેલ કરવા તૈયાર



। (પીઆઈબી) નવી દિલ્હી, તા.૧ ।

૧૫ જાન્યુઆરી ૨૫ ભારતના ઈતિહાસમાં એક ઐતિહાસિક દિવસ બનવા જઈ રહ્યો છે. કારણ કે ભારતીય નૌકાદળ ત્રણ વોરશિપ - પ્રોજેક્ટ ૧૭એ સ્ટીલ્થ ફ્રિગેટ ક્લાસનું મુખ્ય જહાજ નીલીગીરી; પ્રોજેક્ટ ૧૫બી સ્ટીલ્થ ડિસ્ટ્રોયર ક્લાસનું ચોથું અને અંતિમ જહાજ સુરત અને સ્કોર્પિયન-ક્લાસ પ્રોજેક્ટની છઠ્ઠી અને અંતિમ સબમરીન વાગશીર – ને મુંબઈ સ્થિત નેવલ ડોકયાર્ડમાં એક સાથે સામેલ કરવાની તૈયારીઓ કરી રહ્યું છે. આ ઐતિહાસિક ઘટનાથી ભારતીય નૌકાદળની યુદ્ધ ક્ષમતાને નોંધપાત્ર પ્રોત્સાહન મળશે અને સ્વદેશી જહાજ નિર્માણમાં દેશની અગ્રગણ્ય સ્થિતિ પર ભાર મૂકવામાં આવશે. આ ત્રણેય પ્લેટફોર્મની ડિઝાઈન અને નિર્માણ સંપૂર્ણપણે મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ (એમડીએલ), મુંબઈ ખાતે કરવામાં આવ્યું છે, જે સંરક્ષણ ઉત્પાદનના મહત્વપૂર્ણ ક્ષેત્રમાં ભારતની વધતી જતી આત્મનિર્ભરતાનો પુરાવો છે. આ અદ્યતન યુદ્ધ જહાજો અને સબમરીનોનું સફળતાપૂર્વક કમિશનિંગ યુદ્ધ જહાજની ડિઝાઈન અને બાંધકામમાં થયેલી ઝડપી પ્રગતિને દર્શાવે છે. જે સંરક્ષણ ઉત્પાદનમાં વૈશ્વિક નેતા તરીકે ભારતની સ્થિતિને મજબૂત બનાવે છે. પ્રોજેક્ટ ૧૭એનું મુખ્ય જહાજ નીલગિરી, શિવાલિક-ક્લાસ ફ્રિગેટ્સ પર એક મોટી પ્રગતિ છે. જેમાં અત્યાધુનિક તકનીક દ્વારા નોંધપાત્ર સ્ટીલ્થ સુવિધાઓ અને રડાર સિગ્નેચર સામેલ છે. પ્રોજેક્ટ ૧૫બી ડિસ્ટ્રોયર, સુરત, કોલકાતા-ક્લાસ (પ્રોજેક્ટ ૧૫એ) ડિસ્ટ્રોયરમાં ફોલો-ઓન ક્લાસની છે, જેમાં ડિઝાઈન અને ક્ષમતાઓમાં નોંધપાત્ર સુધારો છે. બંને જહાજોની ડિઝાઈન ભારતીય નૌકાદળના વોરશિપ ડિઝાઈન બ્યુરો દ્વારા કરવામાં આવી હતી અને તે મુખ્યત્વે ભારતમાં અથવા અગ્રણી વૈશ્વિક ઉત્પાદકો સાથે વ્યૂહાત્મક જોડાણ દ્વારા વિકસાવવામાં આવેલા અદ્યતન સેન્સર અને શસ્ત્ર પેકેજોથી સજ્જ છે.

આધુનિક ઉડ્ડયન સુવિધાઓથી સજ્જ, નીલગિરિ અને સુરત દિવસ અને રાત બંને કામગીરી દરમિયાન ચેતક, એએલએચ, સી કિંગ અને નવા સામેલ એમએચ -૬૦ આર સહિતના હેલિકોપ્ટરની શ્રેણીનું સંચાલન કરી શકે છે. રેલ-લેસ હેલિકોપ્ટર ટ્રાવર્સિંગ સિસ્ટમ અને વિઝ્યુઅલ એઈડ એન્ડ લેન્ડિંગ સિસ્ટમ જેવી ખાસિયતો તમામ પરિસ્થિતિઓમાં સાતત્ય પૂર્ણ કામગીરી સુનિશ્ચિત કરે છે. આ જહાજોમાં મહિલા અધિકારીઓ અને ખલાસીઓની મોટી સંખ્યામાં સમર્થન કરવા માટે વિશેષ વ્યવસ્થા પણ સામેલ છે. જે ફ્રન્ટલાઈન કોમ્બેટ ભૂમિકાઓમાં લૈંગિક સમાનતા તરફના નૌકાદળના પ્રગતિશીલ પગલાઓ સાથે સુસંગત છે. કલવરી-ક્લાસ પ્રોજેક્ટ ૭૫ હેઠળ છઠ્ઠી સ્કોર્પીન-ક્લાસ સબમરીન વાગશીર વિશ્વની સૌથી શાંત અને બહુમુખી ડીઝલ-ઈલેક્ટ્રિક સબમરીનમાંની એક છે. તે એન્ટી સરફેસ વોરફેર, સબમરીન-વિરોધી યુદ્ધ, ગુપ્ત માહિતી એકઠી કરવી, ક્ષેત્રની દેખરેખ રાખવી અને વિશેષ કામગીરી સહિત વિવિધ પ્રકારના મિશન હાથ ધરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. વાયર-ગાઈડેડ ટોર્પીડો, એન્ટિ-શિપ મિસાઈલ્સ અને અદ્યતન સોનાર સિસ્ટમ્સથી સજ્જ આ સબમરીનમાં મોડ્યુલર બાંધકામ પણ છે, જે ભવિષ્યમાં એર ઈન્ડિપેન્ડન્ટ પ્રોપલ્શન (એઆઈપી) ટેકનોલોજીના સંકલન જેવા અપગ્રેડેશનની મંજૂરી આપે છે. નીલગિરિ, સુરત અને વાગશીરનું સંયુક્ત કમિશનિંગ સંરક્ષણ ક્ષેત્રે સ્વાવલંબન અને સ્વદેશી જહાજ નિર્માણમાં ભારતની અજોડ પ્રગતિ દર્શાવે છે. જહાજોએ મશીનરી, હલ, ફાયર-ફાઈટિંગ અને ડેમેજ કન્ટ્રોલ મૂલ્યાંકન સહિતની આકરી કસોટીઓમાં થી પસાર થવું પડ્યું છે.

## ૮મી જાન્યુઆરી સુધી રેલવે ક્રોસિંગ નંબર ૭ ઘાટલોડિયા જનતા નગર ફાટક બંધ રહેશે

। અમદાવાદ, તા.૧ ।

પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝનના અમદાવાદ-વિરમગામ સેક્શનના ચાંદલોડિયા "છ" અને આંબલી રોડ સ્ટેશન વચ્ચે સ્થિત રેલ્વે ક્રોસિંગ નંબર ૭ કિમી ૫૦૭/૩૭-૩૯ ઘાટલોડિયા જનતા નગર ફાટક અતિ આવશ્યક સમારકામ માટે ૦૨ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ સવારે ૦૮.૦૦ વાગ્યા થી ૦૮ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ સાંજે ૧૮.૦૦ વાગ્યા સુધી (૭ દિવસ) બંધ રહેશે. આ સમયગાળા દરમિયાન રોડ યુઝર્સ ચાણક્યપુરી અને સોલા બ્રિજ દ્વારા મુસાફરી કરી શકે છે.

## શ્રી અમિત શાહ નવી દિલ્હીમાં 'જમ્મુ કાશ્મીર એન્ડ લદ્દાખઃ થ્રુ ધ એજીસ' પુસ્તકનું વિમોચન કરશે

। નવી દિલ્હી, તા.૧ ।

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ નવી દિલ્હીમાં ૨ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ મુખ્ય અતિથિ તરીકે પુસ્તક વિમોચન સમારોહની અધ્યક્ષતા કરશે. કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન મુખ્ય અતિથિ તરીકે ઉપ સ્થિત રહેશે. આ કાર્યક્રમમાં જાણીતા લેખકો, શિક્ષણવિદો, મંત્રાલયના અધિકારીઓ અને અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહેશે.'જમ્મુ કાશ્મીર એન્ડ લદ્દાખઃ થ્રુ ધ એજીસ' નામના પુસ્તકમાં જમ્મુ કાશ્મીર અને લદ્દાખની વાત રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. શીર્ષક જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખની વાતને પરિપ્રેક્ષ્ય અને આલેખથી દસ્તાવેજીકૃત કરવાનો પ્રયાસ કરે છે. જે આ વિષયના નિષ્ણાતો અને ઓછા જાણકાર બંનેનાં વિહંગાવલોકન માટે સક્ષમ કરે છે. તે સાત ખંડોમાં પ્રસ્તુત છે જે પ્રદેશના ત્રણ હજાર વર્ષથી વધુનાં ઈતિહાસને આવરી લે છે. તેમાં સમાવેશ કરાયેલ દરેક ઈમેજ એક યુગ, તેના મહત્વ અને ભારતીય ઈતિહાસના વિશાળ ઐતિહાસિક કેનવાસમાં તેના યોગદાનને દર્શાવવા માટે ખાસ કાળજીથી પસંદ કરવામાં આવી છે. હિન્દી અને અંગ્રેજીમાં પ્રકાશિત થયેલું આ પુસ્તક નેશનલ બુક ટ્રસ્ટ, ઈન્ડિયા અને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ હિસ્ટોરિકલ રિસર્ચના સંયુક્ત પ્રયાસોનું પરિણામ છે.

## જિલ્લા કલેક્ટરશ્રી ગૌરાંગ મકવાણાના અધ્યક્ષપદે શુકલતીર્થ ઉત્સવ આયોજન સંદર્ભે બેઠક યોજાઇ



। (માહિતી) ડાંગ, તા.૧ ।

સરકારશ્રીના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે સુપ્રસિધ્ધ પવિત્ર યાત્રાધામ ભરૂચ ખાતે સંભવિત આગામી ૧૨ અને ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫ એ એમ બે દિવસીય શુક્લતિર્થ ઉત્સવના આયોજન માટે આજરોજ જિલ્લા કલેક્ટરશ્રી ગૌરાંગ મકવાણાના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ભરૂચ જિલ્લો પ્રવાસન ક્ષેત્રે બહોળી નામના ધરાવે છે. ત્યારે આગામી સમયમાં ભરૂચ ખાતે શુકલતીર્થ ઉત્સવની ઉજવણીના ભાગરૂપે સુચારું આયોજન કરવા મિંટીંગનું આયોજન કરાયું હતું.

શુકલતીર્થ ઉત્સવ પૂર્વે બેઠક યોજીને સંબંધિત વિભાગના અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ ચર્ચા કરી હતી. ગતવર્ષે કાર્યક્રમ સંદર્ભે કરવામાં આવેલી કામગી-રીની નોંધ લઈ આ વર્ષે પણ વધુ સારુ અસરકારક આયોજન માટે અધિકારીઓ પાસે પ્રતિભાવો મેળવ્યા હતા.

## ડાંગ જિલ્લા કલેક્ટર શ્રી મહેશ પટેલના અધ્યક્ષ સ્થાને માર્ગ સલામતિ સમિતિની બેઠક યોજાઇ

। (માહિતી) ડાંગ, તા.૧ ।

ડાંગ જિલ્લાના આહવા ખાતે કલેકટર કચેરીના સભા ખંડમાં ડાંગ કલેકટર શ્રી મહેશ પટેલના અધ્યક્ષ સ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઇ હતી.

જેમાં માર્ગ સલામતિ અંગે શાળાઓમાં સેમિનાર યોજવા, ઝૅઈ ની તાલીમ આપવી તેમજ વ્યાપક પ્રમાણમાં જિલ્લાના નાગરીકોને માર્ગ સલામતિ અંગે જાગૃતિ ફેલાય તે હેતુસર, સોશિયલ મિડિયા મારફતે શોર્ટ ફિલ્મ અને તેમજ પોસ્ટરો દ્વારા પ્રચાર પ્રસાર કરી લોકોમાં જાગૃતિ ફેલાવા માટે જિલ્લા કલેક્ટર શ્રી મહેશ પટેલે બેઠકમાં જણાવ્યુ હતું.

સાથે જ જિલ્લાનાં જુદાં જુદાં માર્ગો પર આવેલ સંભવિત અકસ્માતના પોઈન્ટ વિષે તપાસ અહેવાલ રજુ કરીને તેના પર ચર્ચા કરવામાં આવી હતી.

# એસ. વી આર્ટ્સ કોલેજ, અમદાવાદ ખાતેથી જિલ્લા કક્ષાના રાષ્ટ્રીય માર્ગ સલામતી માસની ઉજવણીનો પ્રારંભ

### માર્ગ સલામતી, ટ્રાફિક નિયમોનું પાલન, માર્ગ અકસ્માતમાં મૃત્યુઆંક ઘટાડવાના ઉપાયો સહિતના વિષયો અંગે ઉપસ્થિતોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું



। (માહિતી) અમદાવાદ, તા.૧ ।

૧ જાન્યુઆરી, ૨૦૨૫થી શરૂ થઈ રહેલા રાષ્ટ્રીય માર્ગ સલામતી માસની ઉજવણી અંતર્ગત જિલ્લા કક્ષાની ઉજવણી અંતર્ગત એસ. વી આર્ટ્સ કોલેજ ખાતે કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમના ઉદ્ઘાટન સમારંભમાં અમદાવાદ RTO શ્રી જે. જે. પટેલે વિદ્યાર્થીઓને માર્ગ સલામતિ માસની ઉજવણી માટેનો મુખ્ય ઉદ્દેશ સમજાવીને આ ઉજવણીમાં જોડાવા અને જાગૃતતા ફેલાવવા સૌને અનુરોધ કર્યો હતો. તેમણે માર્ગ અકસ્માતમાં કેવી રીતે મૃત્યુઆંક ઘટાડી શકાય તે અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

રિજિનલ એન્ફોર્સમેન્ટ અધિકારી શ્રીમતી ઋત્વિજા દાણી દ્વારા માર્ગ સલામતિ અંગે પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું, તેઓએ ઓડિયો વિડીયો માધ્યમના ઉદાહરણો દ્વારા સેફટી અંગે જાણકારી આપી હતી. ગુજરાત રાજ્યના ગુજરાત રોડ સેફટી ઓથોરીટી અને જિલ્લા માર્ગ સલામતિ સમિતિ દ્વારા એસ. વી કોલેજ ખાતે આ પ્રસંગે રોડ સેફટી સેમિનારનું પણ આયોજન કરાયું હતું.



અમદાવાદ ગ્રામ્ય બાવળાના ARTO શ્રી એચ. એ. પટેલે ઉપસ્થિત સૌને માર્ગ સલામતી જાળવવા અને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા અંગેના શપથ લેવડાવ્યા હતા.

આ પ્રસંગે અમદાવાદ વસ્ત્રાલ ARTO શ્રી કે. ડી. પરમાર, અમદાવાદ ARTO શ્રી એ. એમ. પરમાર, એસ. વી આર્ટ્સ કોલેજના આચાર્ય ડૉ. જગદીશ ચૌધરી, એસ. વી કોમર્સ કોલેજના આચાર્ય ડૉ. રૂપલબેન પટેલ, ડૉ. યુ. સી પટેલ આર્ટ્સ અને કોમર્સ કોલેજના આચાર્ય ડૉ. હિતેન્દ્ર વ્યાસ સહિત તમામ કોલેજના અધ્યાપકો, કર્મચારીઓ RTO અમદાવાદની સમગ્ર ટીમ, NCC કેડેટ અને NSS વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ડાંગ જિલ્લાની એકલવ્ય મોડેલ રેસીડેન્સિય સ્કુલ મહાલ ખાતે "સાયબર સેફટી" અંગે સેમિનાર યોજાયો



। (માહિતી) ડાંગ, તા.૧ ।

ડાંગ જિલ્લાના મહિલા અને બાળ અધિકારીની કચેરી આહવા દ્વારા તારીખ ૩૧/૧૨/૨૦૨૪ ના રોજ એસ્પરેશનલ બ્લોક સુબીર તાલુકાના મહાલ ગામમાં આવેલ એકલવ્ય મોડેલ રેસીડેન્સિય સ્કુલ ખાતે "સાયબર સેફટી" અંગે સેમિનાર યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહિલા અને બાળ અધિકારી સુ.શ્રી મનિષાબેન એ. મુલતાનીએ જણાવ્યું હતું કે, વિશ્વભરના ઘણા વિદ્યાર્થીઓ શાળામાં અને ઘરે કમ્પ્યુટર પર પોતાનો સમય પસાર કરે છે. તેઓ શિક્ષકોને ઈ-મેલ કરવા અને મિત્રો સાથે જોડાવા માટે કમ્પ્યુટરનો ઉપયોગ કરે છે. જેમાંના કેટલાક કાર્યોમાં ઈન્ટરનેટનો સમાવેશ થાય છે. ઈન્ટરનેટ એક મનોરંજક અને ઉપયોગી સાધન હોઈ શકે છે, પરંતુ તે જોખમી પણ હોઈ શકે છે. જેથી સાયબર સુરક્ષાની માર્ગદર્શિકા વિદ્યાર્થીઓને ઈન્ટરનેટનો ઉપયોગ કરતી વખતે સુરક્ષિત રહેવામાં મદદ કરી શકે છે. આજે લગભગ દરેક વ્યક્તિઓ મોબાઈલ ફોનનો ઉપયોગ કરી રહ્યા છે. આજે ઘણા બધા રોજીંદા કામ સ્માર્ટ ફોન દ્વારા ઓનલાઈન કરી શકાય છે. આ સાથે જ ઓનલાઈન ફ્રોડના કેસ પણ વધી રહ્યા છે. ટેક્નોલોજી આગળ વધી રહી છે તેમ લોકોને સાયબર ક્રાઈમનો પણ ખતરો રહે છે. હાલના દિવસોમાં સાયબર ફ્રોડનો શિકાર બનનારા લોકોની સંખ્યામાં વધી રહી છે. દરરોજ એવા ઘણા સાયબર ક્રાઈમની ઘટનાઓ સામે આવી રહી છે જેના વિશે સૌ કોઈ જાણે છે. જેથી આપણી સાથે સાઈબર ફ્રોડની ઘટના થાય ત્યારે શું તકેદારી રાખવી તથા મૂંઝવતા પ્રશ્નો વિષયક વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. સાયબર ક્રાઈમના પોલીસ કોન્સટેબલ સુ.શ્રી આશાબેને સાયબર ક્રાઈમ થાય તો ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર ૧૯૩૦ અને ઓનલાઈન નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ www.cybercrime.gov.in પ્લેટફોર્મ પર સાયબર ક્રાઈમ સંબંધિત ફરિયાદ કરી શકાય છે તેમજ સાયબર ક્રાઈમના કાયદા વિશે વિસ્તૃત માહિતી આપી હતી. બાળ સુરક્ષા એકમના પ્રોબેશન ઓફીસર શ્રી નિકોલસભાઈ દ્વારા POCSO Act-2012, બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬ કાયદા અને પાલક માતા-પિતા યોજના વિશે માહિતી આપી હતી. આ ઉપરાંત મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી દ્વારા અન્ય મહાનુભાવો દ્વારા શી ટીમ વિશેની જાણકારી, સખી વન સ્ટોપ સેન્ટરની કામગીરી અને કિશોરીઓને લગ્ન પહેલા અને લગ્ન પછી ઉદભવતા સમસ્યાઓનું નિરાકરણ કઈ રીતે લાવવું તે અંગે વિદ્યાર્થીનીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. કોઈપણ અંતિમ નિર્ણય લેતા પૂર્વે તમારા પરિવારના સભ્યોનો અભિપ્રાય લો. તમારા દ્વારા એકલપંડે લેવાયેલો નિર્ણય કોઈક સમસ્યા ઊભી કરી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે. કારકિર્દીનું આયોજન કરવું એ બાબત પણ રમત જેટલી જ મહત્વની છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. ઑફિસના કામમાં તમારી વધારે પડતી વ્યસ્તતાને કારણે તમારા જીવનસાથી સાથેના સંબંધો વણસી શકે છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે આજે તમારૂં સ્વાસ્થ્ય નિરામય રહે એવી શક્યતા છે જે તમને સફળતા આપશે. પણ તમારી દૃઢતાને નુકસાન પહોંચાડે એવી બાબતોને તમારે ટાળવી રહી. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. બાળકોને તેમના અભ્યાસ પર ધ્યાન આપવાની તથા તેમના ભવિષ્યની યોજનાઓ ઘડવા પર ધ્યાન આપવાની જરૂર છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. એવો દિવસ જ્યારે કામનું દબાણ ઓછું હશે અને તમે પરિવારના સભ્યો સાથે તમારો સમય માણશો. તમારૂં પ્રેમ જીવન આયુષ્યભરના બંધનમાં પરિણમશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. સંબંધીઓ તમારી માટે અણધારી ભેટ લાવશે સાથે જ તેમની પાસેથી કોઈક મદદની પણ અપેક્ષા રાખજો. તમારા પ્રેમને કોઈ અલગ નહીં કરી શકે. તમે જે હંમેશાં કરવા માગતા હતા.

**તુલા (ર,ત) :**

આજના દિવસે આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. નવજાત શિશુની માંદગી તમને વ્યસ્ત રાખશે. તમારે તેના પર તરત ધ્યાન આપ વાની જરૂર પડશે. યોગ્ય સલાહ લેજો કેમ કે તમારી બાજુએ જરાક પણ બેદરકારી સમસ્યાને વકરાવી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે લાગણીની દૃષ્ટિએ તમે આજે સ્થિર નહીં હો-આથી અન્યોની સામે તમે કઈ રીતે વર્તો છો તથા શું બોલો છો તે અંગે સાવચેત રહેજો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. જીવનસાથી તથા સંતાનો વધારાનો પ્રેમ અને સાર-સંભાળ આપશે. તમે લોકપ્રિય હશો તથા સામી જાતિની વ્યક્તિને આસાનીથી તમારી તરફ આકર્ષી લેશો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કેલૅરીયુક્ત આહાર ટાળો. તમારા ભાઈ બહેનો માં થી આજે કોઈ તમારી જોડે પૈસા ઉધાર માંગી શકે છે, તમે તેમને પૈસા આપી તો દેશો પરંતુ આના થી તમારા આર્થિક હાલત ખરાબ થયી શકે છે. બાળકોને લઈને કેટલીક નિરાશાઓ થશે, કેમ કે તેઓ પોતાની કારકિર્દી પર ધ્યાન આપવાને બદલે અન્ય પ્રવૃત્તિઓ પાછળ વધુ સમય વેડફી રહ્યા છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. નવો પ્રણય સંબંધ બંધાવવાની પ્રબળ શક્યતા છે, પણ અંગત તથા ગોપનીય હોય એવી માહિતી છતી ન કરતા.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમે જો હાલના સમયમાં હતોત્સાહની લાગણી અનુભવતા હો તો-તમારે યાદ રાખવું જઈએ કે આજે યોગ્ય વિચારો અને વર્તન જરૂરી એવી રાહત લાવશે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. પારિવારિક જવાબદારીઓ ભૂલશો નહીં.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે સ્વાસ્થ્યની બાબતમાં તમારી જાતની અવગણના ન કરવાની સાવચેતી રાખજો. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. બહુ અગાઉથી ઘડેલી મુસાફરીની યોજના પરિવારમાં કોઈકની માંદગીને કારણે મુલત્વી રહેવાની શક્યતા. પ્રવાસને કારણે રૉમેન્ટિક સંબંધોને વંગ મળશે. તમને લાભ થવાની શક્યતા છે.

### ૨૦ કિ.મી.દૂર બે ઉપગ્રહો જોડાઇ જશે

# અંતરિક્ષમાં ૭-૧૦ જાન્યુઆરીએ અદભુત પ્રયોગ કરવામાં આવશે

### સ્પેડેક્સ મિશનની ટેકનોલોજીનો ઉપયોગ ભાવિ ચંદ્રયાન-૪ દ્વારા ચંદ્ર પરથી માટી,ખડકો લાવવાના પ્રોજેક્ટમાં થશે



। (એજન્સી) મુંબઇ, તા.૧ ।

૨૦૨૪ની ૩૦, ડિસેમ્બરે, રાતના ૧૦:૦૦ વાગે ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન(ઈસરો)ના પોલાર સેટેલાઈટ લોન્ચ વેહિકલ-સી ૬૦(પીએસએલવી-સી૬૦) દ્વારા સ્પેસ ડોર્કિંગ એક્સપરિમેન્ટ(સ્પેડેક્સ) મિશનને સંપૂર્ણ સલામતી અને સફળતા સાથે તરતું મૂકવામાં આવ્યું છે. સ્પેસડેક્સ મિશન અમારા શ્રીહરિકોટાના સ્પેસ સેન્ટર પરનું ૯૯ મું સફળ મિશન છે. સ્પેડેક્સ મિશનમાં એસડીએક્સ૦૧ -ચેઝર- અને એસડીએક્સ૦૨- ટાર્ગેટ-એમ બે સેટેલાઈટ્સ છે. બંને સેટલાઈટ્સનું વજન ૨૨૦-૨૨૦ કિલો છે. ૨૦૨૪નું વર્ષ વિદાય લઈ રહ્યું છે ત્યારે સ્પેડેક્સ મિશન અમારા માટે બહુ જ મહત્વનું બની રહેશ. ખાસ કરીને ૨૦૨૫ના નવા વર્ષના પહેલા જ સપ્તાહમાં જ ૭થી ૧૦, જાન્યુઆરી દરમિયાન અફાટ અંતરિક્ષમાં ૪૭૫ કિલોમીટરના અંતરે સ્પેડેક્સ મિશનના બંને સેટેલાઈટ્સનું ડોકિંગ(બંને સેટેલાઈટ્સ એકબીજા સાથે જોડાઈ જશે) થશે જે આપણા ભારત દેશ માટે અને ઈસરો માટે સોનેરી સફળતા બની રહેશે. આ મિશન ભારતનાં ભાવિ ચંદ્રયાન-૪, ગગનયાન, ભારતીય અંતરિક્ષ સ્ટેશન, સમાનવ ચંદ્રયાન વગેરે મિશન્સ માટે બહુ ઉપયોગી અને માર્ગદર્શકરૂપ બની રહેશે.ગઈકાલે ૩૦, ડિસેમ્બરે સ્પેડેક્સ સફળ રીતે લોન્ચ થયું ત્યારબાદ ઈસરોના મુખ્ય મથકમાં સાથી વિજ્ઞાનીઓ સાથે વાતચીત કરતાં ઈસરોના ચેરમેન શ્રીધર પન્નીકર સોમનાથે ખુશી વ્યક્ત કરતાં આવી માહિતી આપી હતી. એસ.સોમનાથે એવી માહિતી પણ આપી હતી કે રોકેટ બંને સેટેલાઈટ્સને લઈને ઉડયું તેની બરાબર ૧૫ મિનિટ બાદ બંને સેટેલાઈટ્સ પૃથ્વીની નીચેની ૪૭૫ કિલોમીટરની સર્ક્યુલર ઓર્બિટ(ગોળાકાર ભ્રમણકક્ષા)માં સલામતી સાથે પહોંચી ગયા છે. સ્પેડેક્સ મિશનના ડાયરેક્ટર એમ.જયકુમારે મહત્વની માહિતી આપતાં કહ્યું હતું કે બંને સેટેલાઈટ્સની સોલાર પેનલ્સ સફળતાપૂર્વક ખુલી ગઈ છે. એસડીએક્સ૦૧-ચેઝર- અને એસડીએક્સ૦૨ - ટાર્ગેટ-એમ બંને સેટેલાઈટ્સ એકબીજાંની આગળ પાછળ પ્રવાસ કરી રહ્યા છે. બંને સેટેલાઈટ્સ વચ્ચેનું અંતર તબક્કાવાર વધીને ૨૦ કિલોમીટરનું થઈ જશે. ત્યારબાદ બંને સેટેલાઈટ્સ એકબીજાની નજીક આવવાની પડકારરૂપ પ્રક્રિયા શરૂ થશે.

### સાયબર ગઠિયાએ ટ્રેડિંગના નામે નાણાં ભરાવીને છેતરપિંડી આચરી

# વોટ્સએપ ગ્રૂપનો એક માસ સુધી અભ્યાસ કર્યો છતાં આધેડે ૬૩.૭૯ લાખ ગુમાવ્યા

### અજાણ્યા વ્યક્તિઓએ આરોપીઓએ રોકાણ કરાવેલા નાણાંથી ફાઇનાન્સ કંપનીઓમાં ૫૨.૪૯ લાખની લોન પણ લેવડાવી હતી



। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

શહેરમાં રહેતા એક આધેડ સાથે ૬૩.૭૯ લાખનું સાયબર ફ્રોડ થયાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આધેડને અજાણ્યા વ્યક્તિઓએ એક વોટ્સએપ ગ્રૂપમાં એડ કર્યા હતા. બાદ આધેડે તે ગ્રૂપમાં આવતા મેસેજનો એક માસ સુધી અભ્યાસ પણ કર્યો હતો. જે બાદ ગઠિયાઓએ એક ઈન્વેસ્ટમેન્ટ એપ્લિકેશન ડાઉનલોડ કરાવીને રોકાણ શરૂ કરાવ્યુ હતું. ગઠિયાઓએ અલગ અલગ બેંક ખાતા આપીને શેરબજારમાં ટ્રેડીંગ કરવાના અને વધુ વળતરની લાલચ આપીને કુલ રૂ. ૬૩.૭૯ લાખ પડાવ્યા હતા. આ મામલે સેટેલાઈટ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. સેટેલાઈટમાં રહેતા ૫૫ વર્ષીય કુશંગભાઈ મહેતાને કોઈ શખ્સોએ થોડા સમય પહેલા અજાણ્યા વોટ્સએપ ગ્રૂપમાં એડ કર્યા હતા. કુશંગભાઈએ એક માસ સુધી આ ગ્રૂપમાં આવતા મેસેજનો અભ્યાસ કર્યો હતો. જેમાં લોભામણી લાલચો આપીને ગઠિયાઓએ તેમની પાસે એક ઈન્વેસ્ટમેન્ટ એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી. જે એપ્લિકેશન થકી રોકાણ શરૂ કરાવ્યું હતું. બાદમાં અલગ અલગ બેંક ખાતાઓ આપીને શેરબજારમાં ટ્રેડિંગ કરવાના નામે નાણાં ટ્રાન્સફર કરાવ્યા હતા. નાણાં ટ્રાન્સફર કરાવ્યા બાદ વધુ વળતરની લાલચ આપીને કુલ રૂ. ૬૩.૭૯ લાખ ગઠિયાઓએ પડાવ્યા હતા. આરોપીઓએ રોકાણ કરાવેલા નાણાંથી ફાઈનાન્સ કંપનીઓમાં ૫૨.૪૯ લાખની લોન પણ લેવડાવી હતી. જે રોકાણના નાણાંનું કોઈ વળતર ન મળતા આખરે કુશંગભાઈએ આ મામલે પોલીસને અરજી આપતા સેટેલાઈટ પોલીસે પારિજાત સિંઘ, વિનિતા રાજપૂત અને અન્ય લોકો સામે ગુનો નોંધી તપાસ આરંભી છે.

### તેનું ફોર્મ તેને સાથ નથી આપી રહ્યું : ઈરફાન પઠાણ

# ટીમમાં રોહિતનું સ્થાન તેની કેપ્ટનશીપને કારણે છે, બેટિંગ પ્રદર્શનને કારણે નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

ઓસ્ટ્રેલિયામાં ભારતીય ટીમના પ્રદર્શનને લઈને ક્રિકેટ ચાહકો ખૂબ નારાજ છે. ૫ ટેસ્ટ મેચની ઓસ્ટ્રેલિયા સામેની સીરિઝ પહેલા ભારતનો ન્યૂઝીલેન્ડ સામે ઘર આંગણે પરાજય થયો હતો. સીરિઝ દરમિયાન કેપ્ટન રોહિત શર્મા અને સ્ટાર બેટર વિરાટ કોહલીનું નિરાશાજનક પ્રદર્શન રહ્યું હતું. બોર્ડર ગાવસ્કર ટ્રોફીના પરિણામ પર ભારતની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપ ફાઈનલની આશા નિર્ભર હતી. પરંતુ ભારતના બંને મહાન બેટરોએ નિરાશ કર્યા હતા. વિરાટ કોહલીએ એક સદી ફટકારી હતી પરંતુ રોહિત ખરાબ રીતે નિષ્ફળ રહ્યો હતો. રોહિત શર્મા બાળકના જન્મને કારણે બોર્ડર ગાવસ્કર ટ્રોફીની પહેલી મેચ રમી શક્યો ન હતો. તેણે પૂરી સીરિઝ દરમિયાન ૩ મેચમાં માત્ર ૩૧ રન બનાવ્યા છે. પૂર્વ ભારતીય ઓલરાઉન્ડર ઈરફાન પઠાણે ટીમમાં રોહિત શર્માના સ્થાન અંગે ચિંતા વ્યક્ત કરી છે. પઠાણનું માનવું છે કે ટીમમાં રોહિતનું સ્થાન તેની કેપ્ટનશીપ ને કારણે છે, તેના બેટિંગ પ્રદર્શનને કારણે નથી. ઈરફાન પઠાણે કહ્યું હતું કે, 'એક ખેલાડી જેણે લગભગ ૨૦,૦૦૦ રન બનાવ્યા છે. રોહિત અત્યારે જે રીતે હાલમાં સંઘર્ષ કરી રહ્યો છે, તેને જોતા લાગે છે કે તેનું ફોર્મ તેને સાથ નથી આપી રહ્યું.

### ૪૪ વર્ષથી બંધ હતું ગર્ભગૃહ

# મુરાદાબાદમાં ગૌરીશંકર મંદિરના ખોદકામમાંથી મળી આવી ખંડિત મૂર્તિઓ

### જો કે હજુ સુધી મંદિર પર કોઈ કબજો હોવાના કોઈ પુરાવા સામે આવ્યા નથી



। (એજન્સી) મુરાદાબાદ, તા.૧ ।

સંભલ, વારાણસી, બુલંદશહર બાદ હવે મુરાદાબાદમાં ૪૪ વર્ષથી બંધ ગૌરી શંકર મંદિર મળી આવ્યું છે. એવો આરોપ છે કે ૧૯૮૦ના રમખાણોમાં પૂજારીની હત્યા થયા બાદ આ મંદિરને બંધ કરી દેવામાં આવ્યું હતું અને તેના બંને દરવાજા ઈંટોથી તોડી દેવામાં આવ્યા હતા. ત્યારે હવે મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમે ગર્ભગૃહનું ખોદકામ કર્યું ત્યારે શિવલિંગ અને અનેક તૂટેલી મૂર્તિઓ કાટમાળ નીચે દટાયેલી મળી આવી હતી, જેને બહાર કાઢવામાં આવી છે. મંદિરની સફાઈ કર્યા બાદ તેમાં મૂર્તિની સ્થાપના કરવામાં આવશે. મુરાદાબાદમાં ૪૪ વર્ષથી બંધ રહેલા ગૌરી શંકર મંદિરમાંથી નંદી, ગણેશ, કાર્તિકેય અને ભગવાન હનુમાનની ખંડિત મૂર્તિઓ મળી આવી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ સ્થળ પર હાજર રહ્યા હતા અને કર્મચારીઓ દ્વારા મંદિરની સફાઈ કરાવી હતી. જો કે હજુ સુધી મંદિર પર કોઈ કબજો હોવાના કોઈ પુરાવા સામે આવ્યા નથી. આ મંદિર લાંબા સમયથી બંધ હતું, તેથી જાળવણીના અભાવે તેની હાલત ખરાબ થઈ ગઈ છે. હવે તેને પૂજા માટે યોગ્ય બનાવવા માટે તેને સાફ કરીને તેનું કલરકામ કરવામાં આવશે. આ ધાર્મિક સ્થળના નિરીક્ષણ દરમિયાન, ટીમને જાણવા મળ્યું કે મંદિરના બંને દરવાજા વર્ષ ૧૯૮૦માં ચણતર કરીને બંધ કરી દેવામાં આવ્યા હતા. ૧૯૮૦ના રમખાણોમાં પૂજારીની હત્યા થઈ ત્યારથી મંદિર બંધ હોવાનું સામે આવ્યું છે. પૂજારીના પૌત્રે એક અઠવાડિયા પહેલા મુરાદાબાદના ડીએમને એક અરજી આપી હતી, જેમાં મંદિરને ફરીથી ખોલવાની વિનંતી કરવામાં આવી હતી. આ પછી, વહીવટીતંત્રે ત્રણ દિવસ પહેલા શહેરના નાગફની વિસ્તારમાં ઝબ્બુ કા નાલા વિસ્તારમાં સ્થિત મંદિરનો સરવે કર્યો હતો અને સોમવારે કડક સુરક્ષા હેઠળ સફાઈ અને ખોદકામ કરવામાં આવ્યું હતું. ખોદકામ દરમિયાન હનુમાનજી, શિવલિંગ અને નંદીની મૂર્તિઓ મળી આવી છે અને જ્યાં સુધી મંદિર તેના પૂર્ણ સ્વરૂપમાં નહીં આવે ત્યાં સુધી આ પ્રક્રિયા આગળ પણ ચાલુ રહેશે. સદર એસડીએમ રામ મોહન મીણાએ જણાવ્યું કે, 'આ મંદિર ૧૯૮૦ના રમખાણોથી બંધ હતું. તાજેતરમાં અમે અહીં આવ્યા હતા અને શનિવારે પણ મુલાકાત લીધી હતી અને તેની સ્થિતિ જોઈ હતી.

# ઈલોન મસ્કે પોતાનું નામ બદલી ફરી આખી દુનિયાને ચોંકાવી દીધા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

વિશ્વભરના જાણિતા અને ચર્ચામાં રહેતા ઈલોન મસ્કો પોતાનું નામ બદલી ફરી આખી દુનિયાને ચોંકાવ દીધા છે અને તેમણે કરેલી જાહેરાત બાદ ક્રિપ્ટો જગતમાં ઉથલપાથલ શરુ થઈ ગઈ છે. વાસ્તવમાં મસ્કે તાજેતરમાં જ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોતાનું નામ બદલીને 'Kekius Maximus" રાખી દીધું, જેના કારણે તેમના કરોડો યુઝર્સો અસમંજસમાં મુકાઈ ગા છે. મસ્કના નિર્ણયની અસર માત્ર સોશિયલ મિડિયામાં જ નહીં, ક્રિપ્ટોકરન્સી માર્કેટમાં પણ જોવા મળી રહી છે.વાસ્તવમાં Kekius Maximusનું નામ ઈન્ટરનેટ કલ્ચર અને મીમ્સ પ્રેરિત છે. આ નામ બે જુદા જુદા સંદર્ભને જોડે છે. પ્રથમ સંદર્ભ Pepe the Frog છે, જે એક લોકપ્રિય ઈન્ટરનેટ મીમ છે અને તે હાસ્ય અને વ્યંગનું પ્રતીક છે. જ્યારે બીજો સંદર્ભ Gladiator છે, જેનો ફિલ્મમાં મેક્સિમમ કેરેન્ટર તરીકે ઉપયોગ થાય છે, તે તાકાત અને પ્રભાવનું પણ પ્રતિક છે. આ ઉપરાંત 'KEKIUS' નામનું ક્રિપ્ટો ટોકન પણ છે, જે Ethereum અને Solana જેવા બ્લોકચેન પ્લેટફોર્મ પર ચાલે છે.મસ્કે નામ બદલતાં જ KEKIUS ક્રિપ્ટોકરન્સીની કિંમતમાં ૫૦૦ ટકાનો જોરદાર ઉછાળો આવ્યો છે. રિપોર્ટ મુજબ મસ્ક નામ બદલ્યાના થોડાંક કલાકમાં KEKIUS ટોકનના કિંમત આસમાને પહોંચી ગઈ છે. CoinGeckoના રિપોર્ટ મુજબ KEKIUSનું વર્તમાન માર્કેટ કેપિટલાઈઝેશન ૮૫ મિલિયન ડૉલરથીવધુ છે. ૩૧ ડિસેમ્બર-૨૦૨૪ના રોજ ટોકનની કિંમત ૦.૦૯૨૭૪ ડૉલર પર પહોંચી ગઈ હતી. મસ્કે Kekius Maximus નામને લગતા અનેક મીમ્સ અને પોસ્ટ શેર કરી છે. ઈલોન મસ્ક અનેક વખત ક્રિપ્ટો માર્કેટમાં મોટા ફેરફારોને શ્રેય આપતા રહ્યા છે. તેમની ટ્વિસ્ટ અને સોશિયલ મીડિયા પરની ગતિવિધિઓના કારણે ડૉગકોઈન અને મીમ ક્રિપ્ટોકરન્સી ચર્ચામાં આવી છે. હવે તેમણે તાજેતરમાં જ KEKIUSનો ઉલ્લેખ કરીને વિશ્વભરમાં નવી ચર્ચાઓ શરૂ કરાવી દીધી છે, જેના કારણે રોકાણકારો પણ આકર્ષાયા છે. મસ્કના કારસ્તાનથી KEKIUS લોકપ્રિયતા વધી ગઈ છે. આ સાથે અન્ય મીમ-આધારીત ક્રિપ્ટોકરન્સીના કિંમતમાં પણ ઉછાળો થયો છે.

# સુરક્ષાના મામલે ભારત બહુ ભાગ્યશાળી નથીઃ રાજનાથ સિંહ



। (એજન્સી) ભોપાલ, તા.૧ ।

સુરક્ષા મોરચે ભારત બહું ભાગ્યશાળી દેશ નથી રહ્યો. આપણી સેના ઉત્તર અને પશ્ચિમી સરહદો પર સતત પડકારોનો સામનો કરી રહી છે. આપણે બેફિકર થઈને નિરાંત અનુભવી શકતા નથી. આપણા દુશ્મનો દેશની અંદર હોય કે બહાર, હંમેશા સક્રિય રહે છે તેમ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું હતું. આ સંજોગોમાં આપણે તેમની ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખવી જોઈએ. તેમની વિરુદ્ધ યોગ્ય સમયે વધુ સારા અને અસરકારક પગલાં લેવા જોઈએ તેમ તેમણે ઉમેર્યુ હતું. મધ્યપ્રદેશના ઈન્દોર જિલ્લામાં સેનાના જવાનોને સંબોધિત કરતાં તેમણે આ વાત કહી હતી. તેમણે સેનાના જવાનોને કહ્યું હતું કે આપણે આંતરિક મોરચે પણ પડકારોનો સામનો કરી રહ્યા છીએ. આવી અસુરક્ષાના માહોલમાં આપણે સહેજે ય બેદરકાર રહી શકીએ તેમ નથી. આપણા દુશ્મનો, પછી ભલે તે આંતરિક હોય કે બાહ્ય, હંમેશા સક્રિય રહે છે. આ સંજોગોમાં આપણે તેમના પર ચાંપતી કડક નજર રાખવી જોઈએ. રક્ષામંત્રીએ કહ્યું હતું કે ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત અને આત્મનિર્ભર દેશ બનાવવા માટે સેનાની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમણે વધુમાં કહ્યું હતું કે દેશના રક્ષામંત્રી તરીકે, હું તમને જણાવવા માંગુ છું કે આપણે હંમેશા સતર્ક રહેવાનું છે. જ્યારે હું અહીં આવ્યો અને તમે સૌ જે અનુશાસન અને સમર્પણ સાથે તાલીમ લઈ રહ્યા છો તે જોઈને હું ખૂબ જ પ્રભાવિત થયો છું.

# 'જે કહેવું તે કરવું'નો વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો કાર્યમંત્ર સાકાર કરતી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકાર

### શહેરી જનસુખાકારી સાથે નાગરિક સેવાઓને વધુ સુદ્રઢ બનાવવા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારનું વધુ એક ઐતિહાસિક પગલું

। (માહિતી) અમદાવાદ ।

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી મંત્રીમંડળની બેઠકે રાજ્યમાં એકસાથે નવી ૯ મહાનગરપાલિકાની રચનાના નિર્ણયને મંજૂરી આપી છે. મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વની વર્તમાન સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં નવસારી, વાપી, આણંદ, નડિયાદ, મહેસાણા, સુરેન્દ્રનગર/ વઢવાણ, મોરબી, પોરબંદર/ છાયા અને ગાંધીધામ એમ કુલ ૦૯ નગર પાલિકાઓને મહાનગરપાલિકામાં રૂપાંતરિત કરવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'જે કહેવું તે કરવું'ના અપનાવેલા કાર્યમંત્રને અનુસરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના વડપણની સરકારે આ ૯ મહાનગરપાલિકાની રચનાને મંજૂરી આપીને મહાનગરપાલિકાઓ તાત્કાલિક અસરથી કાર્યરત કરી છે.

રાજ્ય મંત્રીમંડળની બેઠકના આ નિર્ણયની ભૂમિકા આપતાં પ્રવક્તા મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત જ ૨૦૪૭ના દૂરંદેશી સ્વપ્નને સાકાર કરવા 'અર્નિંગ વેલ' અને 'લિવિંગ વેલ'ના ધ્યેય પાર પાડીને વિકસિત ગુજરાત જ ૨૦૪૭ના વિઝનને સાર્થક કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પ્રતિબદ્ધ છે.

'વિકાસના એન્જીન' ગુજરાતમાં હાલ અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જૂનાગઢ, જામનગર અને ગાંધીનગર મળી કુલ – ૦૮ મહાનગરપાલિકાઓ કાર્યરત છે. આ પૈકી જુનાગઢ મહાનગરપાલિકાની વર્ષ ૨૦૦૨માં અને ગાંધીનગર મહાનગરપાલિકાની વર્ષ ૨૦૧૦માં રચના કરવામાં આવેલી છે.

ત્યારબાદ લગભગ ૧૪ વર્ષ બાદ આ નવી ૯ મહાનગરપાલિકાઓની રચના થઈ રહી છે. આના પરિણામે રાજ્યમાં હાલની મહાનગરપાલિકાઓની સંખ્યા કરતા બે ગણી એટલે કે ૧૭ મહાનગર પાલિકાઓ અસ્તિત્વમાં આવી છે. ગુજરાતના શહેરી વિકાસમાં આ એક ઐતિહાસિક ઘટના છે તેનો વિશેષ ઉલ્લેખ પ્રવક્તા મંત્રીશ્રીએ કર્યો હતો.

નીતિ આયોગની 'સિટીઝ એઝ એન્જિન્સ ઓફ ગ્રોથ' સંકલ્પના સાર્થક કરવા પ્રમાણમાં મોટા શહેરી વિસ્તારોનું ભવિષ્યલક્ષી આયોજન અને સુચારૂ વહીવટતંત્ર સ્થાપી શકાય તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા મહાનગરપાલિકાઓની રચના કરીને તેમાં વિકાસલક્ષી કામો અને વહીવટીતંત્રમાં અસરકારકતા તેમજ પારદર્શિતા સુનિશ્ચિત કરવામાં આવી છે.

આ સંદર્ભમાં આ ૯ નગરપાલિકાઓને મહાનગરપાલિકાનો દરજ્જો મળતાં હવે રાજ્યમાં મહાનગરપાલિકાઓની સંખ્યા ૧૭ અને નગર પાલિકાઓની સંખ્યા ૧૪૯ થશે.

રાજ્યમંત્રી મંડળના નિર્ણય અનુસાર નવસારી નગરપાલિકા તેમજ દાંતેજ, ધારાગીરી, એરુ અને હાંસાપોર ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને નવસારી મહાનગરપાલિકા બનશે. ગાંધીધામ નગરપાલિકા તેમજ કિડાણા, ગળપાદર, અંતરજાળ, શિણાય, મેઘપર-બોરીચી અને મેઘપર-કુંભારડી ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને ગાંધીધામ મહાનગર પાલિકા બનશે.

મોરબી નગરપાલિકા તેમજ શક્તસનાળા, રવાપરા, લીલાપર, અમરેલી, નાની વાવડી, ભડીયાદ (જવાહર), ત્રાજપર (માળીયા વનાળીયા), મહેન્દ્રનગર (ઈન્દિરાનગર) અને માધાપર/વજેપર ઓજી ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને મોરબી મહાનગરપાલિકા બનશે.

વાપી નગરપાલિકા તેમજ બલિઠા, સલવાવ, છીરી, છરવાડા, ચણોદ, કરવડ, નામધા, ચંડોર, મોરાઈ, વટાર, કુંતા ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને વાપી મહાનગરપાલિકા બનશે.

આણંદ, વલ્લભવિદ્યાનગર અને કરમસદ નગર પાલિકા તેમજ મોગરી, જીટોડીયા, ગામડી અને લાંભવેલ ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને આણંદ મહાનગરપાલિકા બનશે.

મહેસાણા નગરપાલિકા તેમજ ફતેપુરા, રામોસણા, રામોસણા ન્ન.છ. વિસ્તાર, દેદીયાસણ, પાલાવાસણા, હેડુવા રાજગર, હેડુવા હનુમંત, તળેટી અને લાખવડ ગ્રામ પંચાયતો ઉપરાંત પાલોદર, પાંચોટ, ગિલોસણ, નુગર, સખપુરડા અને લાખવડ ગ્રામ પંચાયતોના કેટલાક સર્વે નંબરવાળા વિસ્તારો સમાવિષ્ટ થઈને મહેસાણા મહાનગરપાલિકા બનશે.

સુરેન્દ્રનગર/ દૂધરેજ/ વઢવાણ નગરપાલિકા તેમજ ખમીસણા, ખેરાળી, માળોદ, મુળચંદ અને ચમારજ ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને સુરેન્દ્રનગર મહાનગરપાલિકા બનશે.

પોરબંદર/ છાયા નગરપાલિકા તેમજ વનાણા (વિરપુર), દિગ્વીજયગઢ, રતનપર અને ઝાવર ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને પોરબંદર મહાનગર પાલિકા બનશે.

નડિયાદ નગરપાલિકા તેમજ યોગીનગર, પીપલગ, ડુમરાલ, ફતેપુરા, કમલા, માંજીપુરા, ડભાણ, બીલોદરા, ઉત્તરસંડા અને ટુંડેલ ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને નડિયાદ મહાનગર પાલિકા બનશે.

પ્રવક્તા મંત્રીશ્રીએ નગરપાલિકાઓને મહાનગર પાલિકાઓનો દરજ્જો મળતા જે ફાયદાઓ લોકોને મળશે તેની વિગતો આપતાં ઉમેર્યું કે, નગરપાલિકા/ ગ્રામપંચાયતો મહાનગરપાલિકામાં રૂપાંતરિત થવાથી ત્વરિત, કાર્યક્ષમ અને પારદર્શી પ્રક્રિયા સાથે વહીવટ વધુ સુદ્રઢ થશે.

આ ઉપરાંત રોડ-રસ્તા, ગટર વ્યવસ્થા, સ્વચ્છતા, પીવાનું શુદ્ધ પાણી, સિવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ,આરોગ્યલક્ષી સેવાઓ, શિક્ષણ, સ્ટ્રીટલાઈટ, બાગ બગીચા, કોમ્યુનીટી હોલ તથા ટ્રાન્સપોર્ટેશન વગેરે જેવી પાયાની સુવિધાઓ સુનિયોજિત રીતે મળતી થશે. મહાનગરપાલિકામાં જે ગ્રામ્ય વિસ્તારો ભેળવવામાં આવે છે તેના નાગરિકોને તમામ નાગરિક સુવિધાઓ સમયસર અને સુઆયોજિત મળી રહે તે માટે રાજ્ય સરકાર જરૂરી તમામ નાણાંકીય તેમજ વહીવટી સપોર્ટ પૂરો પાડશે અને આ વિસ્તારના લોકોની સુવિધાઓમાં અનેકગણો વધારો થાય તે સુનિશ્ચિત કરવાની રાજ્ય સરકારની નેમ છે. પ્રવક્તા મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, મહાનગર પાલિકાઓમાં શહેરી આયોજન (અર્બન પ્લાનિંગ) ટી.પી. સ્કીમ આધારિત અને ઓર્ગેનાઈઝ્ડ રીતે થતું હોવાથી ઉપલબ્ધ જમીનનો મહત્તમ ઉપયોગ થાય છે. મહાનગરપાલિકાઓમાં સુનિયોજિત રોડ રસ્તા, કોમર્શીયલ, શૈક્ષણિક, કોમ્યુનિટી, રમતગમતનાં મેદાન જેવા હેતુ માટે જમીન ફાળવવામા આવશે.

મહાનગરપાલિકા બનવાથી તેમાં વસતા લોકો ઉપરાંત નજીકના વિસ્તારોમાં વસતા લોકો માટે રોજગારીનીવિપુલતકોઉપલબ્ધથશે.આવિસ્તારોમાં એક જ કેન્દ્ર પરથી વધુ વ્યાપક પ્રમાણમાં સેવાઓ પૂરી પાડી શકાશે અને નાગરિકોનું જીવનધોરણ ઊંચુ આવશે.

એટલું જ નહિ, સમયાંતરે નવી મહાનગર પાલિકાઓમાં બી.આર.ટી.એસ., મેટ્રો રેલ, રિવરફ્રન્ટ જેવા વિશેષ પ્રોજેક્ટ્સ અમલમાં આવશે, તેથી નાગરિકોની સુખાકારીમાં વધારો થશે અને રાજ્ય સરકારની "સૌનો સાથ, સૌનો વિકાસ"ની નેમ સાથે ઈઝ ઓફ લિવિંગને નવું પીઠબળ મળશે.

### વર્ષના અંતિમ દિવસે શહેરમાં આગ લાગવાની વધુ એક ઘટના પ્રકાશમાં આવી

# સુરતના સ્ટીલ પ્લાન્ટમાં ભીષણ આગ, ૪ લોકોના દાઝી જવાથી મોત

। (એજન્સી) સુરત, તા.૧ ।

સુરતની AMNS કંપનીમાં આગનો મામલો મૃતકોના પરિવારજનોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે પરિવારજનોએ કંપનીના માલિકો સામે આક્ષેપો કર્યા છે. અને હજુ સુધી કંપનીના કોઈ અધિકારી ફરક્યા નથી તેવું તે લોકોનું કહેવું છે. પરિવારજનો DNA ટેસ્ટની વાત કરી પણ કંપનીના અધિકારી ફરક્યા નહીં તેવો તેમનો આક્ષેપ છે. આપને જણાવી દઈએ એક જ પરિવારના બે સભ્યોના દુર્ઘટનામાં થયા છે. અને આ મોતનો કંપની તરફથી હજુ સુધી કોઈ જવાબ આપવામાં આવ્યો નથી. આગની ઘટનામાં કુલ ચાર લોકોના નિપજ્યા છે મોત પોલીસ પણ ફરિયાદ ન લેતી નહીં હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.



સુરતમા હજીરાની AMNS કંપનીમાં બ્લાસ્ટનો મામલે સવાલોના ઘેરામાં આવી છે આ આગની સમગ્ર દુર્ઘટના બનાવના ૪ કલાક બાદ પરિવારને જાણ કરાઈ મોત થયું હોવા છતાં ચુપોઅવાયું હોવાના પરિવારના આક્ષેપ છે. ગત સાંજે ૬ વાગ્યાની આજુ બાજુ બની હતી બ્લાસ્ટની ઘટના પોલીસને પણ દુર્ઘટનાના કલાકો બાદ જાણ કરાઈ હતી. કંપનીના કોરેક્ષ-૨ પ્લાન્ટમાં થયો હતો બ્લાસ્ટ સમગ્ર ઘટનામાં કુલ ૪ લોકોના કરૂણ મોત થયા હતા. આ મુદ્દે કંપની દ્વારા મહત્વપૂર્ણ નિવેદન આપવામાં આવ્યું છે. જેમાં તેમણે જણાવ્યું હતું કે, AMNS હજીરાની કામગીરીમાં સાધનસામગ્રીની નિષ્ફળતાને કારણે કોરેક્સ પ્લાન્ટમાં અકસ્માતની જાણ કરતાં અમને દુઃખ થાય છે. સાંજે લગભગ છ વાગ્યે શટડાઉન કર્યા પછી યુનિટને ફરીથી શરૂ કરતી વખતે આ અકસ્માત થયો હતો. એક ખાનગી કંપનીના ચાર કોન્ટ્રાક્ટ કામદારો નજીકની લિફ્ટ (લિફ્ટ) પર જાળવણી કરતી વખતે તેમાં ફસાઈ ગયો હતો અને એક કર્મચારીને સામાન્ય ઈજાઓ થઈ હતી અને તેને તાત્કાલિક પ્લાન્ટ પરિસરમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો અને તેની હાલત છે સુધારો. કંપનીએ એમ પણ કહ્યું કે, "અમે અસરગ્રસ્ત કર્મચારીઓના પરિવારોને તમામ શક્ય મદદ પૂરી પાડી રહ્યા છીએ. તમામ ઈમરજન્સી પ્રોટોકોલ તાત્કાલિક સક્રિય કરવામાં આવ્યા હતા અને વિસ્તારને કોર્ડન કરી દેવામાં આવ્યો છે." કંપનીના કોરેક્સ પ્લાન્ટમાં આગ કેવી રીતે લાગી તે અંગે કંપની અને પોલીસ તપાસ કરી રહી છે જેમાં ૪ કામદારોના મોત થયા છે.

**મૃતકોના નામ**

(૧) જીજ્ઞેશ દિલીપકુમાર રહે અડાજણ સુરત પટેલ

(૨) પતિ જવાહર ફલીને વ્યારા રહેવાસી ધવલકુમાર નરેશભાઈ

(૩) પટેલ સંદીપકુમાર અશોકભાઈ ખંડાલ મુહવા કોટડા સુરત ગુજરાત

(૪) ગણેશ સૂરજ બુધ રહે, બાલાપુર રોડ દશેરા નગર સેગાઓ ભુલદાન

મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે નવી સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. હજીરા પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોતનો ગુનો નોંધવામાં આવ્યો છે.

## ન્યૂઝ બ્રિફ

### અમદાવાદની રિક્ષાઓમાં ડિજિટલ મીટર ફરજિયાત કરવામાં આવ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

અમદાવાદમાં આજે નવા વર્ષથી રિક્ષાઓમાં ડિજિટલ મીટર ફરજિયાત કરવામાં આવ્યું છે. આ અંગે અગાઉ અમદાવાદ શહેર પોલીસ કમિશનરે રીક્ષાચાલકો માટે જાહેરનામું બહાર પાડ્યું હતું. જે મુજબ આજે એટલે કે ૧ જાન્યુઆરી ૨૦૨૫થી શહેરમાં ચાલતી તમામ રીક્ષાઓમાં ડિજિટલ મીટર લગાવવું ફરજિયાત કરવામાં આવ્યું છે, જે અંગે આજથી અમલવારી શરૂ થઈ ગઈ છે. જાહેરનામા મુજબ, જો રીક્ષાઓમાં ડિજિટલ મીટર લગાવવામાં આવ્યા નહી હોય તો આવા રીક્ષાચાલકો સામે કડક કાર્યવાહી પણ કરવામાં આવશે. આ સાથે રીક્ષામાં જરૂરી તમામ ડોક્યુમેન્ટ રાખવા પડશે, ઉલ્લેખનીય છે કે આ વાત અંગે ૧૫ દિવસ પહેલા જ રીક્ષાચાલકોને સૂચના આપવામાં આવી હતી. રિક્ષામાં ડિજિટલ મીટર રાખવા આજથી ફરજિયાત કરવામાં આવ્યા છે. જો કોઈ રિક્ષામાં ડિજિટલ મીટર નહીં હોય તો રિક્ષાચાલક વિરુદ્ધ કાર્યવાહી થશે. આ અંગે રિક્ષાચાલકોનું કહેવું છે કે, આ નિયમથી મુસાફરો સાથે ઘર્ષણ કે વિવાદ નહીં થાય પરંતુ શટલ રિક્ષાચાલકોના ધંધાને માઠી અસર પડે તેવી આશંકા છે. તો

### ધો. ૧૨ સાયન્સની પ્રિલીમ પરીક્ષાની તારીખો બદલાઈ

। (એજન્સી) ગાંધીનગર, તા.૧ ।

ગુજરાત બોર્ડ દ્વારા ધોરણ ૧૨ સાયન્સની પ્રીલિમ પરીક્ષામાં ફેરફાર કરવામાં આવ્યો છે. આ પહેલાં ૨૦ થી ૨૮ જાન્યુઆરી દરમિયાન પ્રિલીમ પરીક્ષા યોજાવાની હતી. પરંતુ હવે આ તારીખમાં ફેરફાર કરી ૧૬ થી ૨૧ જાન્યુઆરી કરવામાં આવ્યો છે. કારણકે ૨૨ થી ૨૩ જાન્યુઆરી દરમિયાન JEE-MAINની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પ્રિલીમ/ દ્વિતીય પરીક્ષા અને ત્નઈઈ-સ્ર્ઁઈંદ્ગ ની પ્રથમ તબક્કાની પરીક્ષાઓની પરસ્પર તારીખ એકસરખી હોવાથી સંદર્ભ દર્શિત કારોબારી સમિતિના ઠરાવ મુજબ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રિલીમ પરીક્ષા ૧૬ થી ૨૧ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન લેવાશે. આ સિવાય, અન્ય ધોરણની પ્રિલીમ / દ્વિતીય પરીક્ષા બોર્ડના શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડરમાં જણાવ્યા મુજબ ૨૦થી ૨૮ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન યથાવત રહેશે. મળતી માહિતી મુજબ, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ અને અમદાવાદ શહેર આચાર્ય સંઘ દ્વારા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરીને આ વિશે રજૂઆત કરવામાં આવી હતી.

### નવા વાવ-થરાદ જિલ્લાનું મુખ્ય મથક થરાદ રહેશે

# બનાસકાંઠાનું વિભાજન કરી વાવ-થરાદની નવા જિલ્લા તરીકે સત્તાવાર જાહેરાત

। (એજન્સી) બનાસકાંઠા, તા.૧ ।

નવા વર્ષની શરૂઆત સાથે ગુજરાતીઓ માટે મોટા સમાચાર સામે આવી રહ્યા છે. હવેથી ગુજરાતમાં ૩૩ નહી પણ ૩૪ જિલ્લાઓ હશે. ગુજરાત રાજ્યને વધુ એક નવો જિલ્લો મળવા જઈ રહ્યો છે. કેબિનેટની બેઠકમાં ચર્ચા વિચારણા બાદ બનાસકાંઠા જિલ્લાના વિભાજન કરીને વાવ-થરાદને નવા જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે. આ જિલ્લાનું મુખ્ય મથક થરાદ રહેશે. હાલના બનાસકાંઠા જિલ્લાના ૧૪ તાલુકામાંથી ૮ તાલુકાઓ - ૪ નગરપાલિકાઓનો નવા બનનારા વાવ-થરાદ જિલ્લામાં સમાવેશ કરાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં ઉત્તર ગુજરાતને ૨૦૨૫ના વર્ષના પ્રથમ દિવસે નવા જિલ્લાની ભેટ રૂપે બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને બે જિલ્લા બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠા જિલ્લાના વિવિધ પદાધિકારીઓ અને પ્રજાજનોની વર્ષો જુની માંગણી સકારાત્મક પ્રતિસાદ સાથે સંતોષતા હાલના બનાસકાંઠા જિલ્લામાંથી નવો વાવ-થરાદ જિલ્લો બનાવવાની જાહેરાત કરી છે. હાલનો બનાસકાંઠા જિલ્લો રાજયમાં તાલુકાઓની સંખ્યાની દ્રષ્ટિએ સૌથી વધુ ૧૪ તાલુકાઓ ધરાવે છે એટલું જ નહી વિસ્તારની દ્રષ્ટિએ પણ બીજા ક્રમનો જિલ્લો છે. મુખ્યમંત્રીએ વસ્તી, વિસ્તાર અને તાલુકાઓનું ભારણ ઘટે અને લોકોને સરકારી સવલતો વધુ સુગમતાથી મળી રહે તે માટે વિશાળ જનહિતમાં આ બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને બે જિલ્લાઓ વાવ-થરાદ અને બનાસકાંઠા નામે બનશે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે બનાસકાંઠા જિલ્લાના વિભાજન બાદ નવા રચાનારા વાવ-થરાદ જિલ્લા અંગેની વિગતો આપતા કહ્યું કે, હાલ આ જિલ્લાના ૧૪ તાલુકાઓમાંથી નવા બનનાર વાવ-થરાદ જિલ્લામાં વાવ, ભાભર, થરાદ, ધાનેરા, સૂઈગામ, લાખણી, દિયોદર અને કાંકરેજ એમ કુલ ૮ તાલુકાઓ તેમજ ભાભર, થરાદ, થરા અને ધાનેરા એમ ચાર નગરપાલિકાઓનો સમાવેશ થશે. બનાસકાંઠા જિલ્લામાં બાકીના ૬ તાલુકાઓ પાલનપુર, દાંતા, અમીરગઢ, દાંતીવાડા, વડગામ અને ડીસા એમ કુલ ૬ તાલુકાઓ તેમજ પાલનપુર અને ડીસા એમ બે નગરપાલિકાઓનો સમાવેશ થશે. આ બંને જિલ્લાઓમાં ગામડાઓનું વિભાજન મહદઅંશે સમાન રીતે દરેક જિલ્લામાં ૬૦૦ આસપાસ રહે તેમ તથા વિસ્તાર વાવ-થરાદ જિલ્લામાં ૬૨૫૭ ચો. કિ.મી અને બાનસકાંઠા જિલ્લામાં ૪૪૮૬ ચો. કિ.મી રહે તે પ્રમાણે વિભાજન કરવામાં આવશે તેવા દિશાનિર્દેશ આપ્યા છે. પહેલાં વાવ-થરાદ જિલ્લા બાજુના આઠ તાલુકાઓને મુખ્ય મથક પાલનપુર જવા માટે જે અંતર લાગતું હતું તેમાં સરેરાશ ૩૫ થી ૮૫ જેટલા કિ.મી. અંતરમાં ઘટાડો થશે તથા સમય અને ઈંધણની બચત થશે. વસતી અને વિસ્તારના આધારે વિભાજનની પ્રક્રિયાના કામ, સિમાંકન, સહિતની પ્રક્રિયા જ્યાં સુધી પૂર્ણ નહી થાય ત્યાં સુધી હાલમાં આ જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાશે નહી. આ તમામ વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરવામાં ૯ મહિના જેટલો સમય લાગશે. બનાસકાંઠામાં થરાદ નવો જિલ્લો બનાવવા છેલ્લા ઘણાં વર્ષોથી ગુજરાત સરકારને રજૂઆતો કરાતી હતી. આ રજૂઆતોને પગલે મુખ્યમંત્રીએ જિલ્લા કલેક્ટર મારફતે થરાદ નાયબ કલેક્ટરનો અભિપ્રાય માંગ્યો હતો. થરાદ નાયબ કલેક્ટરે ભૌગોલિક અને સામાજિક દ્રષ્ટિએ થરાદ જિલ્લો બનવાને લાયક હોવાનો રિપોર્ટ ગુજરાત સરકારને મોકલ્યો હતો.

### ૭૦.૧૭ લાખ ચલણની વસૂલી બાકી

## ટ્રાફિક પોલીસે છેલ્લા ૧૦ વર્ષમાં ૯૯.૮૧ લાખ ચલણ જનરેટ કર્યા

**અમદાવાદ ટ્રાફિક પોલીસની કામગીરી જોતા ટ્રાફિક નિયમોનો ભંગ જાણે કે સૌથી વધુ અમદાવાદ શહેરમાં થતો હોય તેવું લાગી રહ્યું છે**

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

અમદાવાદ ટ્રાફિક પોલીસની કામગીરી જોતા ટ્રાફિક નિયમોનો ભંગ જાણે કે સૌથી વધુ અમદાવાદ શહેરમાં થતો હોય તેવું લાગી રહ્યું છે. અમદાવાદ ટ્રાફિક પોલીસે વર્ષ ૨૦૧૫થી સીસીટીવી, સ્પીડ ગન જેવી ટેકનોલોજી મારફતે નિયમો ભંગ કરનાર લોકોને ઈ-ચલણ આપવાની શરૂઆત કરી હતી. જેની આંકડાકીય માહિતી પ્રમાણે અમદાવાદ ટ્રાફિક પોલીસે વર્ષ ૨૦૧૫થી અત્યાર સુધીમાં કુલ ૯૯.૮૧ લાખ ચલણ જનરેટ કર્યા છે. એટલે કે પોલીસે ૪૬૪ કરોડથી વધુનો દંડ વાહનમાલિકોને ફટકાર્યો છે. જો કે તેમાંથી માત્ર ૨૯.૬૩ લાખ ચલણની વસૂલાત ટ્રાફિક પોલીસ કરી શકી છે. જેની રકમ જોવા જઈએ તો માત્ર ૧૧૧ કરોડનો દંડ વસૂલાયો છે. જ્યારે ૭૦.૧૭ લાખ ચલણની ૩૫૨ કરોડની રકમ વસૂલાઇ નથી. શહેર પોલીસ અવાર નવાર આ મામલે ડ્રાઈવ યોજે છે પરંતુ હજુ સુધી તેની કોઈ અસરકારક કામગીરી ન દેખાતા હવે આ મામલે શું કાર્યવાહી કરવામાં આવે છે તે સવાલ છે.

આ મામલે ટ્રાફિક વિભાગના અધિકારીઓએ દાવો કરતા જણાવ્યું છે કે પહેલા કરતા અસરકારક કામગીરી શરૂ કરાઈ છે. અગાઉ ઈ-ચલણનો રિકવરી રેટ ૧૦ ટકા હતો. પરંતુ આ મામલે લોકઅદાલત અને પોલીસની ધોંસ વધતા રિકવરી રેટ વધીને ૧૫ ટકા થયો છે. વર્ષ ૨૦૨૪માં ૧૮.૪૭ લાખ ઈ-ચલણ જનરેટ થયા હતા જેમાંથી ૨.૭૯ લાખ ચલણનો નિકાલ થયો છે. ઈ-ચલણના નિકાલ માટે લોકઅદાલત થકી કામગીરી પણ ચાલી રહી છે. શહેરમાં ગૃહ વિભાગ અને કોર્પોરેશનના પ્રોજેક્ટ અંતર્ગત કેમેરા લગાવવામાં આવ્યા છે. જેમાં CSITMS પ્રોજેક્ટના ૨૫૪ કેમેરા લગાવવામાં આવ્યા છે. ખાનગી કંપનીએ વર્ક ઓર્ડર મેળવ્યા બાદ પણ હજુય પોલીસ અધિકારીઓને મુરખ બનાવવાનો પ્રયાસ કરીને અવનવા બહાના બતાવવામાં આવે છે.

### તેલગી સ્ટેમ્પ કૌભાંડ

## પાંચ આરોપીને સીબીઆઇ કોર્ટે ત્રણ વર્ષની સજા ફટકારી

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

દેશભરમાં રૂ. ૩૦ હજાર કરોડના બનાવટી સ્ટેમ્પ પેપર કૌભાંડમાં સામેલ અબ્દુલ કરીમ તેલગીના પાંચ સાગરિતોને અત્રેની સીબીઆઈ કોર્ટે ૨૦ વર્ષે આ કેસમાં ગુનેગાર ઠરાવીને ત્રણ વર્ષની કેદ અને રૂ. ૫૦ હજારનો દંડ ફટકાર્યો છે. સીબીઆઈના ખાસ જજ એન. એન. પાથરે ફાલ્ગુની બાબુભાઈ પટેલ, કિશોર પુરષોતમભાઈ પટેલ, પ્રશાંત નિગપ્પા પાટીલ, અમઝદલી ઉર્ફે અમઝદભાઈ અને ઝાકીરહુસેન ઉર્ફે મિહિરભાઈનો સમાવેશ થાય છે.સ્ટેમ્પ વિભાગના અધિકારીઓએ ૪થી ૮ ઓક્ટોબર ૨૦૦૧ સુધી સુરત અને અમદાવાદમાં તપાસ કરતા બનાવટી સ્ટેમ્પ પેપરો મળી આવ્યા હતા. આ અંગે ગુનો નોંધાયો હતો. આ પછી તપાસ સીબીઆઈને સોંપાતા ફાલ્ગુની બાબુભાઈ પટેલ, કિશોર પુરષોતમભાઈ પટેલ, પ્રશાંત નિગપ્પા પાટીલ, અમઝદલી ઉર્ફે અમઝદભાઈ અને ઝાકીરહુસેન ઉર્ફે મિહિરભાઈ, અબ્દુલ કરીમ તેલગી સહિત ૧૬ જણા સામે ગુનો નોંધીને ધરપકડ કરીને જેલમાં મોકલી આપ્યા હતા. આ મામલે પાંચ આરોપીઓ સામે કેસ ચાલતા સીબીઆઈના ખાસ એડવોકેટ અતુલ રંજન પ્રકાશ સિંઘએ કેસ પુરવાર કરીને કોર્ટને જણાવ્યું હતું કે, આરોપી સામે ગંભીર ગુનો પુરવાર થયો છે. આવા કિસ્સામાં સમાજમાં દાખલો બેસાડવા આરોપીઓને વધુમાં વધુ સજા ફટકારવી જોઈએ. કોર્ટે પાંચેય આરોપીને ગુનેગાર ઠરાવીને ત્રણ વર્ષની કેદની સજા ફટકારી છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ અબ્દુલ કરીમ તેલગીએ ગુનો કબૂલતા કોર્ટે તેને સજા ફટકારી હતી. આ પછી તેલગીના સાગરિત રાજુ નાયક ઉર્ફે રામચંદ્ર નાયકેએ પણ ગુનો કબૂલી લેતા કોર્ટે ત્રણ વર્ષની સજા ફટકારી હતી. જ્યારે તેલગી અન્ય જેલમાં બીમારીના કારણોસર મૃત્યુ પામ્યો હતો. બોગસ સ્ટેમ્પ પેપર કૌભાંડના દોષી અબ્દુલ કરીમ તેલગીની ૨૦૦૧માં અજમેરથી ધરપકડ કરવામાં આવી હતી ત્યારથી તે જેલમાં હતો. તે ડાયાબિટિસ અને હાઈબ્લડ પ્રેશરની બીમારીથી પીડિત હતો. કોર્ટે તેને બોગસ સ્ટેમ્પ પેપર કૌભાંડમાં ૩૦ વર્ષની જેલની સજા ફટકારી હતી. તેને બેંગલુરુના પારાપ્પા ના અગ્રાહારા સેન્ટ્રલ જેલમાં રાખવામાં આવ્યો હતો. જ્યાં તેની તબિયત ખરાબ થતા હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો.

### સાઉથ કોરિયાની કંપનીના નામે ભળતો ઇમેઇલ કરી દવા કંપની સાથે ૩.૬૯ કરોડની છેતરપિંડી

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

વિરમગામમાં દવા ઉત્પાદન કરતી કંપનીનો પ્લાન્ટ આવેલો છે. આ કંપનીની મુખ્ય ઓફિસ એસજી હાઈવે પર છે. આ દવાની કંપની વિવિધ દવાના ઉત્પાદન માટે સાઉથ કોરિયાની કંપની પાસેથી કાચો માલ ખરીદે છે. થોડા સમય પહેલાં દવાની કંપનીને એક ઈમેઈલ આવ્યો હતો. જેમાં સાઉથ કોરિયાની કંપની તરફથી ઈમેઈલ મોકલાયો હોવાનું કહીને ભળતા આઈડી પરથી બેંક વિગતો બદલવા અંગે જાણ કરાઇ હતી. જેથી અમદાવાદની દવા બનાવતી કંપનીએ તે નવી બેંક વિગતો પ્રમાણે ૪.૪૩ લાખ યુએસ ડોલર એટલેકે ૩.૬૯ કરોડનું પેમેન્ટ કર્યું હતું. પરંતુ તે પેમેન્ટ કોઈ છેતરપિંડી કરતી ગેંગ દ્વારા મેળવી લેવામાં આવ્યું હોવાનું સામે આવતા સાયબર ક્રાઇમ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. બોપલમાં રહેતા ભાવિનભાઈ રાવલ ખાનગી દવા ઉત્પાદન કરતી કંપનીમાં ડેપ્યુટી જનરલ મેનેજર છે. દવા ઉત્પાદન કરતી કંપનીનો વિરમગામ સચાણામાં ગ્લુકોઝની બોટલ અને એન્ટી બાયોટિક દવા ઉત્પાદનનો પ્લાન્ટ છે. દેશમાં ૨૫૦ સ્ટોકિસ્ટો આ કંપનીની દવાનું વેચાણ કરે છે અને કંપની ૫૦થી ૬૦ દેશોમાં દવા એક્સપોર્ટ કરે છે. દવા ઉત્પાદન કરતી કંપની અન્ય દેશોમાંથી કાચો માલ આયાત કરે છે.

### સુરત નજીક મશીનરી ચડાવતી વખતે ક્રેઇન તૂટી પડતાં એકનું મોત

। (એજન્સી) સુરત, તા.૧ ।

સુરતના માંગરોળ તાલુકાના મોલવણ ખાતે મશીનરી ચડાવતી વખતે એક કરૂણ દુઘર્ટના સર્જાઇ હતી. ક્રેઈન જ્યાં જેક ઉપર ત્યાં માટીનું સેટલમેન્ટ થતા મોટી ક્રેઈનનું બેલેન્સ ખોરવાયુ હતું. મોટી ક્રેનનું તોતિંગ વજનનું બૂમ નાની ક્રેન પર પડતાં નાની ક્રેનનો કચ્ચરઘાણ વળી ગયો હતો. આ અકસ્માતમાં નાની ક્રેઈનના યુવાન ઓપરેટરનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. મોલવણ ખાતે ઈન્ડસ્ટ્રીઝમાં સાયલો નામનું વિશાળ મશીન ફિટ કરવા માટે નાની અને મોટી એમ બે ક્રેન ભાડે મગાવવામાં આવી હતી. મશીનરી ચડાવતી વખતે મોટી ક્રેનનું તોતિંગ વજન ધરાવતું બૂમ નાની ક્રેન પર પડતાં નાની ક્રેનનો કચ્ચરઘાણ વળી ગયો હતો. આ દુર્ઘટનામાં ૨૨ વર્ષીય ક્રેન ઓપરેટર શાહીદ પઠાણને ગંભીર ઈજા પહોંચતાં ઘટના સ્થળે જ તેનું મોત નિપજ્યું હતું. સીસીટીવી ફૂટેજમાં સ્પષ્ટપણે જોઇ શકાય છે ક્રેનની મદદ વડે મશીનરીને ખસેડવામાં આવી રહી છે.આ દરમિયાન મોટી ક્રેઈન ઓવરલોડ થતાં તેના જેક માટી ધસવાને કારણે બેલેન્સ ગુમાવ્યું હતું, ત્યારબાદ અચાનક સફેદ કલરની મોટી ક્રેનનું તોતિંગ વજનનું બૂમ નાની ક્રેન પર ધડાકાભેર પડે છે અને નાની ક્રેનનો કચ્ચરખાણ વળી જાય છે. ઘટનાની જાણ થતાં કોસંબા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી.

